લંડન રાજ-રહસ્ય

અથવા

ધી મિસ્ટરીઝ ઓફ ધી કોર્ટ ઓફ લંડન.



રેનોલ્ડસ.

કલા અને સુંદરતા.

મધ્યમ દામ અને સંપુર્ણ સંતોષ.

આ મુદ્રાલેખ પ્રમાણે અમારે ત્યાં તમારા કિમતી આર્ટ પીકચર્સ વોટર કલર પીકચર્સ ઓઇલ પેન્ટીંગસ, ફોટોગ્રાફ્સ, વિગેરે સુંદર મોહક કલાથી હસી રહે તેવી રીતે માઉંટ કટીંગ તથા ફ્રેમીંગ થાય છે વરસોના અનુભવી કસાયલા કારિગરોને હાથે થતું બેનમુન કામ એકવાર જોઇને ખુશ ખુશ થઇ જાઓ.

વળી અમે જુની ફ્રેમો તદન નવી જેવી કરી આપવા સાથે ફરનીચર, બંગલા, મકાન વીગેરેને કાચ ફીટીંગ કામ પણ સંતોષકારક રીતે કરી આપીએ છીએ. ફકત એકજવાર અજમાયશ કરી તમારૂં દીલ બાગબાગ કરી નાખો !

"કીફ્રેમ્સ"—અમારી ખાસ સ્પેશીઆલીટી છે !

ધી મોડર્ન આર્ટ ફ્રેમીંગ વર્કસ.

દુબાશ થીએટરની પાછળ,

ત્રીભોવન રોડ, મુંબઈ નં. ૪.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૧૨૬-૮-૯ · वर्गांक

पुस्तकनुं नाम લંડન રાજરહસ્ય

विषय ૮૧૧૧:૩

લંડન રાજ-રહસ્ય

અથવા

મિસ્ટરીઝ ઑફ ધી કોર્ટ ઑફ લંડન.

(ભાગ ૪ થો.)

મુળ લેખક

સ્વર્ગસ્થ મી૦ જ્યોર્જ વીલીયમ રેનોલ્ડ્સ

અનુવાદક

સાકરલાલ મગનલાલ કાપડિયા.

૧૭, કુંભારટુકડા, મુંબઈ.

મુદ્રક અને પ્રકાશક:

હરિલાલ વલ્લભદાસ બ્રહ્મક્ષત્રી.

શ્રી હરિ-હર પ્રિન્ટીંગ પ્રેસ.

૯૮, હોળી ચકલા, કોટ, મુંબઈ.

આવૃત્તિ પહેલી. (સર્વ હક્ક સ્વાધીન.) સને ૧૯૨૬.

કિંમત રૂ. ૦-૧૪-૦.

ગુજરાત ... સભા
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ સંગ્રહ
૧૨૫૫૮
૮૨૨૨:૩

અનુક્રમણિકા.

લંડન રાજ-રહસ્ય.

અથવા

મિસ્ટરીઝ ઓફ ધી કોર્ટ ઓફ લંડન,

(ભાગ ૪ થો.)

પ્રકરણ ૫૦ મું.

માશુક કે દુશ્મન?

આર્થર ઇટન ગયા પછી લીંડલી ગાઢ ચિંતામાં પડી. તે એટલી બધી ડરી ગઇ હતી કે ઇટન સાથે તેણે કરેલી નીચતા અને તેની ઉદારતાનો વિચાર કરી ખરેખર પસ્તાવા લાગી. આર્થરની જગ્યાએ બીજો કોઇ હોત તો તેને ખૂન કરવાની કોશેષ માટે જરૂર ન્યુગેટ જેલમાં ચાંચડ મારવા મોકલી આપત. પણ આર્થરે તેને માફી બક્ષી. બુઢ્ઢી પર થોડીવાર તેની જરા અસર થઇ પણ પછી પત્થર પર પાણી! દોરડી બળે પણ વળ ન છોડે એ કહેવત ખોટી નથી. થોડીજ વારમાં તેના દીલમાંની ભયની લાગણી નષ્ટ થઇ ગઇ અને તે હતી તેવી થઇ ગઇ.

એક ગ્લાસ તેજ શરાબ પી તે ટટાર થઇ અને બાર પાપ કરી ભેગી કરેલું દ્રવ્ય જોવા પોતાની ખાનગી ખોલીમા ગઇ. ત્યાં ગીનીઓની થેલી જોઇ તે મલકાઇ. આર્થરનો તેને કશો ભય હવે રહ્યો નહોતો. પૈસા! પૈસા! દુનિયામાં પૈસા માટે મનુષ્ય શયતાન થઇ જાય છે તેનો લીડલી જીવતો નમુનો હતી!

સાંજ પડી. લીંડલીએ દીવો સળગાવ્યો ને થોડીવારે કોઇએ જોરથી બારણા ખખડાવ્યા, લીંડલીએ દ્વાર ખોલ્યા કે તરત સારાં વસ્ત્રોમાં સજ થયલી એક સ્ત્રી ચુપચુપ અંદર ચાલી આવી. તેના

મ્હોપર કાળો બુરખો હતો. અંદર જતાં તેણે બુરખો કાઢી નાખ્યો ને લીંડલીની નજરે ફરનાન્ડા પડી. તેનો ચહેરો સૂકાઇ ગયો હતો પણ તેની આંખો ભયંકર બની ગઇ હતી. તે બ્હારની ઠંડી હવામાંથી આવેલી હોવાથી સગડી પાસે જરા ગરમ થઇ બોલી: "હું આટલી જલદી આવીશ એમ તમે ધાર્યું ન્હોતું ખરું?"

"નહિ. પણ જોસથી દરવાજા ખખડતાં તમેજ આવ્યાં હશો એમ હું સમજી ગઇ હતી. હવે મારું શું કામ છે?"

"કહું છું. હું આર્થરને જોઇ આવી. તે તદ્દન સાજો થઇ ગયો છે. ડડલીએ આપણને ભયંકર દગો દીધો." ફરનાન્ડા દાંત કચકચાવતી બોલી.

"શી રીતે? કાલેજ તેણે ચીઠી લખી હતી કે મી૦ આર્થર ધીમે ધીમે સારા થતા જાય છે. જો તે દગાબાજ હોત તો એવી વાત શા માટે લખત?" દાયાએ દલીલ કરી.

"મારી વાત બરાબર સાભળી લો. કાલે જ્યારે તમને ખબર મળી કે ડડલી રોજ પાણીમાં ઝેર મેળવી આર્થરના પલંગ પાસે પાણીનું પ્યાલું મૂકતો હતો છતાં તેની તબીયત બગડવાને બદલે સુધરતી જાય છે ત્યારે મેં તમને પૂછ્યુ હતું કે શું થોડાક દિવસ ચાલુ ઝેર ખાવાથી એ ઝેર માણસને પચી જાય છે? તમે આ સવાલનો જવાબ નકારમાં આપ્યો અને ઉલટુ એમ કહ્યું કે એ ઝેર કદિ પણ મંદ પડતું નથી. તો પછી ધટન સારો કેમ જણાય છે? મને એના ત્રણ કારણો જણાયા એક તો આર્થરનો મોતનો દહાડો નજીક આવ્યો છે તેથી મોતને લીધે તેની આંખોમાં તેજ આવ્યું છે. ડડલી એ વાત ન સમજે એ બનવા જોગ છે. બીજી વાત એ હતી કે આર્થરને કોઇપણ રીતે રોગનું મૂળ ઝેર હોવાની ખબર પડી હોવી જોઇએ અને તેણે ગમે તે રીતે તેનો ઉતાર મેળવ્યો હોવો જોઇએ જો તેમ ન હોય તો ડડલી તેને ઝેર આપતોજ ન હોવો જોઇએ." ફરનાન્ડાએ તેના તર્કો જણાવ્યા.

"મને છેલ્લી વાત પર વિશ્વાસ નથી. બાકીની બે કલ્પના સાચી હોય એ બનવા જોગ છે." લીંડલી બોલી.

૩

"મને ત્રણે વાતનો શક હતો તેથી મેં વિચાર કર્યો કે લોડ માર્ચમોંટના મહેલની પાસે જગ્યા ભાડે લઈ આર્થરને નજરો નજર જોઉં અને ડડલીને બોલાવી ધમકાવું! આવા વિચારથી હું કાલે ચાલી ગઇ હતી. કાલની રાત મે એ નવા ભાડાના ઘરમાં ગાળી હતી. આજે સ્હવારે બરાબર મ્હોં ઢાંકી હું હેનોવર સ્કવેરમાં ગઇ અને ત્યાં બીજા પહોર સુધી ઘૂમતી રહી. થોડીવારમાં ત્યાંથી ઇટન નીકળ્યો. તેણે મને ન જોઇ પણ મે તેને બરાબર જોઇ લીધો. શુ કહુ લીંડલી! તે ખરેખર સાજો થઇ ગયો છે. તેનો ચહેરો બદલાઇ ગયો છે તેની આંખોનું તેજ મોતની નીશાની નથી પણ આરોગ્યની સ્વભાવિક જ્યોતિ છે. હવે ચાલતી વખતે તેના પગ લથડતા નથી. આ પરથી મારી પહેલી કલ્પના ખોટી હોવાની ખાત્રી થઇ. ત્યારે શું આર્થરને ઝેરનો ઉતાર મળ્યો હશે? નહિ. જો તેમ હોય તો તેને મારા પરજ શક જાત અને તે મને કયારની જેલની હવા ખાવા મોકલી આપત. આ બંને કલ્પના ખોટી ઠરવાથી હવે એમજ પૂરવાર થાય છે કે ડડલી ડરી ગયો હશે અને તેણે ઝેર આપ્યુજ નહિ હોય."

"મેં તમારી વાત સાંભળી હવે થોડીક મારી વાત સાંભળી લો આજે સ્હવારે ઓનરેબલ મી૦ આર્થર ઇટન અહિં આવ્યા હતા." હાયાએ ભરમ ખોલ્યો.

"અહિં? શા માટે?" ફરનાન્ડા અજબ થઇ બોલી.

"તેમને બધી ખબર પડી ગઇ છે અને મને તેમણે માફી બક્ષી છે. તેમને ઝેર અને ઝેરના ઉતાર બંનેની ખબર છે. ડડલીએ તમને દગો દીધો નથી."

"તું શું બકે છે? તારી વાત હુ માની શકતી નથી."

"હું સાચુ કહું છું. એ કામે તમારા કાકા પાસે ગયા હતા અને કંઇ કામ માટે તમને મળવા અહિં આવ્યા હતા."

"જહન્નમમાં જાય એ! મને હવે એની તલભાર પણ પરવા નથી. હું તો એનાપર વેર લેવાને તલપી રહી છું. વેર લીધા શિવાય મારૂં કલેજું ઠંડું થવાનું નથી. એને ઝેરના ઉતારની ખબર શી રીતે પડી?"

"તે દિવસે એ કાઉન્ટેસ ઓફ ડેસબરો સાથે આહં આવ્યા હતા ત્યારે મારા કબાટમાંથી તેમને ઝેર અને ઝેરના ઉતારના કાગળીઆ મળી ગયા હતા. ડાકટરને પૂછી તેમણે પોતાની દવા કરાવી હશે. તમારે માટેજ એમણે મને છોડી દીધી એમનો તમારાપર અનહદ પ્રેમ છે." દાયા ફરનાન્ડાનું દીલ પીગળાવવા લાગી.

"મને એના પ્રેમની દરકાર નથી. હું એની મારીની પણ મને પરવા નથી. હું કદિ પણ એનો દગો ભૂલવાની નથી." લાલ ચોળ આંખ કરી ફરનાન્ડા બોલી અને જવાને તૈયાર થઇ.

"ફરનાન્ડા ! જરા શાંતિથી વિચાર કર. વેર લેવાની ધુનમાં તું કંઇ કરી બેસશે તો હું ને તું બન્ને માર્યાં જઇશું."

"મને કોઇ વાતનો ડર નથી. હું બધુ કામ ચોકસાઇથી કરીશ. વિલીયમ ડડલી વિશ્વાસુ માણસ છે. એને હજુ હાથમાં રાખવો પડશે." એમ કહી તેણે લીંડલીની સામે એક ગીનીની થેલી મૂકી કહ્યું: "આ લે અને મને એક ભયંકર તેજની શીશી આપ. ઝેર તો એવુ કે એક બુંદ પેટમાં જતાં પ્રાણ નીકળી જાય"

"ધીમે ધીમે ! દિવાલોને પણ કાન હોય છે. મીસ એમર ! તમારી સાથે તમે મારૂ પણ સત્યાનાશ વાળશો."

"તારી મરજી ન હોય તો ના કહે, આનાથી અરધી રકમમાં કોઇ પણ ડાકટર મને જોઇતી ચીજ ખુશીથી આપશે." ગીનીની થેલી હાથમાં લઇ ફરનાન્ડા બોલી.

"બેસો, આપુ છું." ધનની લાલચ દાયા ટાળી ન શકી.

"જલદી લાવ."

લીંડલી તરત ઉભી થઇ અને પોતાની ખાનગી ખોલીમાં જઇ એક શીશી લઇ થોડી પળમાં પાછી આવી.

"આ ઝેર કાતિલ છે ?" ફરનાન્ડાએ પૂછ્યું.

"ઉંઘતા માણસના મ્હોમાં બે ત્રણ ટીપાં નાખશો તો તે ફરી ઉઠશેજ નહિ." લીંડલીએ જવાબ આપ્યો.

"મને બનાવતી તો નથીને ?"

"તમારા સમ નહિ." લીંડલી બોલી.

"ઠીક. હમણાંજ જોઉ છું." કહી ફરનાન્ડાએ લીંડલીની બીલાડીને પકડી લીધી. હમેશની ક્રુર દાયા એ જોઇ દયામણું મ્હો કરી બોલી: "ફરનાન્ડા ! એને છોડી દે."

"ચુપ બેસ; નહિ તો મકાનના બધા માણસોને આ વાતની ખબર પડશે." ફરનાન્ડા દમામથી બોલી લીંડલી નિરાશ થઇ બેઠી. ફરનાન્ડાએ બીલાડીનું મ્હો પહોળું કરી પેલી શીશીમાંથી બે ત્રણ ટીપાં નાખી દીધા ને પછી બીલાડીને છોડી દીધી. બીજીજ પળે બીલાડી જમીન પર તુટી પડી અને આખી ઓરડીમાં બદામ જેવી તીવ્ર વાસ ફેલાઇ ગઇ.

"બિચારીનો નાહક જાન લીધો." જેમ તેમ ગુસ્સો દાબી લીંડલી બોલી.

"ઠીક. હવે હું જાઉ છુ." બીલાડીની લાશ જોઇ મલકાતી ફરનાન્ડા બોલી.

"તમારી સખી કેરોલાઇનને તો મળતાં જાઓ."

"નહિ. હમણાં ફુરસદ નથી." કહી ફરનાન્ડા વિદાય થઇ.

તે ગયા પછી લીંડલીને પોતાની પ્યારી બીલાડીના મરણ માટે અત્યંત શોક થયો. જે બદમાસ બાઇ મનુષ્યોને ઝેર આપતા ડરતી ન્હોતી, તરતના જન્મેલાં બચ્ચાંને ટેમ્સ નદીમાં ફેંકી દેતાં જેનુ રૂંવું ફરકતું ન્હોતું તે બીલાડીના મરણથી રડવા લાગી. તેણે અત્યંત લાગણીથી બીલાડીની લાશ ઉપાડી અને ભોંયતળીએ જઇ પોતાને હાથે ખાડો ખોદી તે લાશ દફનાવી દીધી. આવા વિચિત્ર માણસો દુનિયામાં હોય છે. તેમને મનુષ્યો પ્યારા હોતા નથી પણ પશુઓ માટે તેમના દિલમાં લાગણી હોય છે. ફીલ્ડ માર્શલ પ્રીન્સ આલ્બર્ટ નામના એક શુરવીર લડવૈયાએ પોતાના માનીતા કુતરાને "વીંડસર પેલેસ"ના કમ્પાઉન્ડમાં ખ્રીસ્તી ધર્મ પ્રમાણે દફનાવવાનો બનાવ ઇતિહાસમાં નોંધાયલો છે.

બીલાડીને દફનાવી લીંડલી ફરનાન્ડાના ઝેરીલા સ્વભાવપર વિચાર કરવા લાગી તેને લાગ્યું કે આ કાળી નાગણ આર્થરનો જાન લીધા

વિના રહેવાની નથી ને જો આર્થર ઝેરથી મરણ પામશે તો પોલીસની તપાસમાં પોતે પણ પકડાઇ જશે. આ પરથી તેણે આર્થરને આ બીનાથી ચેતાવવાનો વિચાર કર્યો પણ જો એ પત્ર કોઇ બીજાના હાથમાં જાય તો?

"નાહ. હું જાતેજ જાઇશ. પણ ત્યાં ડડલી મળ્યો તો? જો તેને શક જશે ને તે ધનની લાલચે ફરનાન્ડાને કહી દેશે તો?" ફરી તે મુઝાઇ. આખરે તેણે નીચલી ચીઠી લખી:

ઓનરેબલ મી૦ આર્થર ઇટન જોગ–

સાહેબ, અત્યત અગત્યની વાત કરવા માટે હું તમારા મહેલ પાસે એક ગાડીમાં બેઠી છું. તરત મળવાની કૃપા કરશો.

લી.

ફ્રેર સ્ટ્રીટની દાયા.

આ પત્ર કવરમાં નાખી તેણે ઉપર "ખાનગી" શબ્દ લખ્યો. પછી પોતે કપડા પહેરી બ્હાર નીકળી અને એક ગાડી ભાડે કરી હેનોવર સ્ટ્રીટમાં ગઇ લોર્ડ માર્ચમોંટના મકાનની બાજુમાં ગાડી જઇ પુગતાં તેણે ગાડીવાળા મારફતે પેલો પત્ર આર્થર પર મોકલ્યો. ગાડીવાળો નોકરને પત્ર આપી પાછો આવ્યો અને લીંડલી આર્થરની રાહ જોવા લાગી

"એ ઘરમા હોય તો સારૂં; નહિ તો એ રાંડ કદાચ આજેજ એનો જાન લેશે." તે બબડી.

થોડીવારમાં તેનો ભય નાબુદ થયો. આર્થર ગાડી તરફ આવતો જણાયો. લીંડલીની આંખો ખુશાલીથી ચમકી.

"શું છે? આર્થર ગાડી પાસે જઇ લીંડલીને જોઇ બોલ્યો.

"સાહેબ! આજે સાંજે ફરનાન્ડા મારી પાસે આવી હતી. તે તમારાપર વેર લેવા માગે છે. ખુન કરતાં પણ તેનું કલેજું કપવાનું નથી. તેની પાસે એવું કાતિલ ઝેર છે કે જેનાં ફકત બે ટીપાં માણસનો જાન લઇ લે. હું તમને એ માટે ચેતાવવા આવી છું." મીસીસ લીંડલીએ ધીમા પણ ગંભીર અવાજે કહ્યું.

"તમારો આભાર!" કહી આર્થરે લીંડલીના હાથમાં થોડીક ગીની મુકી અને પોતે ફરનાન્ડાની વૈરવૃતિ માટે દિલગીર થતો મહેલમાં ગયો તેને આ માશુક હવે કહી દુશ્મન થવાની ખાત્રી થઇ ગઇ.

પ્રકરણ ૫૧ મું.

ઝેર આપનારો નોકર.

અરધી રાતનો વખત હતો. લૉર્ડ માર્ચમોન્ટના ભવનમાં શૂનકાર વ્યાપી ગયો હતો. એ સમયે ઉપલા એક માળ પરના કોઇ ઓરડાના બારણા ખખડયા અને એક માણસ હાથમાં બતી લઇ બ્હાર નીકળ્યો. ફાનસનો પ્રકાશ તેના મ્હોપર પડતો હતો તે પરથી જણાતું હતું કે તે આર્થરનો નોકર ડડલી હતો. તેની ગાલ પરની રતાશ ઉડી ગઇ હતી ચહેરો ફીકકો પડી ગયો હતો. આંખોમાથી કુદરતી નમ્રતા અને ગરીબી નાસી ગઇ હતી. અને તેની જગ્યાએ ભયની લાગણી જણાતી હતી. ટુંકમાં તેના દેખાવ પરથી તે અત્યંત ગભરાઇ ગયલો જણાતો હતો.

પોતાનો પડછાયો જોઇને પણ ડડલી ડરતો હતો. જાણે તેની પાછળ ભુત પડયું હોયની એમ તે થરથરી રહયો હતો. ડગલાં ભરતાં તે અચાનક અટકી જતો અને જરાવાર થોભી, કઇ વિચાર કરી આગળ વધતો હતો. એક બાજુ ધન મેળવવાની લાલસા હતી. બીજી બાજુ પકડાઇ જવાનો ભય હતો. લોભ અને ભયની લાગણી વચ્ચે તે ઝોલા ખાતો હતો, આવી વખતે લોભની સત્તા બહુ વધી જાય છે. ડડલીએ આર્થરના જાન કરતાં ફરનાન્ડાના સોનાના સીક્કાની વધારે કિમ્મત આંકી હતી. તે આ ભયંકર રાતે આર્થરની જીંદગી ખતમ કરવામાં ફરનાન્ડાને સહાય કરવાને તૈયાર થયો હતો.

અંતે તે દાદર ઉતરવા લાગ્યો. તેના પગલાંનો દાદર પર અવાજ થતાં તે ચોંકી જતો હતો. અને બેબાકળો થઇ આમ તેમ જોવા લાગતો હતો ફરી હિમ્મત એકઠી કરી તે બે પગથીયાં ઉતરતો ને પાછો ગભરાઇ જતો. અંતે તે જેમ તેમ દાદર ઉતર્યો અને એક બાજુએ ફાનસ મૂકી જરાપણ અવાજ કર્યા વિના તેણે દરવાજો ઉઘાડયો. દરવાજો ઉઘડતાંજ બુરખાવાળી એક સ્ત્રી અંદર ધુસી આવી. ડડલીએ તરત દ્વાર બંધ કરી લીધાં અને ભારી ગભરાટ સાથે તેણે પેલી સ્ત્રીને પૂછયું "તમને કોઇએ જોયાં તો નથીને ?"

"નહિ. ડર ના. બાયલાની પેઠે ધ્રુજે છે શાનો ?"

"મિસ ! સાચી વાત કહું ? હું નાનો હતો ત્યારે મારા પિતા મને હમેશા કહ્યા કરતા કે ઇશ્વર સર્વ જુએ છે અત્યારે મને લાગે છે કે ખુદા મારાપર ગુસ્સાભરી નજરે જોઇ રહ્યો છે."

ડડલીની વાત સાંભળી ફરનાન્ડા જરા ગભરાઇ પણ તરતજ શાંત થઇ અને તેના હાથમાં સીકકાની થેલી મૂકી બોલીઃ "જો આજે મારૂં કામ પાર પડશે તો કાલે હું તને મેં કહ્યું છે તેથી બમણું ઇનામ આપીશ."

ડડલી કંઇ ન બોલ્યો તે ચુપચુપ હાથમાં ફાનસ લઇ, ફરનાન્ડાની સાથે દાદર ચઢવા લાગ્યો. ધનના લોભમાં તે ધર્મ ભૂલી ગયો હતો. તે જાણતો હતો કે પ્રભુ તેનું પાપી કામ જોઇ રહ્યો છે પણ તે આ પળે સોનાના સીકકાની થેલી ગજવામાં મૂકીને પ્રભુને ભૂલી ગયો હતો. જો તે નાસ્તિક હોત તો આવું કામ કરતાં પ્રભુનો ભય ન રાખત. પણ ડડલી આસ્તિક હતો. તે ધર્મ અધર્મ અને સ્વર્ગ નર્કમાં શ્રધ્ધા રાખતો હતો. છતાં લક્ષ્મીના તેજસ્વી પ્રકાશમા તે અંધ બની ગયો હતો.

થોડી વારમાં બન્ને આર્થર ઇટનના શયનાગાર નજીક જઇ પહોંચ્યાં. આર્થરના નીમકહરામ નોકરે ધીમે ધીમે બારણું ખોલ્યાં ને તે ફરનાન્ડા સાથે અંદર દાખલ થયો. ઇટન આંખ બંધ કરી, પગ પહોળા કરી એવી રીતે સુતો કે જાણે ગાઢ નીદ્રામાં પડયો હોય ! તેના પલગની બાજુમાં ટેબલપર બત્તી સળગતી હતી. એક ખુલ્લું પુસ્તક પણ ટેબલ પર પડયું હતું એટલે આર્થર વાંચતો વાંચતો સુઇ ગયો હોય એમ લાગતું હતું. ઓરડામાં સંપૂર્ણ નિરવતા છવાઇ હતી ફકત આર્થરના શ્વાસોશ્વાસનો અવાજ સભળાતો હતો આર્થર જાગી ન જાય એવી આશંકાથી બન્ને પાપીઓ થોડી પળ શ્વાસ રૂંધીને ઉભાં રહ્યા. અંતે ફરનાન્ડા જીવ પર આવી. તેણે મ્હો પરથી બુરખો હટાવી નાખ્યો અને ગાઉનમાં છૂપાવેલી કાતિલ ઝેરની શીશી બ્હાર કાઢી તે બીલાડી જેવાં ડગલાં ભરતી આર્થરના પલંગ તરફ ગઇ. તે પલંગથી એકજ ડગલું દુર હતુ કે તરત આર્થર સ્ફુર્તિથી પલંગમાં બેઠો થઇ ગયો અને સત્તાદર્શક સ્વરે બોલ્યોઃ "ફરનાન્ડા ! ડડલી ! જો નાસી જવાની કોશીષ કરશો તો નાહક માર્યા જશો."

ડડલીના હોસ કોસ ઉડી ગયા. તે બેફામ જેવો થઇ ગયો અને દોડતો દોડતો આર્થર પાસે જઇ રોતો રોતો તેને પગે પડયો. ભય અને અનુતાપથી તેનું મ્હો પીળું પડી ગયું. ફરનાન્ડા જ્યાં હતી ત્યાંજ સંગે મરમરની પુતળી જેવી સ્તબ્ધ ઉભી રહી અને ફાટી આંખે આર્થર તરફ ટીકી રહી. તે તંદ્રાવસ્થામાં હતી. આર્થર જાગ્રી ગયો છે ને તેની બધી બાજી ધૂળમાં મળી છે એ વાત હજુ તેના મગજમાં ઉતરતી ન્હોતી.

"ઉઠ પાજી! નીમકહરામ!" આર્થર ગુસ્સાથી ડડલીનો હાથ જોસથી પકડી બોલ્યો: "મારી વાત સાંભળી લે. ફરનાન્ડા! તું પણ સાવધ થઇ મારી વાત સાંભળ"

"અને હું એક પળ અહિં ન ઉભી રહુ તો?" ક્રોધ, નિરાશા અને ભયની મિશ્રિત લાગણીથી ફરનાન્ડા રૂઆબ બતાવતી બોલી.

"તો હું ઘંટી બજાવી નોકરોને બોલાવી તને ગીરફતાર કરાવીશ. પછી તારા નસિબમાં લખ્યું હોય તે થશે." આર્થરે તરત જવાબ આપ્યો.

"જો હું ઉભી રહું તો?"

"તો હું તને માફ કરીશ." જરા ઠંડો પડી મુલાયમ સ્વરે આર્થર બોલ્યો.

"તમારી વાત સાંભળવાને હુ થોભું છું પણ તમારી ક્ષમાને ઠોકરે મારૂં છું."

"ખુરશી પર બેસી જા.

ફરનાન્ડા થાકી ગઇ હતી. તે ખુરશી પર ચુપચુપ બેસી ગઈ. ડડલી પણ આ વખતે આર્થરના પગ આગળથી ખસી જઇ ઉભો થઇ ગયો હતો.

"હવે તમારી ખાત્રી થઇ હશે કે તમારો બન્નેનો ગુન્હો હું જાણી ગયો છું. કર્મ સંજોગે એક દિવસ ઝેરના ઉતારની બનાવટ મને મળી ગઇ હતી. મેં ડોકટરને બતાવી તે દવા તૈયાર કરાવી. આજે એ વાતને સોળ દિવસ થયા. પ્રભુની કૃપાથી હું મોતના જડબાંમાંથી બચી ગયો છું પણ ડડલી! તુ મહા નીચ અને પાપી છે. મને સાજો થતો જોવા છતાં તું રોજ મારા પાણીમાં ઝેર મેળવતો રહયો હતો. રોજ તું પાણીનો કુજો ખાલી જોઇને એમ સમજ્યો હશે કે

હુ ઝેરવાળું પાણી પી જાઉં છું. પણ નહિ. જ્યારથી મને તારી દગાબાજીની ખબર પડી ત્યારથી મેં કુજામાંથી એક ટીપું પાણી પણ પીધું નથી. હું બધું જાણતો હતો પણ જાણી જોઇને ચૂપ રહ્યો હતો. છેલ્લા સોળ દિવસમાં મે તને એક શબ્દ કહ્યો નથી તેમ તને પૉલિસને હવાલે કરવાની કોશેષ પણ કરી નથી આ સાંભળીને તમે બન્ને તાજુબ થાઓછો ખરૂં ? મારી ચુપકીદીનું કારણ જાણો છો ? ડડલી ! તે આ સ્ત્રીને ખૂન કરવામાં મદદ કરી હતી એટલે તું એનો હેતુ પણ જાણતો હશે. મેં ફરનાન્ડાને ફસાવી હતી. અને ગર્ભવતી દશામાં એને તજી દીધી હતી. મારો એ ઘોર અપરાધ હતો એ વિશ્વાસઘાતનુ પાપ નષ્ટ કરવાની હુ કોશેષ કરતો નથી. હું જાણું છું કે એ પાપ મને જીંદગી ભર ડંખ્યા કરશે. પણ હું મારાથી બને તેટલું પ્રાયશ્ચીત કરવા માગતો હતો અને જે સ્ત્રીને મેં દગો દીધો હતો તેને યા તેના પાપના ભાગીદારને જેલમાં મોકલવા ચાહતો ન્હોતો તેથીજ હુ ચૂપ રહ્યો હતો. ડડલી ! જો હું તને અને ફોર સ્રીટવાળી પેલી નીચ દાયાને પોલીસને હવાલે કરી દેત તો મિસ એમર પણ બચી શકત નહિ. ફરનાન્ડા ! તારે ખાતર મેં મારા પિતાને પણ આ નીચ કાવત્રાની ખબર આપી નથી ને તારા કાકા કાકી પણ કંઇ જાણુતા નથી.” આર્થરે લાગણી પૂર્વક આ વાત કરી પણ ફરનાન્ડા કંઇ બોલી નહિ તે લક્ષ પૂર્વક તેની વાત સાંભળી રહે છે એટલુ બતાવવા માટે તેણે ફકત ડોકું હલાવ્યુ.

“ડડલી !” એ ત્રણ મિનિટ પછી આર્થર પાછો બોલવા લાગ્યો: “તારા ગુન્હાની ખબર પડતાંજ મેં તને નોકરીમાંથી કેમ બરતરફ ન કર્યો તે જાણે છે ? મને રોજ સાજો થતો જોઇને તું અજબ થશે ને તારા પાપ માટે પસ્તાશે એવી મને આશા હતી. પણ નહિ બદમાસ ! તું રોજ મારા પાણીમાં ઝેર મેળવતો રહ્યો હતો અને આજે કેવા નીચ હેતુથી તું આ સ્ત્રીને અહિં લઇ આવ્યો હતો તે હવે છૂપું રહ્યુ નથી.”

“પ્રભુ મને માફ કરો–મારાપર દયા કરો.” ડડલી ફરીથી ધુંટણીએ પડી બે હાથ જોડી અત્યંત દીન સ્વરે બોલ્યો તેની છાતી ભયથી ધડક ધડક થઇ રહી.

૮ મું

"હું કહી ચૂક્યો છું કે હું તને ફસાવવા માગતો નથી. તું બધું જાણે છે એટલે તારી સામેજ હું બધી વાત કરૂં છું સાંભળ ફરનાન્ડા ! આજે સ્હવારે તને ગમે તે રીતે સમજાવીને મારી સાથે લગ્ન કરવાને તને તૈયાર કરવાના હેતુથી હું તને મળવા માટે લીંડલીને ઘેર ગયો હતો."

આ અસંભવિત વાત સાંભળી ફરનાન્ડા ચોંકી ઉઠી પણ બીજીજ પળે ઉદાસિન થઇ બોલી:

"હવે મોકો જોઇને નકામો જશ ખાટવાની વાત ન કરો."

"હું પ્રભુના કસમ ખાઇને કહુ છું કે ખરેખર હું તારી સાથે લગ્ન કરી તારા પરનુ કલંક દુર કરવા માગતો હતો જો ખાત્રી કરવી હોય તો તારી કાકીને પૂછી જોજે કાલે રાતે મે અર્લ ઓફ ડેસબરો અને કાઉન્ટેસને એ વાત જણાવી હતી." આર્થર ઉત્તેજિત થઇ બોલ્યો.

"ત્યારે તમે તેમને ઝેરને લગતી વાત પણ કરી હશે." બેદરકારીથી ફરનાન્ડા બોલી.

"નહિ ફરનાન્ડા ! મેં એ વિષે એક બોલ પણ તેમને કહ્યો નથી. જો તારા સગાં વ્હાલાંનેજ આ વાત કરવી હોત તો હું તને પોલિસને હવાલેજ ન કરી દેત ? વિચાર કરતાં મને લાગ્યું હતુ કે મે તને પ્રથમ દગો દઇ નિરાશ કરી હતી. મે તારે માથે કલંકની ટીલી ચોઢી હતી તેથી તું ઝેરીલી બને એ સ્વાભાવિક હતુ અને તેટલા માટે મારા પાપનું પ્રાયશ્ચિત કરવા માંટે હુ તારી સાથે લગ્ન કરવા તૈયાર થયો હતો. એજ હેતુથી હું તને મળવાને આજે ફેરસ્ટ્રીટમાં મીસીસ લીંડલીને ઘેર ગયો હતો. હું તને એમ કહેવા માગતો હતો હતો કે હું સાજો થઇ ગયો છું એટલે મોતના ભયથીજ હું તારી સાથે લગ્ન કરવા માગું છું એમ તું કહી શકત નહિ. ગઇ ગુજરી ભુલી જઇ હું તારી સાથે સંસારમાં જોડાવવાની માગણી કરત ને જો તું હા પાડત તો તે મને ઝેર દેવાની કોશેષ કરી હતી એ વાત હુ જાણું છું એ બીના તને પણ કદિ ન કહેત. એ ભેદ હું મારી સાથે કબરમાંજ લઇ જાત. ડાહી ! તને મેં શા માટે બરતરફ ન કર્યો તે હવે સમજયો ને ?"

"પ્રભુ ! તમે દયા સાગર છો. મને ક્ષમા કરો-દયા કરો. હું નરાધમ છું" એમ કહી ડડલી રોવા લાગ્યો.

"ચુપ રહે ઉલ્લુ !" ફરનાન્ડા લાલ આંખ કરી બરાડી.

"એમ ન બોલ ! પ્રભુ કરે ને તારા મનમાં પણ એવીજ પસ્તાવાની લાગણી ઉત્પન્ન થાય." આર્થર બોલ્યો.

"સાંભળો મી૦ આર્થર ઇટન ! મેં તમારી વાત સાંભળી લીધી. હવે તમે મારી વાત સાંભળી લો." ફરનાન્ડા તીવ્ર સ્વરે બોલવા લાગી: "કાળાંતરે પણ તમારા પરનો મારો ધિક્કાર ઓછો થવાનો નથી. હું તમારી કટ્ટામાં કટ્ટો દુશ્મન છું ને છેલ્લા શ્વાસ સુધી હું તમારી દુશ્મનજ રહીશ." આટલું કહી તે ઉભી થઇ. ઇટન ગુપચુપ જોઇ રહ્યો. તે કંઇ બોલ્યો નહિ. ફરનાન્ડા ધીમે ડગલે બ્હાર ચાલી ગઇ. ક્ષણભર આર્થરના શયનગૃહમાં નિરવતા છવાઇ ગઇ. તકીઆને અઢેલી આર્થર ફરનાન્ડાની ચિન્તા કરવા લાગ્યો શરમ અને પશ્ચાતાપની લાગણીથી બળી રહેલો ડડલી પોતાના માલીકના ચરણની પાસે ઉભો હતો.

"ડડલી ! તુ ખરેખર પસ્તાય છે ?" થોડી વાર પછી આર્થરે પૂછ્યું.

"પ્રભુ ! શું કહું ? હું મારી લાગણી શી રીતે વ્યકત કરૂં ?" તેણે રોતા રોતા ગજવામાંથી સોકકાની થેલી બ્હાર કાઢી કહ્યું: "લો, મીસ એમરે આ પૈસા મને આજે આપ્યા હતા અને આ મારી બેંકની ચોપડી ! મીસ એમરે મને અગાઉ જે લાંચ આપી હતી તે મેં બેંકમાં જમા કરાવી હતી."

"ડડલી ! તને સાચો પશ્ચાતાપ થાય છે એવી મારી ખાત્રી થઇ ગઇ છે. આ થેલી હમણાં મારી પાસે રહેવા દે. આ પૈસા કયાં વાપરવા તે હું તને કાલે કહીશ. ગભરાતો ના, હું તારી સાથે સખ્ત થવા માગતો નથી. તને હું માફ કરૂં છું." .

ડડલી આર્થરનો આભાર માનવા ગયો પણ તે એક બોલ પણ બોલી શકયો નહિ. બચ્ચાં પેઠે તે રોઇ પડયો. આર્થરે તેને ટકો પાડયો અને ડડલી ત્યાર પછી પોતાના ઓરડામાં જઇ પ્રભુની બંદગી કરવા લાગ્યો.

પ્રકરણ. ૫૨ મું.

રોઝનો કાગળ,

રાતના નવ વાગવા આવ્યા હતા. ટીમ મીગલ્સ પોતાના દિવાનખાનામાં બેઠો હતો. તેની પાસે તેની માશુક લીટીશીઆ બેઠી હતી. મીગ્લસ રમ પીતો પીતો લીટીશીઆ સાથે ગપ્પાં મારતો હતો. બન્નેની વચ્ચે સગડી બળતી હતી અને તેથી ઓરડામાં ઠંડી પ્રવેશી શકતી ન્હોતી. મીગ્લસના હાથમાં શરાબનું મોટું પ્યાલું હતું જ્યારે તેની સંગીનીના હાથમાં મીઠા શરાબની નાની પ્યાલી હતી. શરાબ પી મીગ્લસ હવાના ચીરૂટ ઉડાવવા લાગ્યો લીટીશીઆએ સ્પેનીશ સીગરેટ પીવા માંડી. લીટીશીઆ જે સીગરેટ પીતી હતી તે એવી જાતની હતી કે જેથી તમાકુની દુર્ગંધ ન આવે ને તેના સુંદર દાંતો પીળા પડી ન જાય! ઓરડામાં રોશની ઝળહળી રહી હતી. સગડીમાંના દેવતા બન્નેના શરીરમાં સ્ફુર્તિ લાવતો હતો. બારીઓપર મોટા જાડા પડદા ટાંગેલા હતા એટલે બ્હારથી ઠંડો પવન અંદર ધુસી શકતો ન્હોતો.

"લીટીશીઆ! આ વખતે વેરન પોતાના ચેલાઓ સાથે પકડાયો છે અને હાલમાં ન્યુગેટ જેલમાં સડે છે" ટીમે ચીરૂટના ધુઆ તરફ નજર કરતાં કરતાં કહ્યું.

"હા. અને એ ભયંકર માણસ હોવાથી તેને જુદી કોટડીમાં પૂર્યો છે."

"આજે સ્હવારના પત્રોપરથી જણાય છે કે તેના હાથપગ ભારી લોખંડી બેડીઓથી જકડી લેવામાં આવ્યા છે. મને એ માણસની દુર્દશા માટે અફસોસ થાય છે. એ જેની સાથે કામ પાડે છે તેની સાથે દગાબાજી કરતો નથી. એનો સાથી બીગ બેગરમેન દગાબાજ છે. હોર્સલી ડાઉનમાં આપણી સાથે એ કેવી નીચતા કરી ગયો હતો તે યાદ છે ને? એ બદમાસ જેલમાં પડવાથી મને આનંદ થાય છે." ટીમે કહ્યું.

"મને પણ તેથી આનંદ થાય છે. પણ આ પેજ કેવો હુશિયાર માણસ છે તેનો તો ખ્યાલ કરો! એક બાજુ એ બદમાસોને એણે પકડાવી દીધા અને તુરત આપણી પાસે અરધી સરટીફીકેટ વેચી ગયો." લીટીશીઆ બોલી. તે ત્રીજા જયોર્જના હન્ના લાઇટફુટ સાથેના લગ્નના સર્ટીફીકેટના અરધા ટુકડાની વાત કરતી હતી.

"હા. એ બહુ ઉતાવળમાં હતો. એણે એલ્સબરી જવાની વાત કરી હતી અને વાતમાં ને વાતમાં સર રીચર્ડ સ્ટેમ્ફર્ડનું નામ પણ દીધું હતું."

"એ ચાલાક લાગે છે. આપણી પાસેથી અરધી સર્ટીફીકેટ માટે હજાર પાઉંડ લઇ ગયો અને હવે બેરોનેટની તીજોરી ખાલી કરવા માગે છે."

"એ બિચારાને માથે પણ કેવી વીતી છે જો એકવાર લોકો એને સ્ત્રીનો ખુની, આગ લગાડનાર અને બેંકમાં ગોટાળો કરનાર દગાબાજ ધારતા હતા. કાલે બો સ્ટ્રીટની પોલીસ કોર્ટમાં સાક્ષીઓએ જે જુબાની આપી હતી તે પરથી એ તદન નિર્દોષ સાબીત થાય છે ને રામસે માર્ટીન ખરા ગુનેહગાર જણાય છે. એ બે બદમાસોએ નકલી ગીનીઓ ચલાવી હતી. વેરન અને બીગ બેગરમેને પેજ અને સર રીચર્ડને એક ભોંયરામાં કેદ કીધા હતા અને ગ્રીગ્સ નામનો બદમાસ તેમના પર નજર રાખતો હતો."

"વળી પેજ પર એજવર રોડની ગલીમાં હુમલો કરી તેની હુંડીઓ ચોરવાનો આરોપ પણ છે."

"હા. આ વખતે મેગ્સમેન અને તેની ટોળી આબાદ ફસી ગઇ છે. એ બધામાંથી બે ત્રણ જણ જરૂર ફાંસીએ લટકશે."

આ વખતે કોઇએ દરવાજો ખખડાવ્યો તે સાંભળી મીગલ્સ બોલ્યો: "અંદર આવો."

બીજી પળે કાળા વસ્ત્રમાં સજ થયલી એક ડોશી અંદર આવી. તેને મીગલ્સે પૂછ્યું: "પીગલબરી! શી ખબર છે?"

"ખબર શું હોય ? માસ્ટર વાસ્યે મી. ઓગડેનની નકલી વાળની વીગ છીનવી લીધી છે તેથી મી. ઓગડેનના ગભરાટનો પાર રહ્યો નથી."

"મી. ઓગડેનની વીગ ?" ટીમ બોલ્યો ને તરતજ ખડખડ હસવા લાગ્યો લીટીશીઆ પણ ખુબ હસવા લાગી.

"વારૂ, માસ્ટર વાસ્યને મારી પાસે મોકલ. હું એને સમજાવીશ."

"એ છોકરો તોફાની છે પણ ચાલાક છે. એને મારતા ના."

"વારૂ, બીજા. કોઇ નવા ભાડૂતો આવ્યા છે ?"

"હા એક મહાત્મા પધાર્યા છે. એમના આગમનથી મારૂં ઘર પાવન થયું આજે સ્હવારે એમણે કીચનમાં આવી મને ને મારી દાસી જેમીનને એવી એવી વાતો કરી હતી કે અમારી આંખમાં આંસું આવી ગયા હતા."

"પીગલબરી ! એ મહાત્મા કોણ છે ?" લીટીશીયાએ પુછ્યું.

"એમ કહે છે કે એ "નવીન પ્રકાશ" નામના ધર્મ મતના ઉપદેશક છે."

"એનું નામ ?"

"રેવરંડ નેથનલ સ્નીકસબી !"

"આખું શહેર છોડી એ મહાત્મા વેસ્ટ એન્ડના ફેશનેબલ લતામાં કેમ આવ્યા છે ?"

"તેની મને ખબર નથી. હું એટલું જાણું છુ કે એની પાસે ખુબ પૈસા છે. એણે ત્રણ મહિનાનું ભાડું અગાઉથી આપ્યું છે. એ મારા મકાનને મંદીર કહે છે. એની સાથે સેલમ નામનો કોઇ દોસ્ત છે આજે સાંજે એક દબદબા ભરી ગાડી હતી તેમાંથી બે શ્રીમંત વૃધ્ધાઓ ઉતરી હતી. મી. સ્નીકસબી તેમને લેવાને નીચે ઉતર્યાં અને બન્નેના ગાલ પર ચુમી લઇ બોલ્યા હતા કે આ શાંતિ ચુંબન (Peace Kiss) છે. પછી ઓરડામાં જઇ તેણે ઘંટી વગાડી મને બોલાવી અને મને બે બાટલી શરાબ તથા બીસ્કીટ

લાવવાનો હુકમ કર્યો. તરતજ એક-સ્ત્રીએ મને એક ગીની આપી. હું શરાબ લઇ પાછી ગઇ ત્યારે બન્ને સ્ત્રીઓ "અમે મહા પાપી છીએ. અમારી મુક્તિનો ઉપાય બતાવો" એમ કહી છાતી માથા કૂટી રોઇ રહી હતી. મેં તેમને જરા આનંદમાં લાવવા માટે પ્યાલીઓ ભરી ને એક સ્ત્રીને આપવા ગઇ તો તે બોલી કે નહિ, હુ એને લાયક નથી. આ સાંભળી મી. સ્નીકસબીએ કહ્યું કે "બ્હેનો! પેટને ખાતર જરા પીલો." તરત તેઓ શરાબ પી ગઇ. પછી ધર્મની ચર્ચા થવા લાગી."

"પાછાં શાંતિ સુબન શરૂ થયાં હતાં?" લીટીશીઆ હસીને બોલી.

"હા. અને હું પાછી ગઇ ત્યારે બન્ને બાટલીઓ ખાલી થઇ ગઇ હતી."

"વારૂ જા."

ડોશી ગઇ ને ટીમ હસીને બોલ્યો: "લીટીશીઆ! આ ધર્મ ગુરૂ ધર્મને નામે શ્રીમંત બુઢ્ઢીઓને ઉલ્લુ બનાવતો લાગે છે. એને એક દિવસ નોતરૂ દઇ અહિં બોલાવીશું."

"હા. હા. ખૂબ મઝા પડશે. ટીમ! હવે હું જાઉં છુ માકિવસ ઓફ બેલોના કાગળો અને પેજ પાસેની સર્ટીફીકેટનો ટુકડો ખરીદવામાં જેટલા પૈસાની જરૂર હતી તે બધા મારા ધણીએ માગતાંવાર કાઢી આપ્યા હતા તેથી આજે હું તેની સાથે વાળુ કરવાનુ વચન આપી આવી છું. એને ખુશી રાખવામાં સાર છે." લીટીશીઆએ કહ્યું.

"થોડીવાર તારી સાથે વાતચીત કરવા શિવાય એ બીજી કંઇ આશા નથી રાખતો?"

"તુ જબરો નટખટ છે." કહી તેણે ટીમના ગાલપર ધીમો તમાચો માર્યો અને તે ટીમને ગુડનાઇટ કરી ચાલી ગઇ.

લીટીશીઆ ગયા પછી ટીમનો નોકર વાસ્ય એક ચીઠી લઇ આવ્યો. આ છોકરો નબળો, સુંદર અને અવિવેકી હતો. પણ તેનુ મગજ ચાલાક હતું. તેની આંખો કાળી અને દાંત

સાફ હતા. તે કુતુહલને ખાતર કંઇકંઇ તોફાન કરતો પણ ટીમ સમક્ષ હંમેશ શાંત થઇ જતો.

"વાસ્ય ! મી૦ ઓગડેનની વીગ તરત આપી દેજે"

"જી"

"જા." કહી મીગલ્સ ચીઠી વાંચવા લાગ્યો:-

"તમે મારી આફતમાં મને જે મદદ કરી હતી તે માટે તમારો ઉપકાર વાળવાની મારામાં તાકાત નથી. મને કામ વિના પડી રહેવું ન ગમવાથી હુ માતાપિતાના મરણને થોડાજ દિવસ થયા છે છતા હું નોકરી કરવા તૈયાર થઇ છું. ઘેર બેસી રહેવાથી માતાપિતાની યાદ મારૂં કલેજું ચીરી નાખતી હતી. મારે નસીબે એક ભલી કપડાવાલીને ત્યાં મને નોકરી મલી ગઇ છે. હડસન એન્ટ મોરલીનું કરજ ચુકવતાં મારી પાસે જે રકમ બચી હતી તે મે બેંક ઓફ ઇંગ્લાંડમાં જમા કરાવી છે. અને હુ હવે મારૂ ગુજરાન નોકરી કરીને કરવા માગુ છું. ફોસ્ટરનું નામ સાંભળી લોકો મને વિચિત્ર પ્રશ્નો પુછે તેટલા માટે મેં મારૂ ખરૂ નામ આપ્યું નથી. મારા જેવી સારા ખાનદાનની સ્ત્રી કપડાંની દુકાને નોકરી રહે એ કદાચ તમને ન ગમે ને તમે મને નોકરી છોડી દેવાને સમજાવવા આવો તેથી હું હમણાં એ દુકાનનુ નામ લખતી નથી. પણ એ નોકરી કેવી છે ને તેમાંથી કેવું ફળ મળે છે તે જાણ્યા પછી તમને જરૂર લખીશ. તમે મને જે મદદ કરી છે તે માટે હું નિરતર તમને આશિષ દઉં છું.

લી.

રોઝ ફોસ્ટર

ચીઠી વાંચી ટીમ વિચાર કરવા લાગ્યો: "રોઝ નિર્દોષ પરી છે ગમે તેમ થશે પણ હું એનો વાંકો વાળ થવા દઇશ નહિ. રોઝ ! તુ જ્યાં હોય ત્યાં સુખી થજે ને કોઇ દુષ્ટ તને ખરાબ કરવા તૈયાર થાય તો તેનુ સત્યાનાશ જજો !"

વાંચનાર ! આ રોઝ કોણ ? પ્રીન્સ ઓફ વેલ્સે એના બાપ

પાસેથી ઉછીની રકમ લીધી હતી અને તે રકમ વખતસર પાછી નહિ મળવાથી રોઝનો બાપ આબરૂ બચાવવાને આપઘાત કરી મરણ પામ્યો હતો. તેના આપઘાતથી તેની પત્ની પણ હૃદય બંધ પડવાથી મરણ પામી હતી અને પ્રીન્સ તરફથી મોડેથી પૈસા આપવા જતા ટીમ રોઝની નિરાધાર હાલત જોઇ બળી ગયો હતો. ટીમ ગમે તેવો સ્વાર્થી હશે પણ તે બદમાસ ન્હોતો. તેનામાં મનુષ્યત્વ હતું. તેણે રોઝને સાચી સલાહ આપી હતી. અને રોઝને કોઇ પણ કાવત્રામાંથી બચાવવાને તે તૈયાર થયો હતો.

આ રોઝ કઇ કપડાની દુકાનમાં ગઇ હતી અને ત્યાં તેના શા હાલ થયા?



પ્રકરણ ૫૩ મું.

ન્યુગેટ જેલ.

સ્હવારે અગીઆરેક વાગ્યા હતા. પોલમેલ સ્ટ્રીટમાં કપડાંની દુકાન રાખી તેમાં કામ કરતી યુવાન લલનાઓની જુવાનીનું લીલાંઉ કરી પોતાનું પાપી પેટ ભરતી મિસીસ ગ્રેસ પોતાની વફાદાર અને અને વિશ્વાસુ દાસી હેરીએટ સાથે આ વખતે ન્યુગેટ જેલની મુલાકાત લેવાને ગઇ હતી. વાંચનારને ખબર છે કે આ બદમાસ દલ્લાલા પ્રિન્સ ઓફ વેલ્સની માશુક હતી. વળી તે પ્રિન્સ તથા બીજા શ્રીમંત અમીર ઉમરાવોને મનપસંદ યુવતીઓ મેળવી આપી તેમની તીજોરી ખાલી કરાવતી હતી. આ નીચ સ્ત્રી હાલમાં ખુન, ચોરી, લુંટફાટ વિગેરે અનેક ભયંકર ગુન્હાઓ માટે પકડાયલા લંડનના નામચીન દાદા મેગ્સમેનની પરણેતર હતી. મેગ્સમેનને તજી દઇ ખાનદાન કપડાંવાળી થઈ જવાને ગ્રેસને વરસો થઇ ગયા હતા અને મેગ્સમેને એને શોધી કાઢી હતી પણ તેણે બેવફા ગ્રેસને ફરીથી પોતાની સાથે રાખી નહોતી ગ્રેસ પાસે તે જરૂર પડે ત્યારે પૈસા ઓકાવી જતો અને ગ્રેસની પ્રિન્સ સાથની ગાઢ મઇત્રીને લીધે તે કાયદાની ચુંગાલમાંથી છટકી જવાની આશા રાખતો. મેગ્સમેન પકડાયા પછી તેની માશુક ગેલોઝવીડો ગ્રેસને મળવા ગઇ હતી અને મેગ્સમેનને જો મીસીસ ગ્રેસ ન છોડાવે તો એ બદમાસ સ્ત્રી ખુની મેગ્સમેનની પરણેતર સ્ત્રી છે અને એવી સ્ત્રીને ઇંગ્લંડનો ભાવી રાજા રાખી બેઠો છે એ પોલ ખોલી દેવાની ધમકી આપી હતી. ગ્રેસ આથી લાચાર થઇ હતી અને મેગ્સમેનને કેદખાનામાંથી નાસી જવાની યુક્તિ બતાવવા માટે તે જેલની મુલાકાતે ગઇ હતી.

જેલનો ફાટક પસાર કરી બન્ને એક અંધારી પરશાળમાં ગઇ. ત્યાં દીવાલોપર અસંખ્ય બેડીઓ ટાંગી હતી. પહેરેગીરે મીસીસ ગ્રેસના આગમનનું કારણ પૂછતાં ગ્રેસે તેને માજીસ્ટ્રેટનો પત્ર આપ્યો. તેમાં આ બાઇને જેલ બતાવવાની પરવાનગી આપવામાં આવી હતી. નજીકની બેંચપર એક જાડો, બેડોળ અને લાંબો આદમી સૂતો હતો. માજીસ્ટ્રેટનો પત્ર અને ગ્રેસનો હદેરો જોઇ પહેરેગીર એકદમ પેલા

સુતેલા માણુસ પાસે દોડી ગયો અને તેને ઢંઢોળીને બોલ્યો: "ઉઠો. એ બાનુઓ જેલ જોવા આવ્યા છે. હજી રાતના દારૂની ખુમારી નથી ઉતરી ?"

"ચુપ રહે !" આંખ ખોલી સેપર–જેલનો અધિકારી–ઉઠયો. "હજુ સુધી દારૂનો નીશો શાનો ? બાનુઓ ! પધારો–" છેલ્લા શબ્દો તેણે બ્રેસ તરફ જોઇ તેને નમન કરી ઉચ્ચાર્યા અને તે ચાવી લઇ આગળ વધ્યો. એક બીજી મોટી અંધારી પરશાળમાંથી બધાં એક થોડીક ઉંચાઇ પર આવેલા ઓરડામાં ગયાં. તેની ચારે બાજુએ એક દરવાજો હતો દરવાજામાંથી દાદર નજરે પડતો હતો. એ દાદર પરથી એક નાના દેવળમાં જવાતું હતુ અને એ દેવળ કેદીઓ માટે બનાવવામાં આવ્યું હતુ. દેવળ ઉંચું, સાંકડું અને અંધારૂં હતું. ન્યુગેટ જેલ જેવી ભયંકર જેલને લાયકજ આ પ્રભુ પ્રાર્થનાનું મંદિર પણ હતું. તેની પ્રાર્થના વેદી અને બેસવાની બેંચો કાળા લાકડાની બનાવેલી હતી. દેવળમાં ભયાનક અધકાર અને નિરવતા છવાઈ હતી. જે સમયની વારતા અમે વાંચનારની સેવામાં રજુ કરીએ છીએ તે સમયે આ દેવળની મધ્યમાં એક ગોળ ચબુતરો હતો. જે હતભાગીઓને ફાંસીની સજા થતી તેઓ આ ચબુતરા પર બેસી ખ્રીસ્તી ધર્મગુરૂનો છેવટનો ઉપદેશ સાંભળતા હતા.

"જુઓ, જેલનો અમલદાર સેપર બોલ્યો: "આ ગેલરી પર સ્ત્રીઓ બેસે છે ને અહિ મરદો બેસે છે. ફકત ઇજ્જત જાળવવા માટેજ બન્નેને અલગ બેસાડવામાં આવે છે. આ ગોળ ચબુતરા પર ફાંસીની સજા પામેલા ગુન્હેગારોને ઉપદેશ દેવામાં આવે છે જે રવી- વારે ફાસી જનારા ગુન્હેગારની છેવટની બંદગી થાય છે તે દિને વેસ્ટ એન્ડના અનેક શ્રીમંત સ્ત્રી પુરૂષો અહિં આવે છે. શહેરના અમલદારો પણ આવે છે, એ લોકો માટે એ એક જાતનો તમાશો છે. અને તે જોઇ મને લાગે છે કે આ દેશના શ્રીમંતો અત્યંત નિષ્ઠુર અને દયાહીન છે."

સેપરની આ ટીકાનો મિસીસ બ્રેસે કંઇ જવાબ વાળ્યો નહિ. તે લંડનના ક્રૂર ધનિકોને સારી પેઠે પીછાનતી હતી.

"ચાલો, હવે સ્ત્રી કેદીઓ બતાવું" કહી સેપર પ્રેસ અને હેરીઅટને લઇ જેલના સ્ત્રી વિભાગમાં ગયો. ત્યાંનો દરવાજો ખોલતાંજ અશ્લીલ ગીતો, બેશરમ મશ્કરી અને ગાળા ગાળીના અવાજો પ્રેસને કાને પડયા. બન્ને મ્હો ફેરવી પાછળ હઠી ગઇ તે જોઇ સેપર બરાડયો: "ચૂપ રહો; નહિ તો આજનું ખાણું બંધ કરાવીશ."

આ ધમકીથી નહિ પણ સારા વસ્ત્રોવાળી બે સ્ત્રીઓને જોઇને સ્ત્રી કેદીઓ ચૂપ થઇ ગઇ પ્રેસ હવે એ ઓરડામાંના ભયંકર દેખાવો જોવા લાગી. એક મોટા ઓરડામાં કેટલીક સ્ત્રીઓ એકઠી થઇ હતી. એક બાજુએ બેંચપર તેમના બીછાનાં પડયાં હતા. ઓરડાની હવા ગરમ અને દુર્ગંધવાળી હતી. બીછાનાં પણ મેલાં અને ફાટયાં તૂટયાં હતા. અનેક સ્ત્રી કેદીઓ આ વખતે શરાબના નીશામાં ચકચૂર જણાતી હતી. તેમના વીખરાયલા વાળ, મેલાં ફાટેલાં કપડાં, નિર્લજ્જ અને બેદરકાર આંખો તથા પાપાચારની સાક્ષી પૂરતાં પીળાં પડી ગયલાં મ્હોં જોઇ પ્રેસ કમ્પી ગઇ. થોડીવાર પછી સ્ત્રી કેદીઓ પ્રેસ અને હેરીઅટની આસપાસ વીટાઇ વળીને તેમની પાસે પૈસા માગવા લાગી. પ્રેસનું ચિત્ત ગભરાઇ ગયું. તેણે જેમ તેમ મન શાંત રાખી કેદી સ્ત્રીઓમાં થોડાક સીક્કા વહેંચી આપ્યા. તે પછી સેપર તેમને સ્ત્રીઓના બીજા ઓરડામાં લઇ ગયો.

"પહેલાં જે સ્ત્રીઓ તમે જોઇ તેમને વ્યભિચાર માટે કેદની સજા થઇ છે. આ સ્ત્રીઓને ચોરી, ખુન વિગેરે ભયંકર ગુન્હા માટે કેદ કરવામાં આવી છે." સેપર બોલ્યો.

આ ઓરડામાં પણ અશ્લીલ ગીતો ગવાતા હતા અને નિર્લજ્જતાનું સામ્રાજ્ય ચાલતું હતું. પહેલાના ઓરડામાં કોઇ વેશ્યાલયની માલીક હતી, કોઇ ધોવા આપેલા કપડાં ખાઇ જનારી ધોબણ હતી; કોઇ શેઠાણીના પૈસા લઇ ગુલ થઇ જનારી દાસી હતી. તો કોઇ પરણ્યા પતિને થાપ આપનારી કુલટા હતી. આ ઓરડીમાંની સ્ત્રીઓ ભારી ગુન્હેગાર હતી. કોઇએ તીજોરી તોડી હતી—કોઇએ જારકર્મથી પેદા થયલા બાળકનું ખુન કર્યું હતું—કોઇએ સીવવા લીધેલાં વસ્ત્રો વેચી નાખ્યા હતા કોઇ અમીરી પોષાક પહેરી

કોઇ દુકાનદારને છેતરી આવી હતી તો કોઇએ પોતાના ઘરમાં કોઇને વ્યભિચારની સગવડ કરી આપી હતી. ન્યુગેટ જેલમાં આ સમયે મોટા અને નાના ગુન્હેગારોને અલગ રાખવાની પ્રથા ન્હોતી એટલે "સખી ઘોડા બારા ટકે" જેવો ઘાટ હતો.

આ સ્ત્રીઓને થોડાક સીક્કા આપી બ્રેસ પુરૂષ કેદીઓને જોવા ગઇ ત્યાં તેની નજરે અત્યત ધિક્કારપત્ર દેખાવો નજરે પડયા વૃધ્ધ, જુવાન અને નાદાન કેદીઓ સાથે મળીને ગાળાગાળી અને મારામારી કરતા હતા. કોઇ બીભત્સ ગીત ગાતા હતા તો કોઇ કર્કશ અવાજે અમે તેવી ન લખી શકાય એવી વાતો કરતા હતા ઓરડા સાથે સ્વચ્છતાએ ભયંકર અસહકાર કર્યો હતો. અસહ્ય બદબો વ્યાપી રહી હતી, કેદીઓના જરીપુરાણા બીછાના ગમે તેમ અસ્તવ્યસ્ત પડયા હતા. ટેબલ પર માટીનાં વાસણો, તમાકુ પીવાની તૂટેલી પાઇપો અને પાઇપમાંની રાખ પડયાં હતાં. અમારી વારતાના સમયે કેદીઓ પાતાને પૈસે જેલમાં ગમે તે વસ્તુ મગાવીને અમન ચૈન કરી શકતા હતા અને જેલના અધિકારીઓ તેમને જોઇતી ચીજો મંગાવી આપીને પોતાના ખીસ્સા ગરમ કરતા હતા. આ ઓરડામા રૂમાલ ચોરી ગુન્હેગાર જીંદગીનું મંગળાચરણ કરનાર નાના છોકરાઓ દશ દશ વાર જેલમા ગયલા બદમાસો સાથે રહેતા હતા અને પાકા ગુન્હેગાર થવાની કલા શીખતા હતા. કંગાળ પગારને લીધે ભૂખે મરતા કોઇ જવાને બે ચાર શીલીંગની ચોરી કરી હતી. ભૂખે મરી જતા કોઇ હતભાગીએ ભઠીઆરાની દુકાનમાંથી એકાદ પાઉંનો કટકો ઉડાવ્યો હતો. આવા સમાજના પાપથી ગુન્હેગાર બનેલા સખસોને પણ ખુની અને લુંટારા સાથેજ રાખવામાં આવતા હતા.

"ટેબલ પાસે બેઠેલા પેલા બે જણ અને બારી પાસે ઉભા રહી વાત કરતા પેલા બે જણા કાલેજ આ જગ્યાના મહેમાન થયા છે. કહી સેપરે ધીમે સ્વરે બ્રેસને ચાર જણા આંગળીના ઇસારાથી બતાવ્યા.

ટેબલની પાસે રામસે અને માર્ટિન બેઠા હતા. એ બે શરીફ બદમાસોએ આજ સુધી યથેચ્છ વિલાસ ભોગવ્યો હતો. આજે તેમના દુઃખનો પાર ન્હોતો તેમના ફીક્કા ચહેરા, નીચી નજર અને દુઃખી

બાવદશક દેખાવપરથી સ્પષ્ટ માલૂમ પડતું હતું કે તેમનુ આવી બન્યું છે એ વાત તેઓ સમજી ગયા હતા. તેમના વસ્ત્રો મેલા થઇ ગઇ હતા અને આવી હીન દશામાં તેમને વસ્ત્ર સમારવાની દરકાર પણ ન્હોતી.

બારી આગળ ઉભા રહી વાત કરનારા બ્રીગ્સ અને બેગરમેન હતા. બેગરમેનપર નજર પડતાંજ બ્રેસ તેને પીછાનીને ગભરાઇ ગઇ. તે જમીનપર પડી જતી હતી પણ હેરીએટે તેને એકદમ પકડી લીધી.

"અરે ! એક કેદી બેહોશ થઇ ગઇ છે." એક કેદી બોલી ઉઠયો તે સાંભળી કેટલાક કેદીઓ બ્રેસના દાગીના લૂંટવાની તૈયારી કરતા હતા પણ એટલામાં તે સાવધ થઇ ત્વરાથી દરવાજામાંથી બ્હાર નીકળી ગઇ અને સેપરે તરત દરવાજો બંધ કરી દીધો.

"આ ઓરડાની ખરાબ હવાથી મારો જીવ બગડી ગયો હતો." બ્હાર જઇ છૂટકારાનો દમ લઇ બ્રેસ બોલી. બેગરમેને તેને ન જોઇ તેથી તે આનંદ પામી. વાંચનારને યાદ હશે કે મેગ્સમેન જે રાતે મિસીસ બ્રેસના મકાનમાં ચોરી કરવા ગયો હતો તે રાતે બેગરમેન તેની સાથે હતો. એજ ભયંકર રાતે મેગ્સમેન પોતાની સ્ત્રીને પીછાની ગયો હતો અને ત્યારથી બ્રેસને માથે પનોતી બેઠી હતી.

"આ ઓરડો એવો છે કે અહિંની હવાથી માણસ મરીજ જવા જોઇએ. અજાયબીની વાત એ છે કે આ બદમાસોને અહિં કંઇ થતું નથી." સેપર બોલ્યોઃ "હવે જો તમારા જીવની બેચેની દુર થઇ હોય તો ફાંસી જનારા બદમાસો જોઇ લો, હમણાં અમે આ જેલમાં નામચીન બદમાસ અને લંડનના દાદાના દાદા વોરન અથવા મેગ્સમેનને કેદમા રાખ્યો છે. એ એવો ભયંકર અને સાહસિક માણસ છે કે એ કેદ થયો એટલુંજ ગનીમત !" આટલુ કહી સેપર તેમને જેલખાનામાંની એક સાંકડી ગલીમાં લઇ ગયો. આ પરશાળમાં પાંચ બારણા નજરે પડતા હતા. સેપર જે જગ્યા બતાવતો હતો તે પહેલે માળે હતી. આવી રીતે દરેક માળ પર પાંચ પાંચ ઓરડીઓ હતી. મિસીસ બ્રેસ કઇ કોટડીમાં કયા દાદર દ્વારા જવાય છે તે જાણુતી હતી કેમકે તેની પાસે જેલનો

નકશો હતો. આ ખાસ જગ્યાની પાંચ પાંચ કોટડીમાં ફાંસી જનારા બદમાસોને રાખવામાં આવતા હતા.

"હવે એ પ્રખ્યાત બદમાસને જોઇ લો. તમે એનું નામ તો સાંભળ્યું હશે? દરેક વર્તમાનપત્રમાં એની નામદારી પ્રગટ થઇ છે." સેપરે જો વેરન ઉર્ફે મેગ્સમેન વિષે ઇસારો કર્યો. મિસીસ ગ્રેસ એ સાંભળતાંજ કમ્પી ઉઠી. તે સમજી ગઇ કે હવે આ ભયંકર સ્થલે પોતાના સ્વામીની સામે ઉપસ્થિત થવું પડશે. ગ્રેલોઝવીડોએ ક્રીચીનગ્રેડ મારફતે મિસીસ ગ્રેસ જેલમાં શા કારણે આવવાની છે તેની ખબર મેગ્સમેનને આપી દીધી હતી એટલે પારકા માણસોની સામે મેગ્સમેન તેને પીછાનવાનો દેખાવ કરીને બાજી ધુળમાં મેળવી દે અથવા ગ્રેસને બદનામ કરે એવો ભય ન્હોતો. પશુવૃત્તિથી જીવતા ધણીને આવી ગુપ્ત રીતે સહાય કરવાની પોતાને ફરજ પડે છે એવા ભાનથી ગ્રેસ કંપી ઉઠી હતી. તેને પોતાના સ્વામી પર ધિક્કાર છુટયો, આ બદમાસ સ્ત્રી કોઈ સીમંતની લાલસા તૃપ્ત કરવા માટે અનેક ભોળી, નિર્દોષ રમણીઓનું સત્યાનાશ વાળતા ડરતી ન હોતી પણ પોતાના પરણ્યા પતિને સહાય કરતાં તેને કાંટા વાગતા હતા! મનુષ્યો પણ કેવા વિચિત્ર હોય છે!

ગ્રેસ કંપતી કંપતી ડગલાં ભરવા લાગી. અંતે છેવટની ઓરડી આગળ જઇ સેપરે તેનો દરવાજો ખોલી નાખ્યો. દ્વાર મળતાંજ ગ્રેસ અને મેગ્સમેનની દષ્ટાદષ્ટ મળી! મેગ્સમેન જાણે ગ્રેસને કદિ જોઇજ ન હોય તેમ ચુપચુપ બેસી રહયો છતાં ગ્રેસને લાગ્યું કે મેગ્સમેન તેને જોઇને સહેજ હસી પડયો હતો!

આ ઓરડી આશરે નવ ફીટ ઉંચી, દશ ફીટ લાંબી અને છ ફીટ પહોળી હતી. ઓરડીની છત લાકડાની હતી. બારીઓ છેક ઉંચે હતી અને તેપર લોખંડના મજબુત સળીઆ જડી લીધા હતા. દીવાલ અત્યંત સંગીન હતી. ઓરડીના દ્વાર મજબુત ઓક લાકડાના બનાવેલા હતા. આવી મજબુત ઓરડીમાં પૂરાયલા મેગ્સમેનના હાથ પગમાં જંજીર પહેરાવી હતી તે જોઇ ગ્રેસની ખાત્રી થઇ ગઇ કે આ જગ્યાએથી ગમે તેવો કેદી નાસી જવાનો સંભવ નથી.



ઓફેલીઆ.

પહેલું સુખ તે સલામતી!

જો તમારે

જરા પણ ચિંતા વિના મોજ કરતા કરતા મુસાફરી કરવી હોય અને ચોરોની ધાસ્તીથી મુકત થવું હોય તો

કાસમાણી બ્રધર્સની બેગજ વાપરજો

સસ્તી, ટકાઉ, મજબુત અને મનોહર હેન્ડબેગ, અટેચી કેસ, કીટ બેગ, બ્રીક બેગ, હોલડોલ, ખીસાના પાકીટો અને ચામડાને લગતો તમામ સામાન જથાબંધ અને છુટક મળશે. આજેજ ત્રાવેલીંગ બેગ ખરીદી જાઓ.

કાસમાણી બ્રધર્સ પાકીટવાળા.

૧ લે માળે ૧૯૫, અબદુલ રહેમાન સ્ટ્રીટ,

મુંબઇ નં. ૩.

દેશાવર માટે એજન્ટો જોઇએ છે.

તે કેદીને સારી સલાહ આપવાનો ડોળ કરતી અંદર ગઇ.

"જો, તું તારો ગુન્હો કબુલી પાપનો પસ્તાવો કર. તેમ કરશે તો આ લોકની દયા અને પ્રભુની ક્ષમા પામશે. તારા જેવા પાપી માટે પસ્તાવા શિવાય બીજો કોઈ મુક્તિનો માર્ગ નથી." ગ્રેસે મેગ્સમેનને કહ્યું.

"તમારી સલાહ પ્રમાણે ગુન્હો કબુલી લઉં તો મારા તરફ કઇ જાતની દયા બતાવવામાં આવશે?" મેગ્સમેને પૂછ્યું.

"આ લોકનો મોહ ત્યાગી પરલોકનો ખ્યાલ કર." ગ્રેસ બોલી.

ગ્રેસ વાત કરતી હતી તે વખતે હેરીઅટ પોતાની શેઠાણીની સુચના પ્રમાણે સેપરને અનેક જાતની વાતમાં રોકી રહી હતી. તેણે સેપરને એક બેવાર આંખ મારી એવો મુગ્ધ કરી નાખ્યો કે ગ્રેસે પોતાના વસ્ત્રમાં છુપાવેલું એક નાનું પોટલું કાઢી મેગ્સમેનને આપી દીધું તે પર સેપરનું બીલકુલ ધ્યાન ગયું નહિ. મેગ્સમેને તે પોટલું છુપાવી દીધું ત્યા સુધી ગ્રેસ તેને ધર્મનો ઉપદેશ કરતી રહી અને પછી જાણે આ બદમાસને ઠેકાણે લાવવાનુ અશકય હોય એમ નિરાશ થઇ તે મ્હો ફેરવી બ્હાર નીકળી આવી. સેપરે પુનઃ મેગ્સમેનની ઓરડી બંધ કરી દીધી અને ગ્રેસ તેને બક્ષીસ આપી પોતાની દાસી સાથે જેલ છોડી ગઇ.

વાંચનાર, ગ્રેસે મેગ્સમેનને આપેલા પોટલાંમાં શું હતુ ?

પ્રકરણ ૫૪ મુ.

ચિત્રોની દુકાનમાં.

ન્યુગેટ જેલના મકાનની બાજુમાંજ તેનાથી લગભગ પંદર ફીટ ઉચું એક મકાન હતુ. આ મકાનના છાપરા પરથી જેલના છાપરા પર સહેલાઇથી ઉતરી શકાતું હતું અમે જે સમયની વારતા લખીએ છીએ તે સમયે આ મકાનમાં પ્રાચીન ચિત્રોનો એક વેપારી રહેતો હતો. તે વૃધ્ધ હતો. સાઠી બુધ્ધિ નાઠીનો નિયમ તેને લાગુ પડયો ન્હોતો કેમકે હજુ તે પોતાના સ્વાર્થ માટે ભલ ભલાને પાણી પાય એવું મગજ ધરાવતો હતો. તેની સ્ત્રી ધણા વર્ષ થયા સ્વર્ગે સીધાવી ગઇ હતી અને બુઢાજીને કઇ સંતતી પણ ન્હોતી. સ્વભાવે મખ્ખીચુસ હોવાથી ઘરમાં વધુ નોકર ચાકરો ન્હોતા. એક બુઢી દાસી તેના ઘરનો કારભાર કરતી હતી અને તેજ રસોઇ કરીને બુઢાનું પેટ ભરતી હતી. તેણે દુકાનમાં મદદ કરવા માટે એક છોકરો રાખ્યો હતો અને ઉપલા માળ પર એક યુવાન ચિત્રકાર રહેતો હતો. આ કંજુસ વેપારીનું નામ મી૦ અબસોલ હતું, તેનું કદ લાબુ અને શરીર પાતળું હતુ ચહેરો પીળો પડી ગયો હતો અને માથા પર ટાલ પડી ગઇ હતી. તેની આંખોનું તેજ ઘટી ગયું હતું અને મ્હોમાં દાંત ન હોવાથી ગાલ બેસી ગયલા લાગતા હતા. તેણે કાળા કોટ પાટલુન પહેર્યા હતા પણ તે ધણા જુના હતા અને તે પર અનેક જાતના રગ તથા વારનીશ લાગવાથી રાજેશ્રી અજબ જાતના હનુમાન જેવા લાગતા હતા.

તેની દુકાનવાળો ઓરડો લાંબો પણ સાંકડો હતો. બારી પર ધુળ ચઢી ગઈ હતી અને જમીન પર પણ કચરો પડયો હતો. ઓરડાની ઉપરની છત તથા દીવાલો તદ્દન કાળી પડી ગઇ હતી. ઉનાળામાં પણ આ ઓરડામાં સૂર્યનો પ્રકાશ ઝાઝો આવતો ન્હોતો શિયાળામાં તો બહુધા અંધકારજ રહેતો. ચિત્રાલયના વૃધ્ધ અને કંજુસ માલીક અબસોલની એવી માન્યતા હતી કે ચિત્રો ઓળખવા માટે આવાજ રૂમની જરૂર છે. તેના ચિત્રાલયમાં અનેક જાતનાં નવાં તથા જૂનાં ચિત્રો હતાં. અનેક દેશોના મનુષ્યો, જાનવરો,

પહાડ પર્વત અને નદી નાળાનાં દેખાવો ઉપરાંત દેવદેવીઓ અને ભૂત પ્રેતના ચિત્રો પણ નજરે પડતા હતા. લોકો તેના ધંધાનો ભેદ જાણતા ન્હોતા તેથી તે છડે ચોક એમ કહી શકતો કે મારે ત્યાં રાફેલ, માઇકેલ, એંજલો, રેમબ્રેન્ટ, વેન્ડીક અને હોગાર્થ જેવા પ્રાચીન અને મશહુર ચિત્રકારોના ચિત્રો વેચાય છે.

સાંજે ચારેક વાગે તે દુકાનમાં બેઠો હતો એવામાં એક ગ્રાહક આવ્યો. આવતાંવાર તેણે પોતે ચિત્રોનો કુશળ પરિક્ષક છે એવી ડફાંસ મારવા માંડી જમાના ખાધેલ અબસોલ તેને તરત ઓળખી ગયો કે આ કોઇ શ્રીમંત ધુલણજી છે. તેણે તેને ચઢાવવા માંડયો અને બે સામાન્ય ચિત્રોને વેન્ડીક અને રાફેલના ચિત્રો તરિકે ઠેસવી દઇ પાંચસો ગીની ઓકાવી લીધી. પેલો ઉલ્લુ પોતાને ઘેર ચિત્રો મોકલી આપવાની સૂચના કરી વિદાય થયો અને પાંચસો ગીની કમાનાર કજુસ વેપારીએ દુકાનમાં નોકરી કરનાર છોકરાને બોલાવ્યો:

"ટોમ! આજે સારો વેપાર થયો! લે, આ એક પેની ઇનામ તું લે! હું ઘરમાં જાઉં છું. જો, કોઇ ઘરાક આવે તો આ ચિત્ર નેપોલીયનનુ છે એમ કહેજે! આ ચિત્રને આઠ આઠ દિવસ થયા ડયુક ઓફ માર્લબરો તરીકે ઓળખાવ્યું પણ કોઇ ઉલ્લુ તેને ખરીદતો નથી. જો તો ખરો! કોઇ નેપોલીઅનનો ખરીદદાર મળે છે!" આટલું કહી તે હસતો હસતો ત્રીજે માળે ગયો.

અહિં અનેક અધૂરાં ચિત્રો પડયાં હતાં. તૈયાર થતાં તે દુકાનમાં જઇ પડતાં હતાં. અહિંજ એક યુવાન ચિત્રકાર કામ કરતો હતો અને તે જે ચિત્રો દોરતો તેને રાફેલ અથવા હોગાર્થના ચિત્રો તરિકે બુઢ્ઢો અબસોલ વેચી નાખતો હતો, ત્રીજા માળપરના ઓરડામાં પીંછી અને રંગ લઇને એક યુવાન તનતોડ મહેનત કરી રહ્યો હતો તેને લોકો જ્યોર્જ વુડફોલ કહેતા. નજીવા પગારપર તે અબસોલને ત્યાં કામ કરી પોતાનું પાપી પેટ ભરતો હતો અને તેની કારિગીરી-માંથી પેલો નીચ કંજુસ વેપારી હજારો પાઉંડ કમાતો હતો.

"જ્યોર્જ! આજે તારા વેન્ડીકને વેચી નાખ્યો!" અબસોલે કહ્યું.

"કેટલામાં ?"

"ફક્ત ચાલીસ ગીની ! આ અઠવાડીએ તારા પગારમાં અરધી ગીની વધારી આપીશ." અબસોલ જાડું બોલ્યો: "જા, નીચે એક કાળા ચટાપટાવાળું ચિત્ર છે તે લઇ આવ તેમાં કોઇ સ્ત્રીનો ચહેરો બનાવી આપ અને પછી એને જરા મેલું થવા દેજે એટલે કોઇ મશહુર ચિત્રકારના ચિત્ર તરિકે વેચી નાખીશું "આટલું કહી અબસોલ બીજાં નવાં ચિત્રો જોવા લાગ્યો. જ્યોર્જ નીચે ગયો અને દુકાનના છોકરાના હાથમાં એક શીલીંગ મૂકી બોલ્યો: "ટોમ ! આજે વેન્ડીક નું ચિત્ર કેટલે વેચ્યું ?"

"વેન્ડીક ને રાફેલ બેઉ વેચ્યા પાંચસો ગીનીમાં" ટોમે જવાબ આપ્યો.

એ છબીઓ કોણે ખરીદી ?

"સર બ્રીન્કસબી બુલે."

જ્યોર્જે ડાયરીમાં આ વાત લખી લીધી અને પોતે એક ચિત્ર લઇ ત્રીજે માળે ચાલ્યો ગયો.

રાતના નવ વાગા સુધી મહેનત કરી જ્યોર્જે એ કાબરચીતરા ચિતરામણમાં એક સુંદરીનું મ્હો દેખાય એવું ચિત્ર બનાવ્યું, પછી ખાણાનો વખત થયો. અબસોલ આજે જરા ગેલમાં હતો તેથી તેણે દારૂની બે બાટલી મંગાવી અને જ્યોર્જ ટોમ અને વૃધ્ધ દાસી સાથે અબસોલે શરાબ ઉડાવી ગમ્મત કરી. વાત વાતમાં અગીઆર વાગી ગયા અને બધા બીછાને જવાની અણી પર હતા એવામાં કોઇએ જોરથી દ્વાર ખખડાવ્યા. દાસી તરત બારણા ખોલવા ગઇ બીજા બધા રસોડામા બેસી રહ્યા. દાસીને બારણાં ખોલવાનો અવાજ સંભળાયો. તેને કોઇ સ્ત્રી પુરૂષે કંઇ સવાલ પૂછયા તેના દાસીએ જવાબ આપ્યા. પછી દ્વાર બંધ થયા. તેનો અવાજ પણ સંભળાયો પણ તે પછી અચાનક નિઃસ્તબ્ધતા વ્યાપી ગઇ. અબસોલને આથી કંઇ શંકા ગઇ અને તેકંપિત સ્વરે બોલ્યો: "આ શું ? કોઇ માણસો અંદર આવવાનો અવાજ સંભળાવા છતાં."

"હું જોઇ આવું" કહી જ્યોર્જ રસોડામાંથી બ્હાર ગયો.

તરતજ ટૅામ અને શ્રબસોલે મારા મારીનો અવાજ સાંભળ્યો પણ તે તરત બંધ થઇ ગયો. બન્નેના ભયનો પાર રહ્યો નહિ. પુનઃ નિઃસ્તબ્ધતા છવાઇ ગઇ. બન્ને જ્યોર્જની રાહ જોવા લાગ્યા પણ વૃધ્ધ દાસી કે જ્યોર્જ બેમાંથી કોઇ પણ પાછું આવ્યું નહિ. જાણે બન્નેને ભુત ઉપાડી ગયા હોયની તેમ !

"આ ભૂતનુ કામ છે !" કંજુસ થરથરીને બોલ્યો.

"અરે ! નહિ રે સાહેબ ! ભૂત શાના ને વાત શાની ? કોઇએ મજાક કરી લાગે છે. હું હમણાં તમાશો જોઇ પાછો આવું" નાનો ટૅામ બોલ્યો અને રસોડામાંથી નીકળી દાદર પર ચઢી ગયો. શ્રબસોલ શ્વાસ રૂંધીને તેના પગલા સાંભળવા લાગ્યો દાદર ચઢી ગયા પછી ટૅામને કોઇએ જોશથી થપ્પડ લગાવી હોય એવો અવાજ આવ્યો. પછી જરા મારામારીની બુમ સંભળાઇ અને પુનઃ શાંતિ છવાઇ ગઇ.

બુઢ્ઢો ખુરસીપર બેસી હવે હાંફવા લાગ્યો. તેના હોંસકોસ ઉડી ગયા હતા ભયથી તેનો ચહેરો મોત જેવો ફીકકો પડી ગયો હતો અને આખું શરીર થરથર કંપતું હતું. જાણે કોઇ ભૂત અંધકારમાંથી આવીને તેને ખાઇ જશે એવા ડરથી શૂન્ય દ્રષ્ટિએ તે દાદર તરફ જોઇ રહ્યો. અંતે ભયના આતંકથી તે નિરાશ થયો અને નિરાશાને અંતે સાહસિક થઇ ઉભો થયો. હવે તેને વિચાર આવ્યો કે ઘરમાં ચોર ઘુસી આવ્યા છે અને તેઓ ચોરી કરી રહ્યા છે આવી વખતે ગુપચુપ બેસી રહેવાનું તેને યોગ્ય લાગ્યું નહિ. તેણે હાથમાં મીણબત્તી ઉપાડી અને રસોડાંમાંથી બ્હાર નીકળી તે દાદર ચઢવા લાગ્યો. ભાગ્યે તે ચાર પાંચ પગથીઆ ચઢ્યો હશે એટલામાં તેના કાન પાસેથી એક ગોળી સણુસણાટ કરતી ચાલી ગઇ બુઢ્ઢાના હાથમાંથી મીણબત્તી પડી ગઇ અને તે દાદર પરથી ધડામ દઇને બેહોશ હાલતમાં જમીનપર પછડાયો.

શ્રબસોલ જ્યારે હોંસમાં આવ્યો ત્યારે તેણે જોયુ કે તેને ખુરશી સાથે મજબુત બાંધી લેવામાં આવ્યો છે. ટેબલપર બત્તી બળતી હતી. ભયચકિત નેત્રે તેણે ચારે તરફ નજર કરી, તરતજ

તેની બધી શંકા દૂર થઇ ગઇ તેની દાશી, જ્યોર્જ અને ટોમ એ ત્રણે જણના હાલ તેના જેવાજ થયા હતા અને અબસોલના ગાત્ર ઠંડા થઈ ગયા.

"આ–શું–થ–થ–" તે બોલવા ગયો પણ તેજ પળે ખુરશીની પાછળથી કરડો અવાજ આવ્યો "ચૂપ રહો." આ અવાજ સાથે અબસોલની ગરદનપર પીસ્તોલની નળીનો સ્પર્શ થયો, ખુરશીની પાછળ એક કરડા દેખાવની સ્ત્રી બન્ને હાથમાં પીસ્તોલ લઇ ઉભી હતી અને તેના વર્તનપરથી એમ લાગતું હતું કે માણસની જીંદગી તેને મન રમકડા જેવી છે !

"ચૂપ રહો, જો એક શબ્દ પણ બોલ્યા તો આ પીસ્તોલથી તમારી ખોપરી તોડી નાખશ." પેલી સ્ત્રી મેગ્સમેનની માશુક ગેલોઝવીડો બોલી.

"હું તારી પીસ્તોલથી ડરતો નથી. લાચાર છુ હું છૂટો નથી" જ્યોર્જ હિમ્મતથી બોલ્યો.

"તમારે જોઇએ તેમ માનો, પણ જો જીવવાની હોસ હોય તો ચૂપ મરી રહેજો" ગેલોઝવીડો આંખ કાઢી બોલી અને ઓરડામાં ભયંકર નિઃસ્તબ્ધતા વ્યાપી ગઈ.

વાંચનાર, આ ચાર જણને કેદ કરવાનું કારણ શું ? આ ભેદ આવતા પ્રકરણમાં ખુલી જશે.

પ્રકરણ ૫૫ મું.

જેલમાંથી નાઠો.

મીસીસ ગ્રેસ-પ્રીન્સની માશૂક-પોલમેલ સ્ટ્રીટમાંની બદમાસ કપડાંવાળી-જેલમાંથી ચાલી ગયા પછી મેગ્સમેનની કોટડીને બ્હારથી મજબુત તાળું મારી દેવામાં આવ્યું હતું. જ્યાં સુધી પગલાંનો અવાજ સંભળાતો રહ્યો ત્યાં સુધી લંડનનો એ નામચીન દાદો ગુપચુપ બેસી રહ્યો. ધીમે ધીમે શાંતિ અને નિરવત છવાઇ ગઇ. કોઇ કોઇવાર રસ્તાપરથી ગાડી જવાનો અવાજ આવતો હતો. હવે તેણે ગ્રેસે આપેલું પોટલું કાઢ્યું. તેમાં એક ન્યુગેટ જેલનો નકશો હતો. એક નાની લોખંડ કાપવાની રેત હતી. ચાર નાના પણ મજબુત ખીલા હતા. એક રેશમની દોરી હતી. ચાર ઇંચ લાંબા અને અરધો ઇંચ જાડા ત્રણ લોખંડના પેચવાળા ટૂકડા હતા. જેને એક બીજા સાથે જોડી દેવાથી લાકડું યા પત્થર કાપવાનું હથીઆર બની જતું હતું. તે સાથેજ કાળા સીસા સાથે મીશ્રીત કરેલી થોડીક લાહી હતી. આ બધી ચીજો જોઇ મેગ્સમેનના વિકટ ચહેરાપર હાસ્ય ફરક્યું. નકશા શિવાય બધી ચીજો પુનઃ છૂપાવી દઇ તે જેલનો નકશો લક્ષપુર્વક જોવા લાગ્યો. નકશો જોતાં તેને જણાયું કે તેની કોટડીની ઉપર ત્રણ માળ છે. એ ત્રણે માળ વટાવીને તેને છાપરાપર જવાનું સાહસ કરવાનું હતું.

નકશો જોયા પછી તે રેત કાઢી બેડી ઘસવા લાગ્યો. લોખંડનો ભુકો જમીનપર ન પડે તેથી તેણે નીચે રૂમાલ નાખી દીધો અને શેફીલ્ડની બનાવટની કાતિલ રેતથી બેડી તોડવા લાગ્યો; બપોરે એક વાગ્યાનો સમય થયા બાજુના દેવળમાંના ઘડીઆળનો ટંકારો સાંભળી મેગ્સમેને પોતાના બધા હથિઆરો છૂપાવી દીધા અને બેડીના કપાયલા ભાગમાં પેલી કાળી લાહી દબાવી બેડી સરખી કરી દીધી.

તે સ્વસ્થ થઇ બેઠો ન બેઠો એટલામાં દ્વાર ખખડયા અને બારણા ખોલી જેલનો નોકર અંદર આવ્યો. તેના એક હાથમાં ભોજનની રકાબી હતી અને બીજા હાથમાં શરાબની બાટલી હતી. અંદર જઇ તે વ્યંગપૂર્ણ અવાજે બોલ્યો: "તમારા મિત્રો માટે

તુજાર લાગે છે. જુઓ, તમારે માટે કેવું સ્વાદિષ્ટ ભોજન મોકલ્યું છે? સાથે દારૂની બાટલી પણ છે. આવી મઝા મળતી હોય તો જેલ શું ને મહેલ શું? જેલના ખાણાથી તમારૂં ભોજન હજાર દરજ્જે ઉત્તમ છે."

"હા દોસ્ત! મારા મિત્રો ભલા માણસો છે. આવો, આપણે બન્ને સાથે બેસી જમીએ" મેગ્સમેને જવાબ આપ્યો.

"નહિ. મને ફુરશદ નથી. પણ તમારા માનને ખાતર જરા શરાબ પી લઇશ," કહી સેપરે એક પ્યાલી શરાબ ઉડાવ્યો અને ડગલાથી મ્હો લૂછતો લૂછતો બોલ્યો: "તમારો કેસ પરમદિને ચાલશે."

"ચાલવા દો. જે નસિબમાં લખ્યું હશે તે થશે હુ બધું સહન કરવાને તૈયાર છું."

"હારતો! ભાવી મિથ્યા થતું નથી. પેલી સ્ત્રી હમણાં જેલ જોવા આવી હતી તે કેવી ખુબસુરત હતી? કેવી કાતિલ આંખો, કેવા મોહક દાંત, કેવા ઉન્નત ઉરજ! મને પણ અરધી ગીની ઇનામ આપી ગઇ...પણ હુ તમારાં ભોજનમાં વિલંબ કરી રહ્યો છું. પંદર વીસ મીનીટ પછી વાસણ લઇ જઇશ."

આ માણસ લોભી હતો છતાં તે મોટા અમલદારો જેવો લાંચ ખાઉ ન્હોતો. લાંચ લઇને તે મેગ્સમેનને નાસી જવાની તક આપે એવો ન્હોતો. તે મેગ્સમેન સાથે જાણે તેનો ખાસ મિત્ર હોય એવી રીતે વાત કરતો હતો. છતા તેની તિક્ષણ નજર મેગ્સમેનની બેડીઓપર હતી. બેડી કાપવામાં આવી છે એવો જરા પણ શક જાત તો તે જેલના સિપાઇઓને બોલાવી ને મેગ્સમેનના બાર વગાડી દેત પણ આ બાજુ મેગ્સમેનની ચાલાકી હતી. તેણે બેડીને લાહીથી એવી સરખી કરી મુકી હતી કે ભલભલા જેલરને પણ બેડી કાપેલી છે એવો ખ્યાલ ન જાય મેગ્સમેન ખાતો ખાતો હસ્યો તે મનમાં વિચાર કરવા લાગ્યો કે કાળે આ ભયંકર સ્થળે બેસીને ખાવું પડવાનું નથી. તે ખાઇ રહ્યા પછી થોડીકવારે સેપર પાછો આવ્યો નેઅ વાસણ લઇ ચાલ્યો ગયો. તે ગયા પછી મેગ્સમેન ફરીથી કાનસ

વડે બેડી કાપવા લાગ્યો. હવે સાત વાગ્યા સુધી કોઇ જેલનો અમલદાર આવે તેમ ન્હોતું. તેણે લાગ લાગટ છ વાગ્યા સુધી બેડી કાપ્યા કરી. છ વાગ્યા સુધીમાં તેણે ચાર જગ્યાએથી બેડી લગભગ કાપી નાખી હતી. જેલર આવવાનો વખત થતાં તેણે તેમાં કાળી લાહી ભરી દીધી અને પોતે સ્વસ્થ થઇને બેઠો. સાત વાગે સાંજનું ભોજન આવ્યું. મેગ્સમેન તે ખાઇને તાજો થયો અને સેપર વાસણ લઇ ચાલ્યો ગયો. જે જમાનાની આ વારતા લખવામાં આવે છે તે સમયે જેલમાં કેદીઓની કોટડીમાં રાતે બતી રાખવામાં આવતી હતી. સેપર જતી વખતે મેગ્સમેનની કોટડીમાં ટેબલ પર બત્તી મુકી ગયો હતો અને તે અગીઆર વાગ્યા સુધી બળતી રહેશે એવી તેની કલ્પના હતી હવે રાતે નવ વાગે એકવાર પહેરેગીર છેલ્લો આંટો મારવા આવવાનો હતો ત્યાં સુધી મેગ્સમેનથી ઉપલા માળની છત કોરવાનું કામ શરૂ કરી શકાય તેમ ન્હોતું તે અનેક તર્કવિતર્ક કરતો બેસી રહયો જેલમાંથી નાસીને સ્વતંત્ર હવાનો લ્હાવો ચાખવાને તેનું હૃદય આકુળ વ્યાકુળ થઇ રહ્યું હતું પણ તે સલામતીથી છટકી જઇ શકશે કે ? ઉપલા માળ પરની કોટડીમાં કોઇ કેદી તો નહિ હોય ? તે છત કાપતો હોય તે વખતે તેને કોઇ જેલનો નોકર જોઇ જાય તો ? તે ત્રણે માળની છત કોરીને જેલના છાપરા પર જાય અને ત્યાં તેના મદદગારો કંઇ કારણસર આવી પહોંચ્યા ન હોય તો ? આ બધા ભયકર પ્રશ્નો મેગ્સમેન જેવા બદમાસના ગાત્ર શીથીલ કરવાને પૂરતા હતા. પણ લંડનના એ દાદાની છાતી પત્થરની હતી ફાંસીને લાકડે લટકીને મરી જવા કરતાં ગમે તેવું ભયંકર સાહસ ખેડવું બહેતર છે એવો પ્રખર નિશ્ચય કરી તે નવ વાગ્યા સુધી ગુપચુપ બેસી રહયો. નજીકના દેવળના ઘડીઆળમાં નવના ટકોરા થયા અને મેગ્સમેન કમ્મર કસી ઉભો થયો. એક ગ્લાસ બ્રાંડી પી તેણે શરીરમાં સ્ફુર્તી આણી અને પછી એક પણ વિચાર કર્યા વિના તેણે મીસીસ બ્રેસના પોટલામાંથી મળેલા પેચવાળા ત્રણ લોખંડના ટુકડા જોડી દઇને કરવત જેવું હથીઆર બનાવી દીધું.

હવે માળની છત કાપીને ઉપર જવાનું હતું. છત ઉંચી હતી મેગ્સમેન ઉભો રહીને તે કાપી શકે એમ ન્હોતું. પણ જીવ પર આવેલા માણસને તરત યુક્તિ મલી જાય છે તેણે પોતાનો ખાટલો ઉચો કર્યો અને તે પર ગોદડું નાખી પાલખ બનાવી દીધી. તે પર બેસી ને બદમાસ પ્રચંડ જોરથી માળની છત કાપવા લાગ્યો. આ કામ જેવું તેવું ન્હોતું લાકડાનો વ્હેર અને ચુના તથા સીમેટનો કાટ તેના મ્હોપર પડતો હતો પણ તે જીવ પર આવ્યો હતો. બાર વાગતા તેણે પહેલા માળની છતમાં ગાબડું પાડયું અને પોતાના હથીઆરો તથા શરાબની બાટલી લઇ તે માળ પર પહોંચી ગયો. ત્યાં જઇ તેણે થોડીવાર છુટકારાનો દમ ખેચ્યો અને પુનઃ કામે લાગ્યો. આ ઓરડીમાં પણ ખાટલો હતો તેને ઉભો કરી તેણે પાલખ બનાવી અને પ્રથમની પેઠેજ બે કલાકમા બીજા માળ પર જઇ પહોંચ્યો. એજ રીતે તેણે બીજા માળની છત કોરી નાખી અને ત્રીજા માળપરની કોટડીમાં જતાંજ તેની છાતી ખુશાલીથી ગજ ગજ ફુલી ગઇ. શરાબની બાકી રહેલી અરધી બાટલી ખાલી કરી તે રાક્ષસી જોરથી ત્રીજા માળની છત કોરવા લાગ્યો. આ કામ તેને ભારી લાગ્યું નહિ, છાપરાપર નળીઆ હતા. એટલે છત કાપતા વાર તેણે બે ચાર નળીઆ ખસેડી ઉપર જવાનો રસ્તો કીધો. એજ સમયે કોઇને ઉપરથી ધીમે અવાજે કહ્યું "મી. વારન ! અમે છીએ હં ! હવે કંઇ ડર નથી મેગ્સમેનની ખુશાલીનો પાર રહ્યો નહિ, તેણે છતના બાકોરામાંથી બે હાથ ઉપર કાઢયા અને છાપરાપરના સખસોએ તેને ખેંચી લીધો.

"લો જરા બ્રાન્ડી પીઓ કે તાકાત આવે" ફ્રીચીન ગ્રેડે મેગ્સમેન છાપરાપર ગયા પછી કહ્યું મેગ્સમેન ખુબ દારૂ પી તૃપ્ત થયો અને મહા મહેનતે મેળવેલી સ્વતંત્રતાથી તેનુ દીલ પ્રફુલ્લ થઇ ગયું.

"તારી સાથે કોણ છે ?" તેણે પૂછ્યું

"આપણા માણસો છે. ડીક ટ્રમ્પર અને માઇલ્સ બજલોકને તો તમે ઓળખતા હશો." ફ્રીચીન ગ્રેડે જવાબ આપ્યો.

"આવો બાઇઓ, મને શેકહેંડ કરો તમારો આજનો ઉપકાર હું કદીપણ ભૂલીશ નહિ."

"તમારે માટે અમે જાન આપવાને પણ તૈયાર છીએ" તેના બે મદદગારોએ જવાબ આપ્યો. અને મેગ્સમેન સાથે શેકહેડ કરી.

"લીજી કયાં છે ?"

"તે આ મકાનમા છે ચાલો, આ છાપરાપરથી બાજુના મકાનના છાપરાપર ચાલો. ગેલોઝવીડો આ ઘરના માણસોપર ચોકી કરતી ઉભી છે."

બધા ચિત્રકારના મકાનના છાપરાપર ગયા અને ત્યાંથી તુરતા તુરત તે મકાનને ભોંયતળીએ ઉતરી ગયા. મેગ્સમેનને જોતાજ ગેલોઝવીડો દોડતી જઇ તેને ભેટી પડી. બદમાસ અને પાપી સ્ત્રી પુરૂષોમા પણ પ્રેમની ઉન્મત્તતા હોય છે તે ખોટી વાત નથી ગેલોઝવીડો પાચ દશ માનીટ સુધી મેગ્સમેનને વળગી રહી. ત્યાર પછી મેગ્સમેને પોતાની માશૂકને અલગ કરી અને પોતે વેષ બદલી નાખ્યો તે પછી તેણે બન્નલોક અને ત્રમ્પરને વિદાય કર્યા અને લીજીના કાનમાં કંઇ સૂચના કરી પોતે પણ ચિત્રકારનું ઘર છોડી ગયો.

પ્રકરણ ૫૬ મું.

રંગીલો રાજકુમાર.

મેગ્સમેન જે રાતે જેલમાંથી નાસી ગયો તેને બીજે દિને રાતે આઠ વાગે મિસીસ બ્રેસ પોતાના દિવાનખાનામાં આરામ ખુરશી પર બેઠી કંઇ વિચાર કરતી હતી એવામાં તેની દાસી હેરીએટે અંદર આવી પ્રિન્સ ઓફ વેલ્સના આગમનની ખબર આપી.

પ્રિન્સ સીધો દિવાનખાનામા ઘૂસી આવ્યો અને દાસી ગઇ કે તરત તેણે દ્વાર બંધ કરી લીધા મિસીસ બ્રેસ પોતાના વદન પર મોહક હાસ્ય ફરકાવતી રાજકુમારનું સ્વાગત કરવાને ઉભી થઇ. તેના ગોરા ભરાઉ ગાલપર ચુંબન લઇ પ્રિન્સ બોલ્યો: "વ્હાલી! તને ત્રીજા રવીવારે મળ્યો હતો ત્યાર પછી આજેજ આવ્યો એટલે હું તને ભૂલી ગયો હોઇશ એવો તે વિચાર કર્યો હશે. ઓહ! એ રવીવાર આપણે બન્નેને માટે દુઃખકર નીકળ્યો હતો. પેલો બદમાસ—"

મિસીસ બ્રેસના ચહેરા પર લજ્જાની છાયા છવાઇ ગઇ. પ્રિન્સ તેના ઓરડામાં હતો અને તેજ વખતે મિસીસ બ્રેસનો તજાયલો પતિ-બદમાસ મેગ્સમેન-ત્યા આવી પ્રિન્સ અને બ્રેસ પાસેથી પાચસો પાંચસો ગીની ઓકાવી ગયો હતો એ ભયંકર પ્રસગ વિષે પ્રિન્સ ઇસારો કરતો હતો.

"બસ બસ! વ્હાલા! એ વાત યાદ ન કરો. મારી છાતી ચીરાઇ જાય છે. એ દુઃખદ પ્રસગથી વિરક્ત થઇ તમે કદિપણ મારે ત્યા પધારશો નહિ એમ માનીને હુ દુઃખદાવાનળમાં સળગી જતી હતી." બ્રેસ દર્દભર્યા સ્વરે બોલી.

"શું તું મને એવો સમજે છે?" કહી પ્રિન્સ ઉભો થયો. તેનો હાથ બ્રેસની કમર પર વીંટાયો અને તેણે તેને નજીક ખેંચી બ્રેસના લાલ લાલ અધરપર બે ચાર ચુમીની છાપ મારી: "તે દિવસે જે કમનસિબ બનાવ બન્યો હતો તેમાં તારો શો વાંક? હું ન આવ્યો તેનું કારણ બીજુંજ છે. વાત એમ છે કે પ્રધાન મડળ

સાથે સલાહ કરીને રાજાએ-મારા બાપે મારા લગ્ન નકકી કર્યા છે તેથી મારૂં દીલ બહુ બેચેન થઈ ગયું છે વર્તમાનપત્રોમાં એ વાત તો તેં વાંચી હશે બીજું મારા માગનારાઓ કમબખ્તો બહુ તકાદા કરે છે. એ બદમાસો કોઇવાર મારી પોલ ખોલી નાખવાની ધમકી આપે છે તો કોઇવાર મારા ખાનગી સેક્રેટરીપર અપમાન ભરી ચીઠ્ઠી મોકલે છે..."

"પ્રિન્સ! અફસોસની બીના એ છે કે હુ અમીરજાદી નથી; નહિ તો તમારૂ બધું કરજ ચૂકવી દેત." બ્રેસે પ્રિન્સપરની શુષ્ક દીલગીરી વ્યકત કરી.

"વ્હાલી! તારૂં દીલ ઉદાર છે. મારી મુશ્કેલી જાણી તને દુઃખ થશે તે હુ જાણુ છુ. પણ આ લગ્નની વાતે મને બેહાલ કરી નાખ્યો છે. એજ કારણસર હુ તને છોડી ગયો ત્યારથી બ્હાર નીકળ્યો ન્હોતો પણ તારા મદીલા પ્રેમને હુ ભુલ્યો ન્હોતો. વ્હાલી! આ લચકાતી પાતળી કમર, આ ઉન્નત ઉરજ, આ મારકણી આંખો, આ કામણગારા ઓષ્ઠ, તારૂ મધુરૂં હાસ્ય—એ શુ ભૂલાય એવી વસ્તુઓ છે?"

"જાઓ, તમે બહુ નફ્ટ છો!' બ્રેસ લાડકી થઇ.

"ખાસ કરીને જે દિવસે વેરન પકડાવાની વાત મે વર્તમાન પત્રમાં વાંચી--"

"ઓહ! ત્યારે તમે સમજી ગયા કે એ કેદી મારો પતિ-" કહી બ્રેસે શરમથી શીર ઝૂકાવી લીધું. તે પોતાનું વાકય પણ પૂરૂં કરી શકી નહિ.

"જે વાતથી તને દુઃખ થાય છે તે છેડવાની કઇ જરૂર નથી. ફ્રેની! સરકારી કામળોપરથી માલૂમ પડે છે કે જો વેરન તેજ મેગ્નમેન છે! હશે, એ વાત જવા દે. કદાચ તું જાણતી હશે કે એ બદમાસ જેલમાંથી નાસી ગયો છે—"

"હા. જાણું છું. એટલુજ નહિ પણ મેંજ અભાગણીએ તેને નાસી જવામાં મદદ કરી હતી." બ્રેસ ખિન્ન સ્વરે બોલી.

"તેં ?" પ્રિન્સ તાજુબ થયો.

"હા. વ્હાલા ! મેં ! હું તેના પઝામાં આબાદ ફસાયલી છું તે તો તમે સારી પેઠે જાણો છો. એ પકડાયો તે દિવસે એની એક રખાતે મને આવીને ધમકી આપી કે તારે અમુક કામ કરવું પડશે; નહિ તો તારી ફજેતી થશે. લાચારીથી મારે તેની આજ્ઞા માનવી પડી. જો ન માનત તો એ બલા મારો ભેદ ખોલી દેત, હું એક ખુની બદમાસ મવાલીની પરણેતર છું તે જાહેર થાત અને તે સાથે તમારૂં પવિત્ર નામ પણ વગોવાત ! આથી હુ ન્યુગેટ જેલ જોવાને બ્હાને ત્યાં ગઇ અને મેગ્સમેનને છત કાપવાને ખપ લાગે એવા હથીયાર આપી આવી."

"કંઇ ફીકર નહિ. ભલે એ નાસી ગયો. વ્હાલી ! હવે કંઇ બીજી વાત કર. લોર્ડ ફ્લોરેમલને તું મળી હતી ? પોલીન પર જડાયલો તેનો પ્રેમ વિચલીત કરવાને મે તને વિનંતી કરી હતી. તારી જાદુભરી ખુબસુરતીથી તે અંજાયો કે નહિ ?" પ્રિન્સે મતલબની વાત કાઢી. તે ઓક્ટેવિયાને લગ્નનું જૂઠું વચન આપી તેનું શિયળ ભ્રષ્ટ કરવાને શક્તિવાન થયો હતો પણ પોલીન પર લોર્ડ ફ્લોરેમલનું દીલ ચોંટવાની ખબર સાંભળી તે વિરક્ત થઇ ગયો હતો. જો પોલીન લેડી ફ્લોરેમલ થાય તો લોર્ડ ફ્લોરેમલ પોતાની સાળી ઓક્ટેવીઆની આબરૂના રક્ષણ માટે પ્રિન્સની સાથે લડવા તૈયાર થશે એવો ભય આ કામી રાજકુમારના દીલમાં ઉત્પન્ન થયો હતો અને તેથી તે બ્રેસની કપટજાળમા લોર્ડ ફ્લોરેમલને ફસાવીને પોલીન એ યુવાન અમીરને પાણીચું આપી દે એવી બાજી ખેલવા માગતો હતો.

"વ્હાલા ! તમારા લાભ માટે હું ગમે તે કરવાને તૈયાર છુ તે તમે જાણો છો. લોર્ડ ફ્લોરેમલને એક દિવસ મે મારા શયનગૃહમાં બોલાવ્યો હતો—સ્ત્રી ચરિત્રથી જેટલી રીતે લોભાવી શકાય તેટલી રીતે મેં તેના ચંચળ હ્રદયને લોભાવ્યુ હતુ અને તે મારા પ્રેમનો શિકાર થવાની અણી પર હતો, મારા લબપર પોતાના લબ દાબી દેવાને ઉત્સુક થઇ ગયો હતો તેજ વખતે મેગ્સમેનની બદમાસ

માશૂક મને ધમકી આપવા આવી પહોંચવાથી મારી આખી બાજી ધૂળમાં મળી ગઇ."

"પછી એ પાછો મળ્યો નથી?"

"નહિ. પણ એ મારા હાથમાંથી ક્યાં જવાનો છે? હું તો મહા માયા છું. મને વિલાસી અમીરોને નચાવવાના અનેક મંત્રો આવડે છે" ગ્રેસ હસી અને તેની સુંદર દંતપંક્તિ જોઇ પ્રિન્સ વ્યાકુળ થયો.

"તો મારાપર એકાદ મંત્ર ચલાવવાની કૃપા કરને—" પ્રિન્સની આંખોમાં કામવાસના ઝબકી ઉઠી.

"તમે કોઇ પરીની મોહજાળમા ફસેલા લાગો છો." કટાક્ષ કરતી ગ્રેસ બોલી

"તારી કલ્પના સાચી છે ફેની!" પ્રિન્સ નફ્ફટ અને કામી સ્વરે બોલ્યો: "હું ખરેખર એક યુવતી પર પાગલ થઇ ગયો છું પણ એ ભયંકર રૂપગર્વિતા છે. એ ખુબસુરત કોયલને ફસાવવા માટે તારી મદદની હું ભિક્ષા માગું છું."

"ત્યારે તો મામલો કઠણ જણાય છે" મશ્કરી કરતાં ગ્રેસે હસીને કહ્યું.

"હા. આજ સુધી હું પ્રેમ માર્ગને બહુજ સરળ માનતો હતો. જે જે રૂપસુંદરી પર આજ સુધી મારી નજર પડી છે તે બધી મારી માશુક થવામાં માન સમજી છે. પણ આ સુંદરી બધાથી જૂદાજ તૌરની છે. એ કોઇ ભોળી નિર્દોષ મુગ્ધા નથી કે મારી મીઠી મીઠી વાતોથી મુગ્ધ થઇ મારા જૂઠા વચનોને માની આત્મસમર્પણ કરી દે. એ કોઇ મધ્યમ વર્ગની પરી નથી કે જે મારા રાજપદની ભભકથી અંજાઇ જઇને પોતાની દેહ વેચી નાખે. એ કોઇ ખુશામદી, સ્વાર્થી અમીરની સ્ત્રી નથી કે જે ઇગ્લંડના ભાવી ગાદી વારસની પ્રેમપાત્રી થવામાં માન સમજે"

"ત્યારે એ છે કોણ?" ગ્રેસે પ્રશ્ન કર્યો.

"એ અત્યંત કુળવાન અને ચારિત્ર્યવાન શ્રીમંત સ્ત્રી છે. તેના ચારિત્ર્ય પર તેણે હજુ સુધી કલંકનું ટીપું પણ લાગવા દીધું નથી છતાં તેના પતિ સાથેનું તેનું વર્તન અદ્દભુત છે. તેનો ધણી માલેતુઝાર છે. ખુબસુરત, યુવાન અને ઉદાર છે, સત્યરિત્ર અને સત્શીલ છે. છતાં કોણ જાણે કેમ આ અભિમાની રમણી તેનાથી સંતુષ્ટ થતી નથી. કહે છે કે ઉપરથી અત્યંત સુખી જણાતું આ સુખી દંપતિ વાસ્તવમાં સુખી નથી. બન્ને જોબનના પૂર બ્હારમાં હોવા છતાં કદિ શયનગૃહમાં એક બીજાને મળતા નથી-"

"ઓહ! તમે કાઉન્ટેસ ઓફ ડેસબરોની વાત કરો છો." પ્રીન્સની પાપી નજર કયાં પડી હતી તે બ્રેસ સમજી ગઈ.

"તું એને ઓળખે છે?"

"હા. તે મારી આશ્રયદાતા છે."

"એમ? ત્યારે તો તે તારી દુકાનમા આવતી હશે?" પ્રિન્સના વદનપર પ્રસન્નતાની છટા આવી.

"બહુજ કમ! આવે છે ત્યારે પણ પોતાની ગાડીમાંથી નીચે ઉતરતી નથી. ગાડીમાંથીજ ઓર્ડર આપી ચાલી જાય છે. જરૂર પડે તો હું તેને બંગલે જાઉં છું. પરમ દિવસે સ્હવારે અગિયાર વાગે હું કાઉન્ટેસને ત્યાં જવાની છું."

"જો એમ હોય વ્હાલી! તો મારાપર એક ઉપકાર કર. એકવાર એ અભિમાનીનીનો દર્પ ચૂર કરવાની સરળતા મને કરી આપ. જો કાઉન્ટેસ એકવાર-ફક્ત એકજવાર મારા બાહુપાશમાં જકડાઇ જશે તો હુ તારો જીંદગીભર ગુલામ થઇ જઇશ." બ્રેસના કોમળ હાથ ધીમે ધીમે દાબતો પ્રિન્સ બોલ્યો.

"પ્રથમ એ કહો કે તમારાપર એનો ભાવ કેવો છે? તમારે એની સાથે પીછાન તો હશેજ. પણ એ જાણે છે કે તમે તેને દીલ દઇ બેઠા છો? તમારી વાત પરથી મને લાગે છે કે તમે તેની સમક્ષ પ્રેમ યાચના કરી આવ્યા છો અને જવાબમા બે ચાર કડવા બોલો સાંભળી આવ્યા છો. જો એમ ન હોત તો તમે તેને રૂપગર્વિતા ન કહેત."

"તારી તર્કશકિત ગજબનાક લાગે છે." પ્રિન્સ બોલ્યો: "તને જે રવીવારે હું મળ્યો હતો તેને બીજે દિને હું એલીનર પાસે ગયો હતો. તે એકલીજ હતી. મેં એને અગાઉ ઘણીવાર જોઇ હતી પણ એકાંતમાં તે એટલી મોહક જણાઇ કે ન પૂછ વાત ! તેને જોતાંજ મારૂ મન લટ્ટુ થઇ ગયું. મારા દીલ પર મારો કાબુ ન રહ્યો અને અંતે હું તેના પ્રેમની ભીખ માગતો તેને ચરણે પડયો કેટલીક વાર તો તે મારા હાથમાં હાથ રાખી બેસી રહી-તેના મ્હો અને આંખો પરથી મને લાગ્યું કે તેના દીલમાં પણ વીજળી સંચાર કરી રહી છે. પણ અકસ્માત તેનો રંગ બદલાઇ ગયો અને તે ઉગ્ર બની ગઇ. મે મીઠી મીઠી વાતોથી તેને મનાવી ઠંડી કરી એટલે તે પુન: હસીને વાત કરવા લાગી. તેના રંગઢંગ પરથી મને પુન: આશા ઉપજી અને મે સાહસ કરી તેને હૃદય સાથે ચાપી દીધી. બે ત્રણ પળ તે કંઇ ન બોલી. તેનું મ્હો લાલ થઇ ગયું. આંખોમાથી વાસના ઝબુકવા લાગી પણ પુન: કોણ જાણે શુ થયુ કે તે એકદમ ઉભી થઇ મને ધમકાવવા લાગી અને ઘંટડી વગાડી નોકરને બોલાવી મારી ગાડી લાવવાનો હુકમ કર્યો. નોકર કંઇ સમજી શકયો નહિ પણ એલીનરે એ વખતે મારૂ જે અપમાન કર્યું હતું તેથી મારૂં દીલ બળી ગયું છે હું તેને વિદાય થતી વખતે ધીમેથી "જોઇ લઇશ." એમ કહી આવ્યો હતો પણ તે પછી હુ તેને મળ્યો નથી." પ્રિન્સે પોતાની રામ કહાણી પુરી કરી.

"હજુ સુધી તમે તેનો સ્વભાવ ન ઓળખી શકયા ?"

"નહિ."

"તેની વાસના ભયંકર છે તે સાથેજ તેની પવિત્રતાની ભાવના પણ દુર્દમનીય છે. એજ પ્રબલ ધર્મ ભાવનાથી તે પોતાની વાસ-નાને દાબી શકી હતી.

"હા. એમ લાગે છે ખરૂં !"

"એવી સ્ત્રીને કુપથપર લઇ જવી અશકય છે."

"શુ ત્યારે હું નિરાશ થઇશ ? તું મને છેક નિરાશજ કરશે !

તારામાં તેને વશ કરવાનું કંઇ જાદુ નથી ? હમણાં તો તું કહેતી હતી કે તને અનેક કામણ આવડે છે ?"

"મેં અશક્ય વાત શક્ય કરવાની વાત કરી નથી. મારા હાથમાં માટી આપો તો તમે કહો તેવી મૂર્તિ ઘડી આપું. પણ પત્થરનું શું કરૂં ?"

"સમજ્યો. કંઇ ફીકર નહિ. મુશ્કેલ કામમાં જરા વિલંબ લાગશે એટલુંજ ને ! લે—" કહી પ્રિન્સે ટેબલ પર પાંચસો પાઉંડની નોટ મુકી "જો ફ્રેની ! હું ગરીબ માણસ છું. આ કામ માટે આટલાજ પૈસા મારી પાસે છે. તને પૈસાથી હુ લલચાઉં છું એમ ન સમજતી આવા કામમાં પૈસાની જરૂર પડે છે તેથી આ આપુ છું."

"જોઉં છું. મારાથી બનતા પાસા નાખી જોઇશ. તમને હું નારાજ કરી શકતી નથી. તમારી મનોકામના પૂર્ણ કરવા માટે હું તનતોડ મહેનત કરીશ. આખર તો એ સ્ત્રી છે–હાડ ચામની જીવતી પુતળી છે. પત્થરની પ્રતિમા તો નથી ! એને પણ વાસના અને મોહ હશે ! પણ તમે તમારી ઓક્ટેવીયાને ભુલી ગયા છો કે શુ ? હવે એ નથી ગમતી ?"

"એનાપર મારો અટલ પ્રેમ છે. બે એક દિવસમાં તેને મળવાની હું ગોઠવણ કરીશ. તે એમ માને છે કે હું લંડન છોડી બ્હારગામ ગયો છું ઓક્ટેવીયાપર મારો જેવો પ્રેમ છે તેવો કાઉન્ટેસ ઓફ ડેસબરો પર નથી. એ જુદીજ જાતનો મોહક નીશો છે. પરમદિને સ્હવારે તું કાઉન્ટેસને ત્યાં જવાની છે ને ? વારૂ. હુ તે દિને સાંજે તને મળીશ." આટલું કહી મિસીસ ગ્રેસને એક આલિંગન લઇ પ્રિન્સ વિદાય થયો.

વાંચનાર, એલીનરને પ્રિન્સની જાળમાં ફસાવવા માટે ગ્રેસ કેવી શેતરંજ રમી આવી ?

પ્રકરણ ૫૭ મું.

ઢોંગી ધર્મગુરૂ.

પ્રિય વાચનાર, ઇંગ્લંડના ભાવી ગાદીવારસને પેલમેલ સ્ટ્રીટની દુષ્ટ દલ્લાલા મિસીસ બ્રેસ સાથે કાઉન્ટેસ ઓફ ડેસબરોને જાળમાં ફસાવવાનુ નીચ કાવતરૂ રચતો છોડી દે અને જર્માન સ્ટ્રીટમાં ઢોંગી ધર્મ ગુરૂઓનો ફારસ જોવા અમારી સાથે ખુશખુશાલ ચાલ્યો આવ.

રાતના આઠ વાગ્યા હતા. એ સમયે લેડી લીટીશીઆ લીડ મરદાના પોષાકમાં સજ્જ થઇ પોતાના જાનોજીગર મીગલ્સને ત્યા જઇ પહોચી. મીગલ્સનો નોકર વાસ્ય તેને ટીમ મીગલ્સના દિવાનખાના મા લઇ ગયો ટીમ આ વખતે શરાબની પ્યાલી ઉડાવી ચીરૂટનો ધુમાડો કાઢી રહ્યો હતો.

"આવ, વ્હાલી લીટીશીઆ! તારા આનંદ માટે મેં આજે એક મઝાદાર ફારસ ગોઠવ્યો છે." લીટીશીઆને જોઇ ટીમ ઉભો થઇ બોલ્યો.

"એ શું વળી? પેલા "ન્યુ લાઇટ" વાળા મહાત્માઓનીજ વાત છે કે?" હૅટ કાઢી વાળ સમારતી લીટીશીઆ હસીને બોલી.

"હા. બેસ. જરા શરાબ ઉડાવી સીગરેટ સળગાવ. પછી બધી વાત કરૂં છું."

લીટીશીઆ ખુરશીપર બેઠી અને ટીમના મ્હો તરફ મસ્તી ભરી આંખે જોતી પ્યાલી ખાલી કરવા લાગી.

"હં!" ટીમે વાત શરૂ કરી: "તને જો વોરનની ખબર પડી?"

"આખું શહેર એ વાત જાણે છે એ બીજો જેક શેફર્ડ નીકળ્યો!..."

"જેલમાંથી એ નાસી ગયો એ જેવી તેવી બહાદુરી નથી."

"હશે, પણ પેલા મહાત્માઓનું શું?"

આ વખતે બ્હાર કોઇનાં પગલાં સંભળાયા તે સાંભળી ટીમ બોલ્યો: "મેં એ લોકોને આજે નોતરૂં દીધું છે."

"ત્યારે તો ખુબ મઝા પડશે. કેટલા જણ છે ?"

"બે જણ.'

તરતજ દરવાજા પર જાણે કોઇ ભેદી ભુતો આવવાના હોય તેમ ત્રણ ટકોરા પડયા. "અંદર પધારો." ધીમે ટકોરાનો જવાબ આપ્યો. લીટીશીઆ હાસ્ય દબાવી ગંભીર થઇ બેઠી દરવાજો ઉઘાડયો અને એક માણસ સાથે રેવરંડ નેથનલ સ્ટીક્સબી ધીર ગંભીર ચહેરે અંદર દાખલ થયો. મીગલે બન્નેને માટે ટેબલની પાસે ખુરશીઓ ગોઠવી દીધી અને આ બન્ને "મહાત્મા" ઓ તે પર બિરાજમાન થયા.

રેવરંડ નેથનલ સ્ટીક્સબીની ઉમ્મર પીસ્તાળીસેક વર્ષની હતી. માથાના મધ્ય ભાગના વાળ ખરી જવાથી ત્યા ટાલ પડી હતી અને બન્ને કાનની પાસે થોડાક ખડબડયા વાળ ઉભા હતા, પાછળના વાળ નાના નાના હતા મ્હો પીળુ, સુકુ અને વ્યસની જણાતું હતું. તે પર ગંભીર ભકિત ભાવની ઉદાસિનતાની ઘેરી છાપ જણાતી હતી. સામાન્ય ખ્રીસ્તીઓથી જુદીજ જાતનો ધર્મભાવ આ માણસના મ્હો પર હતો. તેના હાથ પગ મ્હોમાથાથી માંડીને ખુદ કપડામાં પણ તેણે તેના "ન્યુલાઇટ" પંથનો રંગ ચુસાડી દીધો હતો. તેનું કદ લાંબુ, શરીર પાતળું અને કંઠક વળી ગયેલું હતુ ને ધીમે ગૌરવભર્યા ડગલાં ભરીને ચાલતો હતો અને તેની ચાલમાં પણ તેનો પંથ ઝળકી રહયો હતો.

તેનો સાથી જાડો રૂષ્ટ પુષ્ટ હતો. મ્હો મોટું, ભરાઉ અને લાલ હતું. ચહેરા પરથી તે સુખી અને બેદરકાર જણાતો હતો. તેના વદનપરની થોડીક ગંભીરતાથી એમ માલુમ પડતું હતું કે કોઇ મનોવેદનાથી તેની પ્રકૃતિ વિકૃત થઇ ગઇ હતી કોઇ શ્રીમંત માણસ મદીરાની મહોબતમા સઘળી લક્ષ્મી ફૂંકીને બાવો બની ગયો હોય એવો તે લાગતો હતો.

બન્ને જણા બેઠા પછી તેમની નજર લેડી લીટીશીઆ લીડ પર પડી તે મુસ્કેરાતી નજરે બન્નેને જોઇ રહી હતી. ઓઠ ફુલાવી

સીગરેટનો ધુમાડો કાઢવાની ચેષ્ટા કરવા છતાં પણ તે પોતાનું હાસ્ય દાબી ન શકી. રેવરંડ સ્નીકસબીના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તેના સાથીની પણ એજ દશા થઇ. ઉભય આંખો ફાડી ફાડીને આ ખુબસુરત રમણીને જોવા લાગ્યા તે પગ પહોળા કરી મોજીલા જવાનની પેઠે ખુરશીપર આરામથી બેઠી હતી. પ્રથમ પેલા મહાત્માઓ તેને લાંબા વાળ વાળો કોઇ વિલાસી નવયુવાન સમજ્યા; પણ લીટીશીયાનુ મોહક ધવલ લલાટ, દાઢી મુછ રહિત આકર્ષક કોમળ વદન, સુધારસભર્યા રકત પ્રવાલશા બીમ્બાધરો, સુગૌર કાંતિ અને સુકિંચન કૃષ્ણ કેશ ગુચ્છ જોતાં ઉભયને તેની જાતિ વિષે શકા ઉત્પન્ન થઇ બીજીજ પળે તેમની નજર લીટીશીઆના પીન પયોધરોપર પડી એટલે બન્નેની મતિ ગૂમ થઇ ગઇ અને તેઓ એક બીજા તરફ ફાટી આંખે જોવા લાગ્યા

અતે પેલા જાડા માણસની જીભ ખુલી. જાણે કોઇ પવિત્ર માણસ અચાનક વેસ્યાના ઘરમા આવી પોતાને ભ્રષ્ટ થયલો સમજી લે તેમ હાથ લાંબો કરી, ભવાનો ચીલ્લો ચઢાવી તે બોલ્યો: "રેવરંડ સાહેબ ! આ માયાવિનીને ઓળખી ?"

"મિત્ર ! આ કોઇ દુષ્ટા સ્ત્રી જણાય છે." રેવરંડ સાહેબ તેવોજ અભિનય કરતા બોલ્યા.

મીગલ્સ અને લીટીશીઆ કંઇ ફારસ જોવાની આશામાં ચુપ બેઠા હતા. તેઓ આ વાત સાંભળી ગુસ્સે થવાને બદલે ખિલ-ખિલ હસી પડયા.

આ જોઇ સ્નીકસબીનો સાથી ઇકેબોડ પેકસબોકસ બોલ્યો: "ભાઇ ! આ જગ્યા આપણે લાયક નથી. આપણે નાસ્તિકોના ઘરમાં આવી પડયા છીએ."

"એટલા માટેજ આપણે અહિં થોભી એ નાસ્તિકોને સ્વર્ગનો પંથ દેખાડવાની જરૂર છે." રેવરંડ સ્નીકસબી જે લીટીશીઆની સુંદરતાથી મંત્રમુગ્ધ થઇ ગયો હતો તેણે જવાબ વાળ્યો: "સુમધુર

ઉપદેશદ્વારા આ ધર્મપથ ભ્રષ્ટ રમણીના હૃદયમાંથી ભોગ તૃષ્ણાની વાસનાનો નાશ ન કરવો એ આપણે માટે શરમ ભર્યું છે."

"તો બેસો." તેના સાથીએ કહ્યું.

"મહાશયો! જો આપ ખરેખર અમને આધ્યાત્મિક જ્ઞાન આપવા માગતા હો તો અમારૂ આતિથ્ય તમારે સ્વીકારવું પડશે. જુઓ ટેબલ પર પોર્ટ, શેરી વિગેરે ભાત ભાતના શરાબો પડયા છે. દશ વાગે મરઘી, કવાબ, પટેટામા ગોસ વિગેરે સ્વાદિષ્ટ ભોજન આવશે." ટીમે હવે મહાત્માઓને લલચાવવા માડયા.

નીચે આવતી વખતેજ સ્નીકસબીને રસોડામાંથી મધુર સુગંધ આવી હતી. ટીમને મ્હોડે ભાત ભાતની વાનીના નામ સાંભળી તેની જીભમાં પાણી છુટયું. છતા તેણે ગંભીરતાથી ડોકું ધુણાવી કહ્યું: "અફસોસ! વિલાસ–કેવળ વિલાસ વાસનામાં તમે રચી પચી રહ્યા છો."

આ સાંભળી ધ્રુકેબોડ પેકસબોકસ ઉપદેશ દેવાને તૈયાર થઇ જઇ બબડયો: "આ બધો મોહ છે મોહ!"

તરતજ ગ્લાસમાં દારૂ રેડી સ્નીકસબીએ કહયું: "ફકત પેટ ભરવા માટે જરા પી લો બાધ!'

"હા. પેટને માટે પાપી પેટને માટેજ જરા પીવાની જરૂર છે." કહી ધ્રુકેબોડે આખો ગ્લાસ પેટમા રેડી દીધો.

"મહાશયો! તમારા પવિત્ર નામો અમે અત્યાર અગાઉ સાંભળી લીધા છે. પણ તમે મારી સંગિનીનું નામ નહિ સાંભળ્યું હોય! આ સ્ત્રી ઇંગ્લડના શ્રીમત ઉમરાવ સર જોન લીડ બેરોનેટની પત્ની છે."

ખલાસ! લીટીશીઆ શ્રીમત ઘરની સ્ત્રી છે એ વાત જાણતાંજ મહાત્માઓ ચાંકી ઉઠયા આવી કુલીન સ્ત્રીને ઉભયે દુષ્ટા માયાવિની કહી હતી તે માટે બન્નેને પસ્તાવો થયો અને સ્નીકસબી એકદમ

દારૂના તાનમાં બોલ્યો: "હંકેબોડ ! આ મહાપ્રતાપી કુલીન બાનુનું અપમાન કરનારો તું ગધેડો છે !"

"અને તું ગધ્ધાનો સરદાર છે." તેના સાથીનો મીજાજ પણ ગયો.

"મિત્રો શરમાઓ ના તમારા કહેવાથી મને જરા પણ માઠું લાગ્યું નથી. ઉડાઓ ! લો, તમારા નવા ધર્મપંથ "ન્યુલાઇટ"ની સલામતી !" લીટીશીઆ બધાના ગ્લાસ ભરતી બોલી.

"ન્યુલાઇટ"ની સલામતી લેતાં જરા શરાબ લેવામાં કંઇ ખોટું નથી."

"જરા પણ નહિ. ઉડાવો, આમીન !"

બન્ને મહાત્માઓ ગ્લાસ ખાલી કરી ગયા. પછી ટીમે બન્ને મહાત્માઓની સલામતી લેવડાવી મહાત્માઓ ખીલ્યા તેમણે લીટીશીઆ અને ટીમની સલામતી લેવડાવી હવે બન્નેને શરાબ પીતા કોઇ ધર્મનો ભુત નડતો ન્હોતો એટલે ઉભય નિઃસંકોચ બબ્બાના બ્હાર્માં ઉડવા લાગ્યા. નીશાની જોશમા સ્નીકસબીને ભાષણ કરવાનો શોખ થઇ આવ્યો અને તે ઉભો થઇ લથડતે સ્વરે બોલવા લાગ્યો.-

'ભાઇઓ અને બ્હેનો !—" આ સાંભળી ટીમ ખડખડ હસી પડ્યો. લીટીશીઆને ખુબ મઝા પડી: "જેમ પર્વતના શિખર પર હરણનું બચ્ચું કુદે છે તેમ તમારા સ્વાગતથી મારૂં હૈયું ઉછળી રહ્યું છે. હું મહા પાપી, ગુણહીન અને દુષ્ટ છું. પણ પ્રભુની આજ્ઞાથી "ન્યુ લાઇટ" નામનો સંપ્રદાય સ્થાપવાને હું ઉદ્યુકત થયો છું. આ પંથના સભાસદોને સામાન્ય ફંડ માટે દર અઠવાડિયે ત્રણ અને "સાલેમ ચર્ચ" માટે એક પેની આપવી પડે છે. એ શિવાય જેને જે આપવું હોય તે આપવાની છુટ છે. કેમકે ધર્મ કાર્યમાં કોઇની ઉદારતા પર અંકુશ મુકવાની પ્રભુની આણ છે. હું આ પંથનો જન્મદાતા છું. અમારો હેતુ બીજા પંથોને જૂદા પાડી

જગતમાં શાંતિ સ્થાપવાનો છે. મારો પંથ લશ્કરી પંથ છે. તે કોઇની વાત કે દલીલ સાંભળશે નહિ; સીધો હુમલોજ કરશે. ગમે તે રીતે બીજા પંથોને હસી કાઢવાનું મારૂં પરમ કર્તવ્ય છે મારો પંથ સર્વથી શ્રેષ્ઠ અને સૌથી ઉદાર છે

"એકવાર હું કપડાવાળો હતો બહુ મોજશોખમાં રહેતો હતો. શરાબ અને સુંદરીઓનો પરમ ભકત હતો. મે જમજમાહ અને વિલાસ વૈભવની આસકિતમાં હું કરજદાર થઇ ગયો કમબખ્ત લેણદારોએ મને દીવાની જેલમા મોકલ્યો. મારી સઘળી મીલકત લીલામ થઇ ગઇ મારી વ્હાલી વસ્તુઓ પરાયા હાથમાં ગઇ. જેલમાં થોડાક દિવસ સડીને હું બ્હાર નીકળ્યો ત્યારે મારી પાસે કાણી કોડી પણ ન હતી. પેટમાં ભૂખને લીધે કુરકુરીયા બોલતા હતા એ વખતે મારા હૃદય પર પ્રકાશ પડયો ભગવાને કહ્યુ: મૂર્ખા! બેસી શું રહ્યો છે? મારા નામનો વધો કર. તારા જેવાના ગુજરાન માટે તો મેં અંધ શ્રધ્ધાળુ લોકો પેદા કર્યા છે. "બસ, એ પળથી મેં "ન્યુ લાઇટ"–નવચેતન–નવજીવન માટે ભાષણો આપવા માંડયા ધન, લક્ષ્મી, સ્ત્રી પુત્ર સર્વ માયા છે–ફકત પ્રભુજ સત્ય છે એવો ઉપદેશ કરવા માંડયો અને આજે 'ન્યુ લાઇટ' ની મહેરબાનીથી અનેક પાપીઓ મારી પાસે મુકિત અને મોક્ષ ખરીદવા માટે માગુ તેટલા પૈસા ભેટ મૂકી જાય છે. ભાઇ ટીમ મીગલ્સ અને બ્હેન લીટીશીઆ! તમે પણ આવો, આ ધર્મ પંથ તમારે માટે ખુલ્લો છે. સુંદર વસ્ત્રાભુષણો અને સ્વાદિષ્ટ ખાનપાનનો મોહ તજી દો બસ, તમારૂં સર્વસ્વ મને અર્પણ કરીને "સાલેમ ચર્ચ" મા દાખલ થઇ જાઓ. ત્યાંથીજ તમને મુકિત મળશે."

ભાષણ પૂરૂં થયું. પુન ગ્લાસ ભરાયા અને ઇકેબોડની વકતૃત્વ શકિત એકદમ ખીલી નીકળી, ને ઉભો થઇ બબડયો:

"ભાઇઓ '—તમારા—"

"બ્હેનને ભૂલી ગયા કે?" લીટીશીઆ હસીને બોલી.

"ભાઇઓ અને બ્હેન!" ઇકેબોડ ભૂલ સુધારી "તમે મારૂં પાપી પેટ ભરવા માટે તમારા પાપી પૈસાનો વ્યય કરી જે શરાબ મારા પેટમા હોમવા દીધો છે તે માટે હું તમારો આભાર માનું છુ. મારા

લંડન રાજ-રહસ્ય.




કાઉન્ટેસ ઓફ ડેસબરો.


અડંગ ઉઠાવગીરોના કટ્ટા શત્રુ તે કોણ?

એચ. વલભરામની કું.

ની



અખંડ તીજોરી



ભયંકર આગમાંથી

પણ

તમારી મીલકત આબાદ

બચાવી લેવાની શકતી ધરાવે છે.

અને

ગમે તેવા તીક્ષણ ઓજારોથી પણ નાસીપાસ થવુ પડે છે

તેજ તેની ખરી કસોટી અને કીંમત છે

ભાવ માટે લખો **એચ. વલભરામ એન્ડ કું૦**

કારખાનુ ફોકલાંડ રોડ, મુબઈ.

શોરૂમ અબદુલ રહેમાન સ્ટ્રીટ, મુબઇ નં. ૩.

બ્રાંચ-નં. ૩૫૬, બુધવાર પેઠ. પુના.

એજન્સી બેંગલોર સીટી.

મિત્ર સ્નીકસબીનું જીવન ચરિત્ર સાંભળ્યા પછી મારૂં જીવન ચરિત્ર જાણવાને તમે આતુર થઇ રહ્યાં હશો. સાંભળો! કમનસીબે મારે માંસ અને પનીરનો ધંધો કરવો પડયો હતો. મી૦ સ્નીકસીબીની પેઠે મેં પણ ઘણું મેળવ્યું અને ઘણું ગૂમાવ્યું. સાચી વાતમાં શરમ શાની? બારબાર વર્ષ સુધી એક રાત મે દારૂની પૂરી મસ્તી ચાખ્યા વિના ગૂમાવી નથી. પણ આ અસાર સંસારમા કોઇની મસ્તી હમેશ ટકી રહે છે? અંતે હું પણ કરજદાર થયો અને માગનારાઓની મ્હોકાણથી જેલમાં જઇ બેઠો. જેલમાંથી બ્હાર નીકળ્યો ત્યારે શરાબનું એક ટીપું પીવા માટે હું આકુળવ્યાકુળ થઇ ગયો હતો. જે પીઠામા મે હજારો રૂપિયા ખરચ્યા હતા ત્યાં જઇ એક ગ્લાસ શરાબ ઉધાર માગતા પીઠાવાળાએ ગાળો દઇ મને બ્હાર કાઢી મૂકયો રસ્તાપર જઇ મેં પણ એ બેશરમ પીઠા વાળાને હજારો ગાળો દીધી. બે દિવસના કડાકા પછી અચાનક મને પયગંબર થવાની ધૂન આવી. એ ઇશ્વરી પ્રેરણા હતી સમજ્યા! "ન્યુસ ઇટ"ની સ્થાપના થવાની મને ખબર હતી એટલે હુ સીધો મી૦ સ્નીકસબીને મળ્યો અને મારી પ્રખર શ્રધ્ધા જોઇને એ ભલા મિત્રે મને પોતાનો સાથી બનાવી દીધો. મી૦ મીગલ્સ અને લેડી લીડ! અમારા જેવા મહાપુરૂષો—ઇશ્વરના દૂતો તમને અનાયાસે મળી ગયા તેથી ખુશી થાઓ. ચાલો, તમારા તનમન અને ખાસ કરીને ધન લઇને અમારી સાથે ચાલો. અમે તમને મોક્ષનો પરવાનો વગર વિલંબે લખી આપીશુ."

ભાષણ પૂરૂં થયું. ટીમ અને લીટીશીઆ ખડખડ હસી રહ્યાં. તેમને આ ઢોંગી પાખંડીઓની દશા જોઇ ખુબ મઝા પડી.

દશ વાગ્યા. પીગલબરી અને વાસ્પ ભોજન લઇ આવ્યા હજુ રકાબીઓ પીરસાતી હતી તેટલામાંજ બન્ને મહાત્માઓ ભુખ્યા ડાંસની પેઠે ભોજનપર તૂટી પડયા. ધકેબોડ વચ્ચે વચ્ચે શરાબની પ્યાલી ભર્યોજ જતો હતો. અગીઆર વાગામા તો તેની દશા ગટર માપવા જેવી થઇ ગઇ.

"અરે! દોસ્ત!...હવે જરા રંગ રાગ..." તે બબડયો.

"ચૂપ રહે! તને ચઢી ગયો છે!" સ્નીકસબી જરા શુધ્ધિમા હતો તેણે કહ્યું.

"કોને ? કોને ચઢી ગયો છે ? મને ? અરે, જા જા ! હજુ તો એક પાઈંટ પી જઈશ...હીક...હીક..." દારૂબાજ બોલ્યા.

"મી. મીગલ્સ ! આ મતવાલો થઈ ગયો છે."

"કંઈ ફીકર નહિ ચાલ, વારૂ ! આપણે આ મહાત્માને ઉપર લઈ જઈએ."

ટીમ અને મીગલ્સ ઇકબોડને ઉપાડી ઓરડામાંથી બ્હાર ગયા. પાછળ પીગલઅરી ગઈ હતી સ્નીકસબી લીટીશીયા સાથે એકલો પડયો. તે પ્રથમ પોતાની ખુરશી લીટીશીઆની છેક બાજુમા લઇ ગયો. કામાતુર નજરે લીટીશીઆના હસતા વદન તરફ જોઇ તેણે પોતાનો હાથ લીટીશીઆના હાથને લગાડયો લીટીશીઆ તેની ગમ્મત જોવા માગતી હતી તેથી કંઇ ન બોલી. મહાત્મા સમજ્યા કે આ રમણી તેના પર પાગલ થઇ ગઇ છે એટલે તેણે લીટીશીઆના પગ પર ધીમેથી પગ મૂકી દીધો. પછી તે લીટીશીઆની કમ્મર પર હાથ મૂકી બોલ્યો.

"આવો તંગ કોટ પહેરવાથી તમને દુઃખ થતું નથી ?"

"નહિ. જરાપણ નહિ."

"ઓહ ! સુંદરી ! તમે કેવાં ખુબસુરત છો ! તમારા આ રસ ભર્યા અધરોનો સુધારસ પીવા માટે હું મારો આખો ધર્મપંથ કુરબાન કરવા તૈયાર છું," કહી તે પોતાનું મ્હો લીટીશીઆના ઓઠ આગળ લઇ જતો હતો તેજ પળે લીટીશીઆએ ડાબા હાથે તેના ગાલપર એવો તમાચો માર્યો કે મહાત્માજી ખુરશી પરથી નીચે ગબડી પડયા. બીજીજ પળે ટીમ હસતો હસતો અંદર આવી બોલ્યો. "અરે ! આ વળી શું છે ?"

"કંઇ નહિ. મહાત્માજી જરા મારી સાથે પ્રેમ ગોષ્ટિ કરવા આવ્યા હતા." ખિલખિલ હસતી લીટીશીઆ બોલી: ઉઠો મી. સ્નીકસબી ! તમે જાણો તો છો કે હું દુષ્ટા માયાવિની વિલાસિની સ્ત્રી છું. હવે મને વધુ દુષ્ટ બનાવવાની કોશીષ ના કરો."

સ્નીકસબીનો શરાબ કોણ જાણે કયા ઉતરી ગયો અને તે નીચે મ્હોડે ઉઠીને ઓરડામાંથી કાળું કરી ગયા. તે ગયા પછી લીટીશીઆ ટીમની સાથે આ વહેંતીઆ ધર્મગુરૂઓનો ફારસ યાદ કરી ખડખડ હસવા લાગી.

સાહિત્ય રસિકોને અપૂર્વ વધામણા.

બ્હાર પડી ચુકી.

રા. મધુકરની રસ ઝરતી વારતા

રજવાડાના રંગરાગ

યાને

બેગમ કે બલા ?

રા. મધુકરની આ સ્વતંત્ર નવલકથાની પ્રશંસા કરવી તે સોના પર ઢોળ ચઢાવવા સમાન છે બાવલા મુમતાઝના કરૂણ કીસ્સાને ભૂલાવી દે એવા દેશી રજવાડાના રંગરાગો અને કાવાદાવાઓ, મુંબઇના અંધાર પરદા પાછળના ભયંકર ભેદભરમો અને પાક મહોબત તથા પાપી હવસના રોમાંચ ખડાં કરનારા પ્રસંગોથી ભરપૂર આ વારતા વાંચતાં તમે ખાવા પીવાનું ભૂલી જશો.

ચાર ચાર ચિત્રો ને પાકું સુંદર પૂઠું.

કિમ્મત રૂ. ૨–૮ (ટપાલ ખર્ચ જુદું.)

લખો—મેનેજર વિલાસ.

૯૮, હોળીચકલા, કોટ, મુંબઇ.

પ્રકરણ ૫૮ મું.

ફાંસીની સજા.

બીજે દિને સ્હવારે ન્યુગેટ જેલનો અધિકારી સેપર માર્ટીન અને રામસેને ઓલ્ડ બેલીની કોર્ટમાં હાજર થયો. આકાશ નિર્મલ હતું. સૂર્ય કિરણો અદાલતમાં ધુસીને અપરાધીઓના મ્હો પરના વિકૃત ભાવો સ્પષ્ટ કરી રહ્યાં હતાં. જુરરો શપથ લઇ પોત પોતાના સ્થાન પર બેસી ગયા ન્યાયધિશ ન્યાયાસન પર બીરાજ્યા. તેની પાસે બે માજીસ્ત્રેટો બેઠા બેઠા આગલે દિને લોર્ડ મેયરને ત્યાં થયલા જલસાની ધીમે ધીમે વાત કરી રહ્યા હતા ન્યાયધીશની સામેના ટેબલ પર બેઠેલા વકીલ બૅરીસ્ટરો મુકદમાઓના કાગળોના બંડલો ખોલી રહ્યા હતા.

આખા લંડન શહેરમા આ કેસે ભારી ચર્ચા જગાવી હતી એટલે ન્યાયાધિશની અદાલત પ્રેક્ષકોથી ચીકાર ભરાઇ ગઇ હતી. અનેક રમણીઓ પણ સારાં સારાં વસ્ત્રોમા સજ્જ થઇ આ ભયંકર તમાસો જોવા આવી હતી.

બન્ને આરોપીઓ પર જાણે જમના દૂતોની છાયા ફરી વળી હોય તેમ ચિંતાની ધેરી છાપ હતી. બન્ને આરોપીઓના પીંજરામાં જઇ ઉભા ત્યારે તેમના પગ લથડવા લગ્યા તેમને આગલા સુખી દહાડાનુ સ્મરણ થયું રામસે અને માર્ટીને શુ કરવામા બાકી રાખી હતી. સર રીચર્ડ સ્ટેમ્ફર્ડની લક્ષ્મીનો બન્નેએ છુટથી ઉપયોગ કર્યો હતો. હજારો બનાવટી ગીનીઓ બજારમાં ધકેલી દઇ પોતાના ખીસા તર કર્યા હતા. ઉદાર અને વિશ્વાસુ સ્વભાવના સર રીચર્ડ સ્ટેમ્ફર્ડનો વિશ્વાસઘાત કરી બદમાસ રામસેએ લેડી સ્ટેમ્ફર્ડના જોબનનો બ્હાર લૂંટી આખરે તેનું સત્યાનાશ વાળ્યુ હતું. દૈત્યો પણ જેનાં કામોની અનુક્રમણિકા વાંચી ભડકી ઉઠે એવો મહા નીચ બદમાસ રામસે પોતાના મદદનીશ માર્ટીન સાથે કાયદાની અદાલતમા સજાની રાહ જોતો ઉભો હતો.

"સાયલન્સ"ના અવાજ સાથે કેસની શરૂઆત થઇ સાક્ષીઓને બહાર જવાનો હુકમ થયો ધીમેધીમે એક પછી એક સાક્ષીઓની જુબાની લેવાઇ પછી આરોપીઓના એકરાર થયા માર્ટીને ધીમા-પડી ગયલા સ્વરે પોતાને નિર્દોષ જાહેર કર્યો પણ રામસેની ધૃષ્ટતા

અજબ જેવી હતી. તે મોટા સ્વરે હિમ્મતથી બોલ્યો "માઇ લોર્ડ ! હું તદન નિર્દોષ છુ."

સરકાર પક્ષ તરફથી સરકારી વકીલે આખા કેસની વિગતો રજુ કરી આરોપીઓ પર વિશ્વાસઘાત અને નકલી સીક્કા બનાવવાનો આરોપ હતો બીજો આરોપ સર રીચર્ડને બળાત્કારથી કેદ કરવાનો હતો.

સર રીચર્ડ સાક્ષીના પીંજરામાં આવ્યો ત્યારે તેના વદન પર દુ:ખની સ્પષ્ટ છાયા તરવરી રહી હતી. જે પાપીઓએ તેનું સત્યાનાશ વાળ્યું હતું તેમને માટે પણ આ ઉદાર ઉમરાવના દીલમાં દયા હતી. બૅરોનેટને જોતા અનેક પ્રેક્ષકોના મ્હોમાથી સહાનુભૂતિ સૂચક શબ્દો નીકળી પડયા કેટલાકો અજબ થઇ ગયા કેમકે સર રીચર્ડનો ચહેરો આબાદ પ્રિન્સ ઑફ વેલ્સ જેવો હતો.

શરમને લીધે સર રીચર્ડને જોઇ માર્ટીને નીચું જોયું. રામસેએ એકવાર તેના તરફ છૂપી નજર નાખી પછી દોઢ કલાક સુધી તેની જબાની ચાલી પણ રામસેએ એકવાર પણ પુન: બેરોનેટ તરફ જોવાની હિમ્મત કરી નહિ.

સર રીચર્ડે સરૂઆતથી પોતાની કમનસિબ કહાણી શરૂ કરી રામસે અને મારટીન તેની બેકમા દાખલ થયા, બને પર તેનો વિશ્વાસ જામી ગયો, આખરે તેણે બેકના હિસાબો તપાસી બેકની તીજોરીનું તળીયું આવી રહેલું જોયું, એલ્સબરીના હોટલમા તેણે રામસે અને માર્ટીનની છૂપી વાત સાંભળી વિશ્વાસઘાત થવાની ખાત્રી કરી લીધી, રામસે અને માર્ટીન નકલી ગીની વેચવાને લડન ગયા હતા, તેઓએ જો વોરન ઉર્ફે મેગ્સમેન સાથે દોસ્તી રાખી હતી વિગેરે વાતો રજુ થઇ પછી સર રીચર્ડના મકાનમાં લાગેલી આગ, તેની પત્નીનો આપઘાત, થેકર્સ કોર્ટના બેદી ભોંયરામાં કેદ, એક કાગળપર સહી કરવા માટે તેણે કરેલો એકરાર, પેજ સાથે મેળાપ, ભોંયરામાંથી નાસભાગ, પુન: પોતાની પત્ની સાથે મુલાકાત, તેની સ્ત્રીએ મરતી વખતે માજીસ્ટ્રેટ સમક્ષ કરેલો એકરાર વિગેરે હકીકત જણાવીને સર રીચર્ડે પોતાની નિર્દોષતા સાબીત કરી આપી.

લેડી સ્ટેમ્ફર્ડનો મરતી વખતનો એકરાર નોંધી લેનાર માજીસ્ટ્રેટ તે પછી સાક્ષીના પીંજરામાં આવ્યો અને તેણે એકરાર નોંધી લેવાની વાત જણાવી તે પછી પોલીસ અમલદાર પીટર ગ્રમલે આવ્યો. તેણે આરોપીઓને ગીરફતાર કરવાનો કીસ્સો કહી થેકર્સ કોર્ટના મકાનમાંથી મળેલો એક કાગળ રજુ કર્યો જે નીચે મુજબ છે:—

હું નીચે સહી કરનાર સર રીચર્ડ સ્ટેમ્ફર્ડ બેરોનેટ આ કરારથી એલ્સબરી બેંકની ઉન્નતિ માટે મારી સઘળી મીલકત મેસર્સ રામસે અને માર્ટીનને આપી દઉ છું. હું કપટજાળ ફેલાવવા જતાં ભારી ગુન્હો કરી બેઠો છું. જો માર્ટીન અને રામ્સે બધો મામલો સભાળી લેશે તો હુ ઈંગ્લંડ છોડી અમેરિકા ચાલ્યો જઈશ અને બાકીની જીંદગી ત્યાંજ ગાળીશ એવું વચન આપું છું. મારા ગુજરાન માટે રામસે અને માર્ટીને દર વરસે પાચસો પાઉંડ અમેરીકા મોકલવા."

આ કાગળ રામસેને હાથે લખાયો હતો. તે પર તારીખ નહતી તેમ કોઇની સહી પણ નહતી. આ કાગળ પર સર રીચર્ડની સહી લેવા માટે તેના પેલા ભેદી ભોંયરામા બદમાસોએ વિધવિધ રીતે સતાવ્યો હતો.

તે પછી પેજ સાક્ષીના પીંજરામાં આવ્યો. તેણે પોતાની કરમ કથા રજુ કરી હોર્સલી ડાઉનમાં મેગર્સ સ્ટાફના સરનામા પર જોસફ વૉરન પર રામસેએ લખેલી નીચેની ચીઠ્ઠી રજુ કરી—

૧૭ મી માર્ચ ૧૭૯૪

"સોદો મંજુર છે. આ ચીઠ્ઠીમાં સો પાઉંડની નોટ મોકલી છે તેની પહોચ લખજો. પરબીડીઆ પર "ખાનગી" લખીને પહેલાંની પેઠે મી૦ એમ ને નામે જવાબ લખજો હાલમા અમે ત્રણ હજાર ગીની લઇશું. બરાબર સીક્કા પૅક કરજો અને પેટી પર "સી. એન્ડ કું." ની છાપ મારજો. પેટી મળતાં બીજા સો પાઉંડ મોકલીશુ."

બીજો સાક્ષી એલ્સબરી બેંકનો આગલો ખજાનચી હતો. તેણે ઉપલી ચીઠ્ઠીઓમાંના દસ્કત રામસેના છે એવી ખાત્રી આપી કહ્યુ "સર રીચર્ડ બેંકનો હિસાબ કદિ જોતા ન હતા. ગયે વરસે (૧૭૯૪માં)

વસંત ઋતુમાં એક પેટી આવી હતી તેમાં ત્રણ હજાર ગીની હતી. મી૦ માર્ટીને તે ગીનીઓ સાથે ભેળી દીધી હતી. પ્રસંગ મળતાં એ ગીનીઓ વેચાવામાં આવી હતી. હું ગીનીને સાચી સમજ્યો હતો અને તે લંડન બેંકના એજંટ કાઉન્ટેસ કંપનીની ઓફીસમાંથી આવી છે એવી તે વખતે મારી માન્યતા હતી."

બેંક ઓફ ઇંગ્લંડના એક કારકુને તે પછી રામસે બનાવટી સહી કરી અનેક જણના પૈસા હડપ કરી ગયો હતો. બીજા બે ત્રણ સાક્ષીઓએ આવી જણાવ્યું કે તેમને નામે થયલા વેચાણ બનાવટી છે.

સાક્ષીઓ પૂરા થયા પછી બચાવ પક્ષના બૅરિસ્ટરે ભાષણ કર્યું એ બિચારાને પાપીઓનો બચાવ કરવાનો હતો. કેસ તદ્દન નકામો હોવાથી તેણે જ્યુરરોના દીલમાં દયા ઉત્પન્ન કરવાની કોશેષ કરી પોતાની બેઠક લીધી તે પછી જજે કેસના ગુણદોષ સમજાવ્યા જ્યુરી વિચાર કરવા ગઇ અરધા કલાક પછી જ્યુરી પાછી ફરી પણ એટલામાં આરોપીઓના રંગઢંગ બદલાવા લાગ્યા. માર્ટીનનો ચહેરો શબ જેવો ફીકકો પડી ગયો. લોકોને તેની દયા આવી. રામસે શાંત રહેવાની ચેષ્ટા કરવા લાગ્યો પણ તેનું દીલ શાંત રહ્યું નહિ. તેના ઓઠ કંપતા હતા. જરા જરા વારે તે આમથી તેમ હાથ પછાડતો હતો. તેની આંખો ભાવહીન થઇ ગઇ હતી. દારૂણ ઉદ્વેગ અને આ શંકાથી તેનું હૃદય બેચેન થઇ ગયું હતું. અતે જ્યુરી આવી અદાલતમાં પુન: શાંતિ છવાઇ ગઇ.

કલાક ઓફ ધી કાઉને વિધી પુરઃ સર જ્યુરીનો મત પૂછ્યો. ગભીર સ્વરે જ્યુરીના ફોરમેને કહ્યું: "ગુનેહગાર!"

તરતજ ન્યાયાધીશે બન્ને આરોપીઓને ગુનેહગાર ઠરાવી ફાંસીની સજા ફરમાવી બન્ને બદમાસો અવાક થઇ ગયા. બન્નેની આંખો ફાટી ગઇ. બન્નેને જેલરે કેદમાં લઇ ગયા.

આ પ્રસંગે કહેવાની જરૂર છે કે બદમાસ મેગ્સમેનના સાથી બીગ બેગરમેન ઉર્ફે સ્ટીફન પ્રાઇસ અને બ્રીગ્સને સર રીચર્ડને બળાત્કારથી કેદ કરવા માટે પંદર વર્ષ દેશપારની સજા થઇ હતી.

આ રીતે ન્યાયાધિશે રામસે અને માર્ટીનને ફાંસીને લાકડે લટકાવવાનો હુકમ ફરમાવ્યો પણ આ બદમાસો ખરેખર ફાંસી જશે કે ?

તમે "વિલાસ"ના ગ્રાહક છો?

ન હો તો આજેજ થાઓ.

વિલાસ.

ગુજરાતના જાણીતા નોવેલીસ્ટ રા. મધુકરના સહકારી
તંત્રીપદ નીચે પ્રગટ થતું પત્ર.

રાજદ્વારી, આર્થીક સંસારી બાબતોની સ્વતંત્ર ચર્ચા કરનારૂં સસ્તામાં સસ્તું અઠવાડિક પત્ર છે. તેમાં રેનોલ્ડસની આલમ મશહુર નવલકથા લંડન રાજરહસ્ય અથવા ગોરા વિલાયતના કાળાં ભોપાળાં દર શનિવારે રા. મધુકરની રસીક કલમથી લખાયે જાય છે. એ ઉપરાંત ટુંકી વારતાઓ, નાટક સીનેમાની રસભરી બાનીઓ, દીલચશ્પ ચિત્રો અને દીલ બહેલાવનારા કાવ્યો પણ તમારી સેવામાં રજુ થાય છે.

વર્ષે ફકત રૂ. ત્રણ.

બ્હારગામ વી. પી. સાથે રૂ. ૩–૪
હિંદ બ્હાર રૂ. ૫

લખો: મેનેજર

વિલાસ.

૯૮, હોળી ચકલા, કોટ

મુંબઈ.

પ્રકરણ ૫૯ મું.

ડચેસ અને કાઉન્ટેસ.

જે દિવસે રામસે અને માર્ટિનનો કેસ કોર્ટમાં ચાલતો હતો તે દિવસે સાંજે ચારેક વાગ્યાને સુમારે અર્લ ઓફ ડેસબરોના આલીશાન ભવનના દરવાજા આગળ એક સુંદર ગાડીમાંથી એક રમણી ઉતરી. તેને જોતાંજ અર્લનો નોકર અત્યંત તેને માન સાથે એક દિવાનખાનામાં બેસાડી આવ્યો અને ત્યાં એક સોફા પર બેસી એ અમીરજાદી કાઉન્ટેસ ઓફ ડેસબરોની રાહ જોવા લાગી. એ રમણીની વય આશરે પાંત્રીસ સાડત્રીસ વર્ષની હતી. પણ ઉતરતી વય થવા છતાં તેની જુવાની ઉતરી ન્હોતી આ ઉમ્મરે પણ તેને જોતાં જોનારનું દીલ મુગ્ધ થઇ જાય એવી તેની ખુબસુરતી હતી. વિધાતાએ જાણે ફુરશદે તેના અંગ પ્રત્યંગ બનાવ્યા હોયની એવો ભાસ થતો હતો. તેના હસમુખા ચહેરા પર વિલાસ પ્રિયતાની સ્પષ્ટ છટા જણાતી હતી. તેના સુંદર રેશમ જેવા ભુરા વાળ તેના ખભા પર લટકી તેના વદનની શોભા વધારી રહ્યા હતા. તેની આંખો મદભરી, કાતીલ અને મોહક હતી તે અત્યંત ગોરી હતી અને તેના ગોરા ગાલ પર ગુલાબી રંગત છાઇ હતી. તેના ઓઠ નાના અને લાલ હતા. તેના દાંત શ્વેત મોતીને શરમાવે એવા મોહક હતા તે જરા જાડી હતી પણ તેનો બાંધો મનોહર હતો. તેની કમ્મર પાતળી અને ઉરજ ઉન્નત હતા. તેના ગોળાકાર હાથ જોઇ ગમે તેવા ઋષી મુનીનું મન પણ ચળિત થઇ જવાનો ભય હતો. ઉપર ઉપરથી જોતાં તે ભાગ્યેજ ત્રીસેક વર્ષની હશે એમ લાગતું હતું.

આ લાવણ્યમયી પ્રૌઢ ડેવન શાયરની ડચેસ હતી. તેનું નામ જયોર્જીયાના ! અમારી નવલકથાના કાળમાં તે વિલાસી અમીર ઉમરાવોની ઉપાસ્ય દેવી હતી. રાજ કુટુંબમાં પણ તે અત્યંત પ્રિય થઇ પડી હતી. પ્રતિષ્ઠિત અને કિર્તિવંત ગણાતા સમાજની તે રાણી હતી. બધા તેના રૂપ લાવણ્યની પ્રશંસા કરી તેનું હાસ્ય જીતવામાં એક જાતનો અનેરો લ્હાવો સમજતા હતા. તે કાઉન્ટેસ ઓફ ડેસબરો યાને

એલીનરની બાળ સખી હતી. એ કારણુસરજ તરીકાની દરકાર કર્યા વિના તે સીધી પોતાની સખીના દિવાનખાનામાં જઇ બેઠી. થોડીજવારમાં એલીનર આવી પહોંચી. બન્ને બાળ સખીઓ એક બીજીને ભેટી પડી.

"ઓહ જ્યોર્જીયાના ! તને જોઇને મને કેટલો આનંદ થાય છે ! તું કેટલે દહાડે મળી ? જાણે વર્ષો વહી ગયા—" એલીનર પ્યારી સખીને જોઇ પુલ્કિત થઇ બોલી.

"હા, એલીનર ! આપણને મળ્યાને છએક મહિના થઇ ગયા. સ્કૉટલંડમાં અમને બહુ વખત રહેવું પડયું. ઘણે દહાડે લંડન પાછી આવી છું. કાલે સાંજે ડયુક પણ અહિં આવ્યા છે. આજે સૌથી પહેલાં હું તનેજ મળવા આવી છું." ડચેસે જવાબ આપ્યો.

"વ્હાલી સખી ! તને જોઇ મારૂં દીલ પ્રસન્ન પ્રસન્ન થઇ ગયું છે—" આટલું કહેતાં અચાનક કાઉન્ટેસથી એક દિર્ઘ નિઃસાસો નખાઇ ગયો.

"કેમ ? શું થયું ? તેં શા માટે નિસાસો નાખ્યો ?" વ્હાલથી એલીનરનો હાથ પકડી ડચેસે પૂછ્યુ.

"નહિ. નહિ. કંઇ નથી. આજે જરા તબિયત નરમ છે. સ્હેજ માથું દુ:ખે છે." એલીનરે વાત ઉડાવી.

"નહિ, બ્હેન ! નહિ. હું તારા કરતા દશ વર્ષ મોટી છું પણ તારી બાળ સખી છું. બીજું કોઇ હોત તો તારી વાત માની જાત. પણ મારાથી તુ કંઇ છૂપાવી શકવાની નથી. આપણે બે સગી બ્હેનો જેવીજ છીએ. એલીનર ! તે યોગ્ય નથી." ડચેસ વ્હાલથી એલીનરના માથાપર હાથ ફેરવવા લાગી.

"બ્હેન ! તારા મારા પરના હેતનો બદલો હું શી રીતે વાળીશ ?" એલીનર ગદગદ થઇ બોલી.

"જો તું તારા દીલનુ દર્દ મને કહેશે તો હુ બધો બદલો મળી ગયેલો સમજીશ." ડચેસ જરા હસીને બોલી. "એલીનર ! મારી

ખાત્રી છે કે તારા દીલમાં કંઇ દર્દ છે. હું કુતુહલને વશ થઇ આ વાત પૂછતી નથી. મારી તારી બાળપણની દોસ્તી છે. મેં તને કેટલીયવાર દુ:ખી, ઉદાસ અને ગંભીર જોઇ છે. જ્યારે હું તને એવી હાલતમાં જોઉં છું ત્યારે મારી છાતી ફાટી જાય છે. જો મને તારા દર્દની ખબર હોય તો હું કંઇક દવા કરૂં યા તને આશ્વાસન આપું. સખી ! તને કાઉન્ટેસ થયાને બે વર્ષ થવા આવ્યા લગ્ન થયા પછી જ તું અચાનક બદલાઇ ગઇ છે તે પરથી મને લાગે છે કે તારો સંસાર સુખી નથી. આ વાત આખી સમાજ જાણે છે પણ કોઇ તારા દર્દનું કારણ બતાવી શકતું નથી. મારી સમજ પ્રમાણે તારા પતિ અર્લ ઓફ ડેસબરો ઉદાર અને ગુણવાન છે. તે છતાં તું આવી દુ:ખી શા માટે જણાય છે ? ”

“ બ્હેન ! શુ બધાને એ વાતની ખબર છે કે અમે સુખી નથી ? ” નીચી નજર કરી એલીનરે પૂછ્યું.

“ હા. પણ કોઇ તને દોષ દેતુ નથી. ”

“ દોષ શા માટે દે ? હવે એ વાત જવા દે—”

“ એલીનર ! શું તને મારા પર વિશ્વાસ નથી ? તને ખબર છે કે પોતાની સખી સમક્ષ દીલ ખુલ્લું કરવાથી દર્દનો બોજો હલકો થઇ જાય છે ? તું એમ તો નથી સમજતીને કે હું અયશ આરામમાં મસ્ત બની એટલી બધી ખરાબ થઇ ગઇ છે કે તારા વિશ્વાસને પાત્ર—”

“ નહિ નહિ બ્હેન ! એમ ન બોલ. તું મારા પર અત્યંત પ્રેમ રાખે છે તે હું સારી પેઠે જાણું છું. ”

“ તો પછી મારા પર તને વિશ્વાસ નથી ? તારી વાત હું કોઇને ન કહું એવા કસમ લઉં ? ”

“ કંઇ સમજ પડતી નથી. શું કહું ? ” દીન સ્વરે એલીનર બોલી, તેની આંખમાંથી અચાનક આંસુનાં બે ચાર ટીપાં તેનાં ગાલ પર સરી પડયાં : “ વ્હાલી જ્યોર્જીયાના ! મારી બુદ્ધિ નષ્ટ થઇ ગઇ

છે. શું કરવું તે શૂઝતું નથી. તારો પ્રેમ જોઈ તને બધી વાત છાતી ખોલીને કહી દેવાનું મન થઇ જાય છે પણ પછી કોણ જાણે કેમ—"

. " સખી ! એટલા પરથી એટલું તો સાબીત થાય છે કે તું દુઃખી છે. તું આઠ વર્ષની હતી અને હું અઢાર વર્ષની ત્યારથી આપણી મૈત્રી ટકી રહી છે. વ્હાલી ! શા માટે મનમાં ને મનમાં બળી રહે છે ? " ડચેસ ગળગળી થઇ.

" તારી વાત સાચી છે. જો કોઇને પણ હું મારૂં દર્દ કહીશ તો તને જ કહીશ. "

" એલીનર ! તુ શું કોઇના પ્રેમમા પડી છે ? અને તે કારણસર તારા પતિ પર તારૂં દીલ લાગતું નથી ? ડચેસે ધીમે સ્વરે ઇસારો કર્યો.

" નહિ. નહિ. " અચાનક કાઉન્ટેસનો અવાજ બદલાઇ ગયો.

"અત્યાર સુધી મેં પ્રેમ શી ચીજ છે તે જાણીજ નથી. "

જ્યોર્જીઆના તાજુબ થઇ બોલી : " જ્યારે તે અર્લ સાથે લગ્ન કર્યા ત્યારે તું એમના પર મુગ્ધ થઇ ન્હોતી ? એ બહારથી તો કોઇ પણ રમણીના પ્રેમને પાત્ર જણાય છે. શું ઘરમાં તારી સાથે નિષ્ઠુર વર્તન ચલાવે છે ?"

"નહિ બ્હેન ! નહિ. ફ્રાન્સીસ અત્યંત ભલા અને ઉદાર છે. દ્રવ્યથી જે કંઇ સુખ મળી શકે તે સર્વ મને મળે છે. હું શી રીતે સુખી થાઉં તેની મારા પતિ અહર્નિશ ચિંતા કર્યા કરે છે."

"તો પછી તારા ભેદી દર્દનું મૂળ શોધવું મુસ્કેલ છે. શું મારી વ્હાલી સખી મારી પાસે પણ એ વાત ખોલતાં ડરે છે ?"

"બ્હેન ! તારી આગળ મારા દીલનો બોજો ખાલી કરવાને હું કેટલી આતુર થઇ રહી છું તે મારો પરમાત્મા જાણે છે. બ્હેન ! મને દુઃખ એ થાય છે કે મારૂં દર્દ જાણ્યા પછી તારે મારે માટે શરમાવું પડશે."

"એલીનર ! તારે માટે મારે શરમાવું પડશે ? શા માટે ? આ તું કેવી વાત કરે છે ? તારા જેવી સતી સાધ્વી સ્ત્રી મેં આખા ઇંગ્લંડમાં જોઇ નથી." ડચેસ અજબ થઇ બોલી.

"સખી ! શું ખરેખર પાપ કરવાથીજ પાપ કર્યું એમ ઠરે છે ? મનનું પાપ એ પાપ નથી ? પાપનો વિચાર કરવો તે પાપ નથી ? વ્હાલી ! જ્યારે હું તને મારા દીલનીજ વાત કરીશ તો—"

"બોલ, બોલ, બ્હેન ! જો મારાથી બનશે તો હું તારૂં દર્દ ઓછું કરવાનો પ્રયાસ કરીશ."

"વ્હાલી જ્યોર્જીઆના !" કાઉન્ટેસ નીચું જોઇ બોલવા લાગી: "હમણાંજ તેં મને સતી સાધ્વીની ઉપમા આપી પણ વસ્તુત: તેમ નથી. જો શરીર પવિત્ર રાખનાર સ્ત્રી સતી ગણાતી હોય તો હું અવસ્ય સતી છું. પણ દેહ પવિત્ર રહેવા છતાં આત્મા કલુષિત નથી થતો ? અથવા આત્મા પવિત્ર હોવા છતાં દેહ કલુષિત નથી બનતો ? કોઇ પાખંડી બદમાસ બલાત્કારથી કોઇ સ્ત્રીનું સતીત્વ લૂટે તો તેથી પેલી સ્ત્રીનુ શરીર ભ્રષ્ટ થવા છતાં તેનો આત્મા ભ્રષ્ટ થયલો ગણાશે ? એવીજ રીતે કોઇ સ્ત્રી ગમે તે કારણસર પોતાના શરીરને પવિત્ર રાખી શકે પણ તેનું દીલ * મેસોલીનાથી પણ વધુ ભ્રષ્ટ બની શકે છે." આટલું કહેતાં તો કાઉન્ટેસનુ આખુ શરીર શરમથી લાલ લાલ થઇ ગયું.

"તું સમસ્યામાં વાત કરી રહી છે છતાં હું એટલું સમજી શકું છુ કે તારી સ્થિતિ ગમે તેવી હોય પણ તેમાં તું દોષપાત્ર નથી."

"તું હજી કંઇ સમજી નથી. તને ખબર છે કે અમે શા માટે સાથે રહેતાં નથી ? એ વાત જાણશે તો તું અવાક થઇ જશે—"

---

* મેસોલીના રોમન સમ્રાટ કલોડીઅસની સ્ત્રી હતી. તે એટલી બધી વિષયી હતી કે રોમનો કોઇકજ યુવાન તેના યૌવનનો લ્હાવો લેતો બચી ગયો હશે એમ કહેવાય છે ! આ ઘંપટ રાણીને તેના સ્વામીના હુકમથી મારી નાખવામાં આવી હતી.

"બ્હેન ! મને કહે તો ખરી."

એલીનર ચુપ થઇ ગઇ. સખીને શું જવાબ આપવો તેનો વિચાર કરતાં તેનું હૈયું ભરાઇ આવ્યું તેનો પતિ નામર્દ છે એ ભયંકર ભેદ તે શા રીતે કહે? પણ આજે તે છેલ્લે પાટલે બેઠી હતી. પોતાની બાળ સખી આગળ તે પોતાના દીલનું દર્દ રોવા માગતી હતી. તે અચાનક આવેશમાં આવી અને જ્યોર્જીઆના પાસે જઇ તેના કાનમાં બેચાર શબ્દો કહી બન્ને હાથે મ્હો ઢાંકી બાળક પેઠે રોવા લાગી. જ્યોર્જીઆના આ અદભુત ભેદ સાંભળી ચોકી ઉઠી અને એલીનરને છાતી સરસી દાબી તેને દિલાસો દેવા લાગી: "બ્હેના શાંત થા! રો ના! રોવાથી કઇ વળવાનું નથી."



પ્રકરણ ૬૦ મું.

બેશરમ ડચેસ.

એલીનર ! તારા પતિએ તારૂં નખ્ખોદ વાળી નાખ્યું છે. એ નામર્દ હોવા છતાં તને પરણવાથી એને શો આનંદ મળ્યો હશે તે હું સમજી શકતી નથી, એવા ફગાબાજ માણસપર ભયંકર વેર લેવું જોઇએ. જો હું હોઉં તો એને જીવતો ને જીવતોજ બાળી દઉં." ડચેસ ઓફ ડેવન શાયરની આંખો લાલ પીળી થઇ ગઇ.

" નહિ, નહિ. એમનાપર વેર લેવાની જરૂર નથી. એક પાપ કર્યા પછી, એક ઘોર અન્યાય કર્યા પછી પશ્ચાતાપ કરવા માટે જેટલું કરવું જોઇએ તેટલું એમણે કર્યું છે." એલીનરે જરા મસ્તક ઉચું કર્યું પણ તરતજ તેની આંખો નીચી નમી ગઇ અને તેમાં ઝળઝળીયાં આવી ગયા: સખી ! તુચ્છ સંસાર સુખને અભાવે મારા મનની શાંતિ નષ્ટ થઇ જાય છે એવો જ્યારે વિચાર આવે છે ત્યારે મને મારી જાત પર ધિક્કાર છુટે છે. અત્યંત સંયમ રાખવાનો પ્રયાસ કરવા કમબખ્ત મન નથી માનતું કોઇ કોઇ વખતે વાસનાનો અગ્નિ એટલો પ્રચંડ થઇ જાય છે કે મને કંઇનું કંઇ કરી નાખવાનું મન થઇ જાય છે."

" એલીનર !" ડચેસ જીસ્નેહાલ અવાજે બોલી: " તું સાક્ષાત ધર્મ અને સતીત્વની જીવતી મુર્તિ છો. પણ જો ખરેજ તું જીવનભર તારી દેહને કષ્ટ દઇ તારા ખીલતા જોબનને કરમાવી નાખવાનો નિશ્ચય કરી બેઠી હો તો તારા જેવી ગમાર સ્ત્રી આખા યુરોપમાં બીજી કોઇ મળવાની નથી સ્તીત્વ એટલે શું ? સ્ત્રીઓને એક પુરૂષને ગળે બાંધી દેવા માટે રચાયલી જાળ ! એ ગુણ ગમે તેટલા મહદ ગણાતો હોય પણ મનુષ્યને તે ખરેખર ગમતો નથી. મનુષ્ય હાડચામનું જીવન પુતળું છે તેને વાસના છે, મોહ છે, અભિલાશા અને કોડ છે. શા માટે તારે તારાં જીવનનો લ્હાવો એક નામર્દ માણસની કીર્તિ નિષ્કલંક રાખવા માટે ગુમાવી દેવો ?"

એલીનરના દીલમાં આ શબ્દોએ ભય અને હર્ષની મિશ્રિત લાગણી ઉત્પન્ન થઇ. ડચેસના આવેશ ભર્યાં શબ્દોથી ઉતેજીત થઇ રખેને તે કોઇના પ્રેમમાં ફસી જાય એવા ભાવથી તેને ભય ઉપજ્યો પણ તેનું જોબન કુદકા મારી રહ્યું હતું. તેના ઉન્નત ઉરજ કોઇ મસ્ત આશકની છાતી સાથે દબાવાને ઉંચા નીચા થતાં હતાં. તેની આંખોમાં કામવિકારની વીજળી ઝબુકવા લાગી હતી અને તેના અંગ પ્રત્યંગમાંથી યૌવન વિકારની ધારા ફુટતી હતી એક બાજુ જોબનનો બ્હાર લૂંટાવી દેવાની પ્રબલ આકાંક્ષા હતી બીજી બાજુ ગમે તેવા પણ ભલા પતિની આબરૂ જાળવવાની દરકાર હતી આ બે વિરોધી લાગણીના યુધ્ધથી એલીનર કમ્પી ઉઠી. "જ્યોર્જીયાના ! તું મને કેવી સલાહ આપે છે ?" તે બબડી.

"તુ જેને ધર્મ માને છે તેને હું અધમ ગુલામી સમજું છું. તારા લગ્ન લગ્નજ ન્હોતા તેં અજાણના બેડી પહેરી છે અને એ બેડી તોડી નાખવાની તારી ફરજ છે." જ્યોર્જીયાના જરા પણ શરમાયા વિના બોલી. આ ઉચ્ચ કુળની ડચેસને સતીત્વની લેશમાત્ર કિમ્મત ન્હોતી.

"એ તો સત્યાનાશની બાજી છે જ્યોર્જીયાના ! તું મારા હૃદયના દબાયલા ભાવોને ઉશ્કેરીને મને પાગલ કરી નાખે છે."

"વ્હાલી ! એલીનર ! તું અપૂર્વ લાવણ્યની સ્વામિની છે ! આ મદમાતુ જોબન, આ મોહક છાતી, આ કમલ પત્રને શરમાવે એવા વ્હાલભર્યાં નયનો, આ ગુચ્છદાર રેશમ જેવા મુલાયમ વાળ અને તારૂં ચંદ્ર સમું વદન ! શું એ કરમાવી નાખવા જેવી વસ્તુઓ છે ? ભલભલી સલતનતનો નારાજ કરી નાખે એવું તારૂં રૂપ એક તુચ્છ માણસને રાજી રાખવા ખાતર વેડફી નાખીશ ?"

"નહિ નહિ. બ્હેન ! આવી વાત ન કર."

"વારૂ ત્યારે હું બીજી વાત કરૂં. હું પણ તારી આગળ મારા દીલનો એક ભેદ ખોલવા માગું છું."

"શું ?"

"મારો પણ એક યાર છે."

"તે તો હશેજ. તું વિલાસી અને ચંચળ છે. બધય શોખીલા જવાનો તારી પાછળ ભમરા પેઠે ભમતા ફરે છે. તારા તો સેંકડો આશકો હશે. પણ સખી ! જેને પ્રેમ કહે છે—"

"હા. હા. હું પ્રેમનીજ વાત કરૂં છું. મેં શોખથી મેં મારા આશકને મારો બનાવ્યો છે. અને એવી યારી કરવામાં તને જેવા વાંધા છે તેમાંનો એક પણ વાધો મને નડતો નથી." બેશરમ ડચેસ બોલી.

"બ્હેન ! તું શું બોલે છે ?"

"સાચુંજ કહું છું. હવે તને મારે માટે ધિક્કાર ઉપજે છે ?"

"નહિ. હવે મારૂં મન પણ બદલતું જાય છે એલીનર ડચેસની વાતો સાંભળી આવેશમાં આવી ગઇ. રાજકુમારી સોફીયા કૌમાર દશામાં પ્રેમમાં પડી પુત્રવતી થઇ હતી એ વાત તેને યાદ આવી અને પોતે જોબનના બ્હારમાં હોવા છતાં આજસુધી શી રીતે અછૂત રહી શકી હશે તે વિષે એલીનરને આશ્ચર્ય લાગ્યું.

" મને પ્રેમમાં ડુબ્યાને હજુ એક વર્ષ પણ પૂરૂ થયું નથી એક દિન સાંજે હું એકલી દિવાનખાનામાં ઉદાસ થઇ સોફાપર બેઠી હતી એવામાં નોકરે આવી એક ગૃહસ્થને તું ઓળખે છે યુરોપમાં તે ખુબસુરત મરદ ગણાય છે તે આવીને મારી પાસે સોફાપર બેસી અનેક જાતની વાત કરવા લાગ્યો થોડીવાર મઝાની વાતચીત થયા પછી મે તેના તરફ નજર કરી તો તે મને ટીકી ટીકીને જોતો જણાયો હું શરમાઇ ગઇ તરત તે ધુંટણીએ પડી મરો હાથ ચુમી બોલ્યો: " જો મારાથી કંઇ ભૂલ થઇ હોય તો માફ કરો જ્યાં સુધી તમે માફ ન કરો ત્યાં સુધી હું ઉઠવાને નથી." ડચેસ પોતાના પ્રેમની કહાણી કહેવા માંડી.

"અજબ જેવી વાત છે. વીસેક દિવસ પર મને પણ આબાદ એવોજ અનુભવ મળ્યો હતો. હું પણ ઉદાસ થઇ સોફાપર બેઠી હતી એવામાં એક ખુબસુરત પુરૂષ આવ્યો હતો. હં! પછી?" એલીનરનો આવેશ વધ્યો.

"મેં તેને માફી આપી એટલે તે પુનઃ સોફાપર બેસી વ્હાલની વાતો કરવા લાગ્યો. તેણે મારા પ્રેમની યાચના કરી. મેં તેનો શો જવાબ આપ્યો તે મને ખબર નથી. ફકત એટલી યાદ છે કે તે પછી તેણે મને હૃદયસરસી ચાંપી દીધી."

"આશ્ચર્ય! મારી પણ એજ દશા થઇ હતી."

"પણ પરિણામ એક સરખું નથી આવ્યું મારામાં ને તારામાં ઘણો ભેદ છે તું આલિંગન આપવા છતાં નિષ્કલંક બચી ગઇ છે. પણ હુ બચી શકી નથી. મેં તેનો પ્રેમ સ્વીકારી લીધો અને તેજ રાતે છુપી રીતે હું કાર્લટન હાઉસમાં ગઇ હતી."

"કાર્લટન હાઉસમાં!"

"હા. મારો એ ખુબસુરત આશક પ્રિન્સ ઓફ વેલ્સ હતો."

"ઓહો! એજ મારૂં પણ સત્યાનાશ વાળવા આવ્યો હતો"

પ્રિન્સની બેવફાઇની સાબીતી મળવા છતાં તેની માશુક ડચેસ ઓફ ડેવનશાયર નારાજ ન થઇ તે ખિલખિલ હસતી બોલી: "ત્યારે તને ને મને સરખો અનુભવ મળ્યો તેમાં અજબ જેવું કંઇ નથી. એલીનર! મને તારી ઇર્ષ્યા આવવાની નથી. પ્રિન્સનો સ્વભાવજ એવો છે તેણે સેંકડો રૂપસુંદરીઓ સાથે પ્રેમ કર્યો છે. અને એવી વાતો મનમાં લઇને હુ દુઃખી થાઉ તો રાત દિવસ રોવા સિવાય મને કઇ મળે એમ નથી.

"બરાબર છે!"

"એલીનર! કદાચ તું પણ પ્રિન્સના પ્રલોભનભર્યા પ્રેમનો સ્વાદ લે તો હું તારા પર બળી મરવાની નથી હવે હું જાઉં છું. એક બે

દિવસમાં મારે ઘેર આવજે. હું તને પ્રેમ પાઠ ભણાવવાને તારી ગુરૂ બનીશ." એટલું કહી કાઉન્ટેસ ઓફ ડેસબરોને ભેટી ડચેસ જવા તૈયાર થઇ.

એલીનર તેને મકાનના દરવાજા સુધી વળાવવા ગઇ. ઘરમાં આવતાંજ તેને ચિંતા થઇ કે બન્નેની વાતચીત બાજુના ઓરડામાંથી કોઇએ સાંભળી તો નહિ હોય ! આવી આશંકા થતાં તેણે તે જે ઓરડામાં ડચેસ સાથે બેઠી હતી તેમાંથી બીજા ઓરડામાં જવાનું બારણું ધીમેથી ખોલ્યું. અંદર જતાંજ તેણે પોતાના સ્વામીને ટેબલ પર માથું ઝૂકાવી પુસ્તક વાંચતો જોયો. એલીનર કમ્પી પણ હવે પાછા જવામાં સાર ન્હોતો. તેના પતિએ તેની સખીની વાત સાંભળી છે કે નહિ તેની ખાત્રી કરવા માટે તે પતિ પાસે જઇ બોલી: "તમે અહિ બેઠા છો ?"

"હા વ્હાલી !" અર્લ ચોંકીને બોલ્યો.

અર્લનો ઉદાસ ચહેરો જોઇ એલીનર થરથર ધ્રુજવા લાગી:" કયારે આવ્યા ?

"હમણાંજ આવ્યો. આવીને વાંચવામાં લીન થવાથી કેટલીવાર થઇ તેની બરાબર યાદ નથી." અર્લે જવાબ આપ્યો. તે જરા હસ્યો. પણ કાઉન્ટેસને એ હાસ્ય કુદરતી ન લાગ્યું.

"આ શાનું પુસ્તક છે ?" લજ્જા અને ભયથી ઉત્પન્ન થયલી રતાશ છૂપાવવા માટે એલીનરે પૂછ્યું પણ ટેબલ પર પુસ્તક ઉધું પડેલું જોતાં તે એવી ગભરાઇ ગઇ કે ન પૂછો વાત ! એલીનરના કલેજામાં ભાલો ભોકાયો હોય એવું તેને દુ:ખ થયું તેના મગજમાં આગ સળગી ઉઠી. નસેનસમાંથી ગરમ ખુન વહેવા લાગ્યું. અને હૃદય દારૂણ યંત્રણાથી ભેદાવા લાગ્યું. જેમ તેમ મનનો વેગ રોકી કદાચ પોતાને ખોટો ભ્રમ થયો હોય અને અર્લે એ વાત સાંભળીજ ન હોય એમ ધારી તે ફરીથી બોલી: "મારી બાળપણની સખી આવી હતી તેની તમને ખબર ન પડી ? તમને મળવાને તે ઘણી આતુર હતી."

"હા. ડચેસ ઑફ્ ડેવનશાયર હતી ને? તમારી વાતમાં ખલલ કરવાનું મને યોગ્ય ન લાગ્યુ. વળી આજે મારી તબીયત પણ ઠીક નથી."

"શું થયું છે, ફ્રાન્સીસ!" તીક્ષ્ણ નજરે અર્લના મ્હો પર જોઇ એલીનરે પૂછ્યુ.

"ખાસ કંઇ નથી." કહી અર્લે એલીનરને હાથ પકડી તે પર ચૂમી લીધી પણ બીજીજ પળે તેણે તેને હાથ છોડી દીધો એલીનર સમજી કે તેના પતિને તેનાપર તિરસ્કાર ઉપજ્યો છે પણ અર્લ મન મારવામા કુશળ હતો, "વ્હાલી! ચિંતા કરવાની કઇ જરૂર નથી. આર્થર ઇટન અને ફરનાન્ડાના કરૂણ કીસ્સા વિષે વિચાર કરવાથી જીવ જરા બગડયો હોય એમ લાગે છે આજે મને ફરનાન્ડા મળી હતી."

ધીમે ધીમે એલીનર જરા સ્થિર થઇ પણ તેની ચિંતા નષ્ટ ન થઇ. આજે તેના પતિના રંગઢંગમાં તેને કંઇક અકુદરતી તત્ત્વ જણાતું હતું. થોડીવારમા નોકરે આવી ડીનર તૈયાર હોવાની ખબર આપી અર્લ કાઉન્ટેસને હાથ પકડી દાદર ઉતર્યો અને તેણે આ વખતે નવીજ વાત ઉપાડી. ટેબલપર બેસી તેણે અત્યંત આનંદથી એલીનર સાથે વાતચીત કરતાં ભોજન લેવા માડયું. હવે એલીનરની ચિંતા નષ્ટ થઇ ગઇ અર્લના વર્તનપરથી તેણે ડચેસ સાથેની ભયંકર વાત સાંભળીજ નથી એવી તેની ખાત્રી થઇ ગઇ. પણ વસ્તુતઃ તેમ ન હોતુ અર્લે ડચેસ સાથની એલીનરની વાત શબ્દેશબ્દ સાંભળી હતી અને તે મનમાને મનમાં સમજી ગયો હતો!

પ્રકરણ ૬૧ મું.

મિસીસ બ્રેસની મોહજાળ.

ઉપલો બનાવ બન્યા પછી બીજેજ દિને સ્હવારે અગીઆર વાગા પછી મિસીસ બ્રેસ કાળા વસ્ત્રમા સજ્જ થયલી એક યુવતી સાથે બર્કલી સ્કવેરમાં અર્લ ઓફ ડેસબરોના મહેલના દરવાજા આગળ ગાડીમાંથી ઉતરી, તેની સાથીદાર યુવતીના હાથમાં એક બાકસ હતું તે બ્રેસની દુકાનમાં નોકરી કરતી હતી અને બ્રેસ કંઇ કામસર બ્હાર જતી તો આ યુવતીને પોતાની સાથે લઇ જતી. તેને નીચેના ઓરડામા બેસાડી બ્રેસ બાંકસ લઇ સીધી એલીનરના શયનગ્રહમાં ચાલી ગઇ.

એલીનરે ગઇ રાત બેચેનીમાં ગાળી હતી તેથી આજે તે મોડી ઉઠી હતી અને સગડીની પાસે એક મોટી ખુરશી પર આરામથી બેઠી હતી. ખુરશીની ડાબી બાજુએ એક નાનું ટેબલ હતુ. તે પર તાજા ફુલોથી સુશોભિત ફ્લાવર વાઝ, એક પ્યાલુ અને ચોકલેટ પડયાં હતાં. કાઉન્ટેસ ચોકલેટ સાથે ઉદાસ ભાવે રમત કરતી બેઠી હતી. તેના સુંદર વાળોની ગુંથેલી લટો અસ્ત વ્યસ્ત પડી હતી. તેનું વદન પીળું પડી ગયું હતું અને શરીરમાં આળસની છાપ જણાતી હતી.

દાસી બ્રેસને કાઉન્ટેસના ઓરડામાં છોડી ચાલી ગઇ. બ્રેસને જોતાંજ એલીનર બોલી ઉઠી: "અરે આજે તું આવવાની હતી તે તે તો ભુલીજ ગઇ!"

"જો તમને કંઇ અડચણ હોય તો હું બીજી કોઇવાર આવીશ." મિસીસ બ્રેસ અત્યંત મીઠા અવાજે બોલી.

"નહિ. નહિ. આવી છે તો તારો માલ બતાવી જા. પેલી મખમલની ટોપીઓ લાવી છે?"

"જી હા." કહી બ્રેસી ટોપી ઉતારી બાકસ ખોલ્યું અને અંદરથી નાજુક સુંદર ટોપીઓ કાઢી ટેબલ પર મુકી. તે પછી તેણે

મલમલનો ગાઉન કાઢયો. બ્રેસે આ ગાઉન પોતાની બુધ્ધિથી નવીજ ફેશનનો બનાવ્યો હતો અને એલીનરદ્વારા આ નવી ફેશનનો ઇંગ્લંડમાં પ્રચાર કરવાની તેની મહદેચ્છા હતી.

એ ગાઉન પહેરીને એલીનર આયનામાં પોતાનુ રૂપ જોવા ઉઠી. તેની ગજબનાક ખુબસુરતી જોઇ બ્રેસ મનમાં બબડી: "આવા રમણી રત્નને માટે પ્રિન્સ ઑફ વેલ્સ આકુળ વ્યાકુળ થઇ જાય એમાં કંઇ નવાઇ નથી." એલીનર આ નવા પોષાકમાં ખીલી ઉઠી. એની બનાવટ એવી હતી કે જેથી એલીનરના સ્તન પ્રદેશનો ઉપલો ભાગ ખુલ્લો રહેતો હતો ગાઉનનો નીચેનો ભાગ કાઉન્ટેસની કમરની નીચે લટકી રહયો હતો અને તે પરતું કલામય ભરત ઝગ ઝગારાની મારી રહયું હતું એ જરીકામ પર સુર્યના કિરણો પડતાં જાણે વીજળી ઝબુકતી હોયની એવો ભાસ થતો હતો. આ વસ્ત્રમાં પોતાની ખુબસુરતી જોઇ એલીનર ખુશ ખુશ થઇ બોલી: "ખરેખર, તુ ઉસ્તાદ કારીગર છે."

"તમે ખુશ થયા એટલે મારી મહેનત સફળ થઇ. આ પોષાક તમને અત્યંત શોભે છે. એમાંનું જરીત ભરતકામ તમારા અંગના હલન ચલન સાથે હાલતાં તમારી ખુબસુરતી અનોખી થઇ જાય છે." બ્રેસ હસીને એલીનરની તારીફ કરવા લાગી.

"એમ ? ત્યારે તારી કલામાં પણ જાદૂ છે ખરું ! "એલીનર હસી.

"કદાચ તમને ખબર નહિ હોય કે.-

એક નુર આદમી હજાર નુર કપડા
લાખ નુર ટાપટીપ કરોડ નુર નખરાં—

"વસ્ત્રોમાં દોષ હોય તો શરીર પણ દોષિત જણાય સ્ત્રીના વસ્ત્ર એવા હોવા જોઇએ કે તે શરીરના અંગ જેવા થઇ જાય અને શરીરની ગતિ સાથે વસ્ત્રો પણ તાલ દે ! બદસુરત ચહેરાને પણ ખુબસુરત બનાવે એનું નામ કપડાં—બાકી બધુ ધુળ ! "

"મિસીસ બ્રેસ! દરજણની કલા પર તું એક પુસ્તક લખી નાખને!" એલીનર હસીને બોલી.

"માફ કરો! એ વાતો પ્રગટ કરવા જેવી નથી. જ્યારે હું કપડાંના ભેદો વર્ણવવા બેસું છું. ત્યારે મિસીસ ફીટઝે હર્બર્ટ, ડચેસ ઑફ ડેવનશાયર, લેડી જર્સી અને બીજી મારી આશ્રય દાત્રીઓ મારી વાતમાં તલ્લીન થઇ જાય છે."

મિસીસ બ્રેસને મ્હોડે આ ત્રણ રમણીઓનાં નામ સાંભળી એલીનર જરા અજબ થઇ એ ત્રણે અમીરજાદીઓ પ્રિન્સની માશુકો હતી તેથી તેના દીલમાં રોમાંચ થયો તે બોલી: "તું એ લોકોનું પણ કામ કરે છે?"

"જી હા. ખુદ પ્રિન્સ ઑફ વેલ્સને મારી કલા એટલી બધી પસંદ છે કે જો મિસીસ ફીટઝના વસ્ત્રો મારાં બનાવેલાં ન હોય તો તે પ્રિન્સને ગમતાં નથી."

"શું પ્રિન્સ સ્ત્રીઓના પોષાકની પસંદગીમાં પણ રસ લે છે?" નવાં વસ્ત્ર ઉતારી એલીનર ખુરશી પર બેસી બોલી.

"પ્રિન્સ સુંદરીઓના વસ્ત્રોની પસંદગીમાં રસ લે છે એટલુંજ નહિ પણ હું કોઇ નવી ફેશન મિસીસ ફીટઝ હર્બર્ટને બતાવવા લઇ જાઉં છું ત્યારે પ્રિન્સ મને અનેક કિમતી સૂચનાઓ કરે છે. તમારો પોષાક મિસીસ ફીટઝને ઘણોજ પસંદ પડયો છે." બ્રેસ ઘુમાવી ઘુમાવી ને વાત ઝમાવવા લાગી.

"હં! આ પોષાક એના જોવામાં ક્યાંથી આવ્યો?"

"આજે આ ટોપીઓ એમને બતાવવાને હું ગઇ હતી ત્યારે તેમની નજર બાકસમાંના વસ્ત્ર પર પડી અને મિસીસ ફીટઝ તે જોવાની હઠ ધરે તો મારાથી ના પડાય? તેમને માટે પણ મારે આવો ગાઉન તઇયાર કરવો પડશે. એ વખતે પ્રિન્સ પણ ખાણું લેતા બેઠા હતા. તેમણે નહિ નહિ. એ વાત કહેવા જેવી નથી," બ્રેસ અટકી ગઇ.

એલીનરની કુતુહલતા વધી: કેમ અટકી ગઇ ? "

"તમે એ વાત સાંભળી નારાજ થશો."

"નહિ. જે કહેવું હોય તે ખુશીથી કહે."

"આ પોષાક પ્રિન્સને એટલો બધો ગમી ગયો કે ન પુછો વાત ! તેમણે મને પુછયું કે આ કોના વસ્ત્ર છે ?

લાચારીથી મારે તમારૂ નામ દેવું પડયું તમારૂં નામ સાંભળતાંજ પ્રિન્સ તમારા રૂપગુણ અને શીલ સ્વભાવની ખુલ્લે દીલે પ્રશંસા કરવા લાગ્યા. પણ એ વાત જવા દોને ! તમે નારાજ થશો !"

"આવી નજીવી વાતથી હું નારાજ થાઉં એવી નથી. બોલ, પ્રિન્સ બીજું શુ બોલ્યા હતા ?"

"તે તમારા રૂપની પ્રશસા કરતાં આનંદ સાગરમાં લીન થઇ જતા હતા પણ તે મિસીસ ફીટઝથી સહન ન થયુ. તે વચ્ચે કંઇ કંઇ બડબડવા લાગી પણ પ્રિન્સે તેની દરકાર કર્યા વિના તમારા રૂપ અને યૌવનની પ્રશંસા કર્યાજ કરી–" બ્રેસ એલીનરના હૃદયમાં ભાવનાનું પૂર લાવવા માગતી હતી. તે જે વાત કરતી હતી તે તદ્દન બનાવટી હતી. આજે તે કાર્લટન હાઉસમાં ગઇજ ન્હોતી. તે સીધી એલીનર પાસે આવી હતી. પણ આ ઉમરાવ જાદીના પવિત્ર હૃદયમાં પ્રિન્સની મૂર્તિને કેન્દ્રસ્થ કરવા માટે તે આવી વાતો કરી રહી હતી. તે જાણતી હતી કે સ્ત્રીઓને પોતાના રૂપની પ્રશંસા બહુ ગમે છે અને પ્રિન્સ ઓફ વેલ્સ તેની માશુક ફીટઝ હરબર્ટની નજર સામે એલીનરની તારીફ કરી ફીટઝના દીલમાં અદેખાઇ ઉપજાવે એવી વાતથી એલીનર જરૂર આનંદ પામશે એવી બ્રેસની ખાત્રી હતી. એલીનરને પ્રિન્સના ચુંબન અને આલિંગનની આ સમયે સ્મૃતિ થઇ અને તેનુ વદન લજ્જાની રકિતમાંથી અત્યંત મોહક થઇ ગયું.

"મિસીસ ફીટઝ શું બોલી હતી ?" તેણે પૂછયું.

"મિસીસ ફીટઝ શું બોલી હતી ?" તેણે પૂછયું.

"મિસીસ ફીટસે પ્રિન્સને કહ્યુ હતું કે "લેડી ડેસબરો ઈંગ્લંડની રૂપસુન્દરીઓમાં અગ્રસ્થાને છે તે સર્વ જાણે છે, પણ તમારે તેની આટલી પ્રશંસા કરવાની જરૂર નથી.' આ પરથી પ્રિન્સે જવાબ આપ્યો કે 'આવી અનુપમ સુંદરીની પ્રશંસા કરવામા દોપ શો છે ? જે મનુષ્ય સ્ત્રીના રૂપયૌવનની પ્રશંસા કરી શકતો નથી તેનું હૃદય પત્થરનું હોવું જોઇએ.' તમે માનશો નહિ પણ પ્રિન્સ ખરેખર તમારી આવીજ તારીફ કરતા હતા."

એલીનરનું દીલ બહેકી ગયું. જો આ પળે તેને પ્રિન્સ મળ્યો હોત તો અગાઉની પેઠે તેને નિરાશ થવું ન પડત એલીનરના આખા શરીરમાં કામવાસનાનો ભડકો ઉઠયો હતો. જેમ તેમ મહા મહેનતે તેણે પોતાની મનોવ્યથા દબાવી કહ્યું: "આવીજ વાત થઈ હતી કે તું મીઠું મરચું ભભરાવીને વાત કરે છે ?"

"નહિ આબાદ એવીજ વાત થઇ હતી. હા, ઠીક યાદ આવ્યુ. આજે સાંજે મખમલના નમુના લઇ હું ફરી કાર્લટન હાઉસમાં જવાની છું."

"એ વાત મને કહેવાની શી જરૂર છે ?"

"કંઇ નહિ. હું એમ વિચાર કરૂ છું કે આ વાત મેં તમને કહી દીધી છે તે જો હુ પ્રિન્સને કહીશ તો મિસીસ ફીટઝ કેટલી બળી મરશે ?" ગ્રેસે તીર છોડયું.

હવે કાઉન્ટેસનું આત્માભિમાન જાગ્રત થયુ. તેના હૃદયનો આવેશ દબાઇ ગયો, તે ગર્વથી બોલી· 'પ્રિન્સને એ વાત કરવાની શી જરૂર છે ? મારે આવી વાત સાંભળવીજ જોઇતી ન હતી."

"મને માફ કરો પણ તમારા આગ્રહથી મેં આ વાત છેડી હતી. પ્રિન્સ તમને ચાહે છે એ વાત મીસીસ ફ્રીટઝ માટે જેટલી કષ્ટદાયી છે તેટલી તમારે માટે આનંદજનક છે–" ગ્રેસે બીજું કાતિલ તીર છોડયું.

એલીનર પુનઃ નમ્ર થઈ.

"પ્રિન્સે મારી પ્રશંસાના બે ચાર શબ્દો કહ્યા તે પરથી તે મારાપર મોહી પડયા છે એમ તું સમજે છે ?"

"એ વાત જવા દોને ! એ વિષે મારો મત કહીશ તો તમે નકામા ગુસ્સે થશો !" જવાની તૈયારી કરતી હોય તેમ ટોપી પહેરતી પહેરતી બ્રેસ બોલી.

"નહિ નહિ મિસીસ બ્રેસ ! હુ ગુસ્સે નહિ થાઉં. અમસ્તી દીલ બહેલાવવા માટે હું આ વાત પૂછું છું. બોલો—"

"સાંભળો ! જો મારોજ મત પૂછતાં હો તો હું કહુ છું કે પ્રિન્સ તમારા પર પાગલ થઇ તમારી આરાધના કરે છે."

કાઉન્ટેસનો ચહેરો ફીકકો થઇ ગયો. તે ગભરાઇને બોલી: "જવા દો મિસીસ બ્રેસ ! આવી વાતો સાંભળવા લાયક નથી."

"હું તો પહેલાથીજ ના પાડતી હતી પણ તમે આગ્રહ કરી મને વાતે વળગાડી."

"મારી ભૂલ થઈ. પણ તું પ્રિન્સની નકામી વાતો પરથી જે તર્ક કરે છે તે પણ ભૂલ ભર્યો છે."

"જો તમે મારા જેમ મનુષ્ય સ્વભાવ જાણતાં હોત તો આવી વાત ન કરત ઉપર ઉપરનો મોહ અને હૃદયનો પ્યાર બે જૂદી વસ્તુ છે. તમે એમ સમજો છો કે પ્રિન્સ વિના કારણ મિસીસ ફીટઝને નારાજ કરે ? જે વખતે એ તમારી તારીફ કરતા હતા તે વખતે તેમની મરદાના ખુબસુરતી બમણી થઇ ગઇ હતી. તે અંતઃકરણ પૂર્વક તમારાપર મુગ્ધ થઇ ગયા છે. તેમનો અનુરાગ એટલો બધો પ્રબલ થઇ ગયો છે કે મિસીસ ફીટઝ પાસે પણ તે પોતાનો મનોભાવ છૂપાવી શકતા નથી. તમારી સુંદરતાએ પ્રિન્સપર જાદુ કર્યું લાગે છે. તેમની દશા જોઇ મને તેમની દયા આવી હતી."

પુનઃ એલીનરના કોમલ ભાવો કૂદાકૂદ કરવા લાગ્યાઃ "દયા આવી હતી ?"

"હા. માફ કરજો. એ બિચારા તમને જખી મરે છે. મને હજુય તેમની દયા આવે છે."

"ત્યારે પ્રિન્સ મને ચાહે છે." મૃદુ સ્વરે આટલું બોલી હાથપર માથું ટેકવી તે ચિંતામાં નિમગ્ન થઇ ગઇ. થોડીવાર પછી તેણે મસ્તક ઉંચું કરી જોયું તો બ્રેસ તેની સામે ઉભેલી જણાઇ તે ચોકી ઉઠી. એક સામાન્ય દરજણ આગળ તે પોતાનો મનોવિકાર વ્યકત કરી બેઠી તે માટે તેને પસ્તાવો થવા લાગ્યો. "મિસીસ બ્રેસ! આવી મૂર્ખાઇ ભરી વાત મનમાં રાખવા જેવી નથી. જાઓ, મારે માટે બે ટોપી મૂકી જાઓ!"

બ્રેસ સમજી ગઇ કે હવે થોભવામાં સાર નથી. આથી તે બે ટોપી મૂકી કાઉન્ટેસને નમન કરી વિદાય થઇ ગઇ. દાદર ઉતરતાં તે વિચાર કરવા લાગી: "એનું દીલ તો ઉછળી રહ્યું છે પણ એ રૂપગર્વિતા છે પહેલું તીર ઠીક લાગ્યું છે. થોડા વખતમાં એ પ્રિન્સની માશુક બની જશે."

નીચે દિવાનખાનામાં જતા તે જે યુવતીને નીચે બેસાડી આવી હતી તેની સાથે એક લાંબો, દુબળો પણ ખુબસુરત યુવાન વાતચીત કરતો જણાયો એ યુવાનના કપડા સામાન્ય પણ સ્વચ્છ હતા.

"મિસ માર્ટીન ' ચાલો–" બ્રેસે કહ્યું.

"ચાલો" કહી તે યુવાનને સલામ કરી બ્રેસની સાથે ગાડીમાં જઇ બેઠી.

"કમિલ્લા! એ જવાન કોણ હતો?" બ્રેસે ગાડીમા બેઠા પછી પૂછ્યુ.

"હું એને ઓળખતી નથી. થોડીવાર પહેલાંજ એણે દિવાનખાનામા આવી મને અત્યંત માનપૂર્વક બે ચાર વાતો પુછી. મારે લાચારીથી જવાબ આપવા પડયા. એ સિવાય હું કંઇ જાણતી નથી." પેલી યુવતી મિસ કમીલ્લા માર્ટીને જવાબ વાળ્યો.

" જો દીકરી ! હું તને મારી દીકરી જેવી ગણું છું—"

" મેં એ જવાન સાથે મેં કંઇ અયોગ્ય વાત કરી નથી."

" તે હું જાણું છુ."

થોડીવારમાં ગાડી એક આલીશાન મકાન આગળ જઇ ઉભી.

" જો, આ ચીઠ્ઠી લોર્ડ ફ્લોરેમલ સિવાય કોઇને આપવાની નથી." બ્રેસે કમીલ્લાને કહ્યું: " નોકર મારફતે ન મોકલતી હું જાતે જવા માગતી નથી. વાત એમ છે કે લોર્ડ ફ્લોરેમલની એક સગી પાસે મારા લ્હેણા પૈસા છે. તે વસુલ કરવા માટે મેં અનેક ચીઠ્ઠી લખી હતી પણ તેમાંની એકપણ લોર્ડ સાહેબને પહોચી નથી. જો એકવાર લોર્ડ ફ્લોરેમલને ખબર પડે તો તે તરત પૈસા ચુકવી આપશે."

" સમજી ગઇ ! હુ લોર્ડ ફ્લોરેમલને મળવાની માગણી કરીશ અને પછી તેમને ચીઠ્ઠી આપીશ" સરલ હૃદયા કમીલ્લા બ્રેસની વાત સાચી માની બોલી.

મિસ કમીલ્લા તરત ગાડીમાંથી ઉતરી અને લોર્ડ ફ્લોરેમલના મકાન આગળ જઇ તેણે નોકરને પૂછ્યું; " લોર્ડ ફ્લોરેમલ છે ? "

" જી હા." નોકરે કહ્યુ.

" મારે તેમને મળવું છે.

નોકર કમીલ્લાને એક સુસજ્જિત દિવાનખાનામાં લઇ ગયો. ત્યાં યુવાન લોર્ડ ફ્લોરેમલ કોઇ નવલકથા વાંચતો બેઠો હતો.

મિસ માર્ટીન અંદર જતાંજ તેની સુંદરતા, સલજ્જ ભાવ અને તેના સુંદર શરીરની મોહકતા જોઇ લોર્ડ ફ્લોરેમલ અસ્થિર થઇ ગયો. કમીલ્લા શરમાતી શરમાતી તેની પાસે ગઇ અને એ યુવાન અમીરના હાથમાં ચીઠી મુકી બોલી: " મારા લોર્ડ ! મિસીસ બ્રેસે આ ચીઠી મોકલી છે.

કમીલ્લાનો શોકસૂચક પોષાક જોઇ લોર્ડ ફ્લોરેમલ સમજી ગયો કે જે દિને તે બ્રેસના શયનગૃહમાં બ્રેસના સ્ત્રી ચરિત્રથી

ભ્રષ્ટ થતો બચી ગયો હતો તે વખતે એ નીચ દલ્લાએ જે રૂપસુંદરી વિષે ઇસારો કર્યો હતો તે આજ યુવતી હોવી જોઇએ. તેણે કમીલ્લાને માથાથી પગ સુધી જોઇ લીધી અને પછી તે બ્રેસનો પત્ર વાંચવા લાગ્યોઃ

"મારા વ્હાલા મિત્ર !

આ પત્ર લાવનારી કેવી લાગે છે ? હમણા હમણાં તમે બહુ ખરાબ થઇ ગયા છે. મને કેમ મળવા આવતા નથી તે જણાવજો જે રાતે તમે નવરા હો તે રાતે મહેરબાની કરી મારે ત્યા ડીનર લેવા પધારવાનુ હુ તમને આમંત્રણ કરૂ છું. જો તમારી ઇચ્છા હશે તો આ પત્ર લાવનારી મિસ કમીલ્લા પણ આપણી સાથે ટેબલ પર બેસશે ! એને એટલુજ કહેજો કે પત્રમાની બીનાપર ધ્યાન આપવામાં આવશે."

પત્ર વાચતાંજ લોર્ડ ફ્લોરેમલ સમજી ગયો કે તેને બીજી કોઇ રમણીના પ્રેમમાં મુગ્ધ કરી પોલીનની નજરમાં હલકો પાડવાનો બ્રેસે સકલ્પ કર્યો છે. તેને જરા ગુસ્સો ઉપજ્યો પણ સામે ઉતરની રાહ જોઇ ઉભેલી સલજ્જ મુખ યુવતીને જોઇ તે ગુસ્સે થવાતું સાહસ કરી શકયો નાહ.

"મિસીસ બ્રેસને કહેજો કે તેમની ચીઠીપર તરત ધ્યાન આપવામાં આવશે."

"આભાર !" કહી કમીલ્લા બ્હાર નીકળી અને લોર્ડ ફ્લોરેમલ તે અદશ્ય થઇ ત્યાં સુધી તેને ટીકી ટીકીને જોઇ રહ્યો.

મિસ માર્ટીન લોર્ડ ફ્લોરેમલના મકાનના દરવાજા આગળ આવી તે વખતે રસ્તામાં બ યુવતીઓ અચાનક ઉભી રહી. બન્ને બહેન જેવી જણાતી હતી. એકે કહ્યું "આ ગેબ્રીલનું ઘર !" એજ પળે બન્નેની નજર કમીલ્લાપર પડી અને બન્ને તેને ભેદક નજરે જોવા લાગી. આ જોઇ કમીલ્લા શરમથી લાલ થઇ ગઇ. તરતજ પેલી

બેમાંની એક સ્ત્રીએ ગુસ્સાથી કહ્યું: "કેમ મિસ! લોર્ડ ફ્લોરેમલને મળી આવ્યાં ?"

કમીલ્લા અવાક થઇ ગઇ.

"હં, સમજી ગઇ! ચાલ, ઓકટેવીયા, ચાલ!" કહી બન્ને એના રસ્તે પડી. કમીલ્લા બ્હીવેલી હરણી જેવી ગાડીમા જઇ બેઠી ગાડી પોલમેલ તરફ જવા લાગી. લોર્ડ ફ્લોરેમલનો જવાબ સાભળી બેસ ખુશ થઇ પણ કમીલ્લા અપમાનિત થઇ રડું રડું થઇ ગઇ હતી.

"પેલી બે બ્હેનોમાંથી એકે તારૂં અપમાન કર્યું લાગે છે!" બેસે લાગણીભર્યા અવાજે કહ્યુ. "હા હું એકલી ગઇ તે ઠીક ન થયું. એ લોકોએ મારે માટે શું ધાર્યુ હશે?"

"તુ ફીકર ન કર દીકરી! એનીજ પાસે હું પૈસા માગુ છું. એ લોર્ડ ફ્લોરેમલની પીત્રાણ થાય છે અને મને ગાડીમાં જોઇને એ તું શા માટે લોડ ફ્લોરેમલને મળવા ગઇ હતી તે એ સમજી ગઇ લાગે છે! મુઆઓને પૈસા આપતી વખતે ચુંક થાય છે–!"

ભોળી કમીલ્લા આ વાત સાચી માની ખુશી થઇ. ખરી વાત એ હતી કે બેસ પોલીન અને ઓકટેવીયાને જોઇ મ્હો છૂપાવી ગાડીમાં બેસી રહી હતી! પ્રિન્સના કહેવાથી લોર્ડ ફ્લોરેમલને મોહિત કરવા માટેજ તેણે આ ભોળી યુવતીને એ યુવાન અમીર પાસે મોકલી હતી.

પ્રકરણ ૬૨ મુ.

ભેદી ડાકટર !

પ્રિય વાંચનાર ! આ અદ્ભુત રસથી છલકાતી અને રાજવંશી તથા અમીર ઉમરાવોના ભયંકર ભેદોથી ભરપૂર નવલકથાના રસ સાગરનો પૂરેપૂરો સ્વાદ ચાખવા માટે સ્મરણ શકિતને સતેજ રાખવાની જરૂર છે, આ નવલકથાના ત્રીજાજ પ્રકરણમા બે રૂપવંતી રમણીઓ ની ગાડીના ઘોડાઓએ મસ્તી કરવાથી તેમની ગાડીના ચુરેચુરા થઇ ગયા હતા તેથી તેમા બેઠેલી બન્ને રમણીઓ મિસ ઓકટેવીઆ અને પોલીનની મહેમાન બની હતી એ બનાવ અમારા વાચકો ભુલી તો નજ ગયા હોય ! એજ વખતે મી હાર્લીને નામે ઇંગ્લન્ડના કામી પાટવી કુમાર ઓકટોવીઆને પોતાની દગાબાજ પ્રેમ જાળમાં ફસાવવાની કોશીષ કરી રહ્યો હતો અને અકસ્માતમાં સપડાયલી સ્ત્રીને જોતાંજ તે ગચ્છંતિ કરી ગયો હતો એજ રાતે એ બે રમણીઓમાની એક-અઢાર વર્ષની પરીજાદીએ ઓકટેવીઆના ઘરમા પુત્રને જન્મ આપ્યો હતો, એ પુત્રની માતા કુંવારી હતી અને તેથી તેણે પોતાના કલંકની સાબીતી રૂપ પુત્રને થર્સટન નામના ડકરને દશ હજાર પાઉંડ આપીને સોંપી દીધો હતો તે અત્રે યાદ કરાવવાની જરૂર છે. આ વાર્તાના સીલ સીલા દરમિયાન વાચકો એ પણ સમજી ગયા હશે કે કુવારી દશામાં પુત્રને જન્મ આપી પોતાના પ્યારા પુત્રને તજી જનારી સ્ત્રી કોઇ નહિ પણ ઇગ્લંડની રાજકુમારી પ્રીન્સેસ સોફીયા હતી અને તેની સાથીદાર એલીનર અથવા કાઉન્ટેસ ઓફ ડેસબરો હતી. પ્રિન્સ પોતાની બ્હેનનું મ્હો જોઇ નાસી ગયો હતો તે હવે વાચનાર સારી પેઠે સમજી શકશે.

પ્રિન્સેસ સોફીયાના પુત્રને લઇ જનાર ડોકટર થર્સટન અને તેની સ્ત્રી મુળથીજ કંજુસ હોવાથી તેમની પાસે પાચ પૈસા ભગા થયા હતા, તેમા રાજકુમારીએ આપેલા દશ હજાર પાઉંડ હાથમાં આવતાં આ દમ્પતીનો સીતારો ચમકી ગયો અને કાદમાદથી ધંધો કરી લખપતિ થવાની મહત્વાકાંક્ષાથી ડોકટર થર્સટન એજવર રોડ પરનું

મકાન છોડી હાલમાં મેર્ફેર નામના ફેશનેબલ લતામાં રહેવા આવ્યો હતો.

ડોકટરનું નવું મકાન સુંદર અને આલીશાન હતું. રસ્તા પર મકાન આવેલું હતું અને તેની પાછળ થોડી ખુલ્લી જગ્યા હતી ખુલ્લી જગ્યાની પાછળ તબેલો હતો. તબેલામાંથી ખુલ્લી જગ્યામાં આવવાનો એક દરવાજો હતો. મુખ્ય દરવાજો આગલી બાજુએ હતો લોકો બાહ્ય ભભકાથી અંજાઈને મોટા ડોકટરો આગળ પોતાના ગજવા ખાલી કરી જાય છે એ વાત આ કંજુસ ડોકટર અને તેની સ્ત્રી અચ્છી રીતે સમજતાં હતાં.

રાજકુમારી સોફીયાના પુત્રને દતક પુત્ર ગણીને પતિપત્નિ ઉભય તેને લાડ કોડમાં ઉછેરતા હતા, તેમને કંઈ બાળક ન હોવાથી આ હતભાગી બાળક ઉભયને પોતાના પુત્ર જેવોજ વ્હાલો થઈ પડયો હતો અને આ દમ્પતિએ એ બાળકનુ નામ ગોડફ્રે થર્સટન રાખ્યું હતું. મિસીસ થર્સટન એ પુત્ર પર ધીમે ધીમે એટલી બધી પ્રીત થઇ ગઇ કે તેને ગોડફ્રે વિના ઘડી પણ ચેન પડતું નહિ. ડોકટર બડો ચાલાક અને દીર્ઘદર્શી માણસ હતો તેની ખાત્રી હતી કે આ બાળકની માતા કોઈ મોટા શ્રીમંત ઘરની કુમારી છે. આ બાળક તેની માતાના કલંકનો જીવતો પુરાવો છે અને તેથી ભવિષ્યમાં ડોકટરને દશ હજાર પાઉંડ તો શું પણ તે માગશે તેટલી દોલત મળી રહેશે એવી તેને આશા હતી.

મિસીસ બ્રેમ કાઉન્ટેસ ઓફ ડેસબરો આગળ પ્રિન્સ ઓફ વેલ્સની પ્રશંસા કરી તેની કામજ્વાલા પ્રદિપ્ત કરી આવી તેજ દિને બપોરે ડોકટર થર્સટનના નવા મકાનપર તેના નામની તખ્તી લાગી ગઇ હતી.

એજ સાંજે એક લાંબો ખુબસુરત યુવાન ઓવર કોટ પહેરી એ રસ્તાપરથી નીકળ્યો. પીતળની ચકચકતી તખ્તી વાચી તે સમજી ગયો કે આ કોઇ નવો ડોકટર આવ્યો છે આ યુવાનનો દેખાવ જોતાજ તે કોઇ શ્રીમત ઉમરાવ હશે એવો ભાસ થતો



પોલીન.

બાવન (૫૨) વર્ષના જુના અનુભવી પેન્ટર





ગુણાનાથ
જે. કે. સી.

સોનેરી, રૂપેરી તેમજ બીજા રંગના હરેક જાતના રંગના પાટીયા લખનાર નાટકના પડદાઓ, તથા ચીત્રો ફોટો અને રબરના સ્ટાંપો, લાખ ઉપર મારવાની સીલો, બ્લોકો, સીપાઈના પટ્ટાઓ, પીતળના બોર્ડો વિગેરે બનાવનાર.

કેટલોગ મફત-માટે લખો,

૨. કાલબાદેવી રોડ-મુંબઈ.

હતો. તે એજ રસ્તાપર રહેતો હતો તેથી આ મકાનને તે સારી રીતે જાણતો હતો. ઘણા વખતથી આ ઘર ખાલી પડયું હતું અને હમણાજ તેની મરામત થઇ હતી. અચાનક તે યુવાનના દીલમાં કંઇ નવો વિચાર જાગ્રત થયો. તે થોડીવાર ડોકટર થર્સ્ટનના નામની તખ્તી વાંચતો ઉભો રહ્યો અને પછી બે ચાર ડગલાં આગળ વધ્યો પુનઃ અટકયો. તેના મનમાં ભારી ગડમથલ થવા લાગી. ડોકટર પાસે જવું કે નહિ? આ સવાલ તેના દીલમાં ઘોળાઇ રહ્યો હતો. તેને કોઇ અસાધ્ય રોગ થયો હતો. એ રોગની દવા શોધવા માટે તે આકાશ પાતાળ એક કરી નાખવાને તૈયાર હતો. મગર અફસોસ! બીજી બાજુથી આબરૂનો ભય હતો! પોતાનુ લાંછન કોઇ જાણી જાય તો તેને હંમેશાં નીચુજ જોવું પડે એવી સ્થિતિ હતી.

આખરે તે ડોકટરને મળવાના નિશ્ચયપર આવ્યો. અને ડોકટરના મકાન આગળ જઇ તેણે ઘંટડી વગાડી. નોકરે દરવાજો ખોલી પૂછ્યું: "આપનું નામ?"

"નામની કંઇ જરૂર નથી. હુ ડોકટરને મળવા માગું છું."

એ યુવાનના દબદબાભર્યો પોષાક તથા ગૌરવશીલ દેખાવથી અંજાઇને નોકર તેને ઓપરેશન રૂમમાં લઇ ગયો. મકાનના આ આખા માર્ગપર ગાલીચો બીછાવ્યો હતો. ઓપરેશન રૂમની બાજુમાંજ ડોકટરનો "કનસલ્ટીંગ રૂમ" (દરદીઓ તપાસવાનો ઓરડો) હતો. આ બન્ને ઓરડા મકાનના પાછલા ભાગમા હતા. ડોકટરનો રૂમ નાનો પણ અત્યંત સુસજ્જિત હતો. તેમાં બે દરવાજા હતા. એક બ્હાર જવાનો અને બીજો ઓપરેશન રૂમમાં જવાનો! ઓરડામાં સગડીમાં દેવતા સળગી રહ્યો હતો. ડોકટર ટેબલ પાસે બેસી કંઇ લખતો હતો. પેલા યુવાનને જોતાજ તે તરત ઉભો થયો. આ નવા મકાનમાં તેની પાસે આવનાર આ પહેલો દરદી હતો. તેણે હસીને માનપૂર્વક પૂછ્યું.

"સાહેબ! આપનું નામ?"

"તમારી પાસે નામ છુપાવવામાં સાર નથી પણ હું અત્યંત ખાનગી બાબતમાં તમારી સલાહ લેવા આવ્યો છું. હું ડેસબરોનો અર્લ છું!" અર્લે જરા ધ્રુજતા અવાજે કહ્યું.

"નામદાર! વિશ્વાસઘાત કરવાથી મને કંઇ લાભ મળનાર છે? આપના જેવાની મહેરબાની પર તો મારો આધાર છે. આપનો જે હુકમ હોય તે ખુશીથી ફરમાવો. અહિં કોઇ સાંભળી શકે એમ નથી."

ડોકટર ગંભીર થઇ બોલ્યો.

"જુઓ ડોકટર! વાત બહુજ છૂપી અને શરમભરી છે." કહી અર્લે ગજવામાંથી સો સો પાઉંડની પાંચ નોટો કાઢી "લો, આ તમારી ફી!"

ડોકટરના આનંદનો પાર રહ્યો નહિ.

"આપ લેશમાત્ર સંકોચ ના રાખો. હું જે વાત સાંભળીશ તે મારી સાથે મારી કબરમા દટાશે." ડોકટરે ખાત્રી આપી.

"ડોકટર! મેં એક યુવાન સુંદર સ્ત્રી સાથે લગ્ન કર્યાં છે. તે પવિત્રતાની જીવતી પ્રતિમા છે પણ તેનો સ્વભાવ ઉગ્ર છે તેથી વારંવાર ચંચળ થઇ જાય છે. હું...આહ! શી રીતે કહું?" અર્લ મુઝાયો અને ખુરશીપરથી ઉઠી ઓરડામાં વ્યગ્ર ચ્હેરે આમથી તેમ આંટા મારવા લાગ્યો. થોડીવાર પછી તે અત્યંત દયાજનક ચહેરે ડોકટર પાસે ગયો અને તેના ખભા પર હાથ મૂકી ધીમે સ્વરે બોલ્યો. "હું–હું–નામર્દ છું જો તમે મને સારો કરો તો હુ તમને પાંચ હજાર પાઉંડ આપવાને તૈયાર છુ."

ડોકટર અવાક થઇ ગયો.

❀ ❀ ❀

ઘણીવાર થઇ ગઇ. અર્લે દુઃખદ ચ્હેરે પૂછ્યું: "ત્યારે કંઇ આશા નથી?"

"જી નહિ. આપને ખોટી આશા આપીને પૈસા કઢાવવા હરામ છે. કંઇજ આશા નથી." ડોકટરે નિરાશ થઇ જવાબ આપ્યો.

"જેવી પરમાત્માની મરજી ! આ વાત—"

"તે વિષે નિશ્ચીત રહો. આ પળથીજ હું એ વાત ભૂલી જઇશ."

"અર્લ ડોકટરનો આભાર માની વિદાય થઇ ગયો.

રાતના નવ વાગ્યા. ડોકટર પોતાના દવાખાનાવાળા ઓરડામાં બેઠો હતો. તેમાંથી ઓપરેશન રૂમમાં જવાતું હતુ. બીજા બારણાદ્વારા મકાનના પાછલા ભાગમાંની ખાલી જગ્યામાં જઇ શકાતું હતું. ત્રીજું દ્વાર એક બીજાજ ઓરડામાં પડતું હતું જેનો ભેદ અમે આગળ ચાલતાં ખોલીશુ. થોડીવારમાં ઘંટી વાગવાનો અવાજ આવ્યો. તરતજ ડોકટર મકાનની પાછળના મેદાનમાં ગયો અને તબેલા આગળ જઈ દરવાજો ખોલી નાખ્યો. તરતજ એક મવાલી જેવો સખસ અંદર દાખલ થયો. એક બોલ પણ બોલ્યા વિના બન્ને દવાખાનામાં આવી પહોંચ્યા.

ડોકટર સાથે આવેલો માણસ જાડો અને કદાવર હતો. તેનો ચહેરો કદરૂપો અને આંખો નાની પણ ચમકીલી હતી. તેને જોતાંજ જોનારના દીલમાં ડર પેદા થતો. તેના કપડાં અત્યંત મેલા અને ફાટેલાં હતા અને તેમાંથી ખરાબ વાસ આવતી હતી.

"ઓહ ! ડોકટર ! મકાન તો સારૂં લીધું હો ! ભગવાન કરે ને તમારો ધંધો સારો ચાલે એટલે અમને પણ બે પૈસાની પ્રાપ્તિ થાય." પેલા મવાલી માઇકલ બજલોકે શ્રી ગણેશાયનમઃ કર્યાં

"બકબક ના કર. મેં કહ્યું હતું તે કામ તારાથી થઇ શકશે ? મારે બહુજ જલદીથી લાશ જોઇએ છે." ડોકટર ધીમા પણ ગંભીર અવાજે બોલ્યો.

"હા થઇ શકશે પણ આવતા સોમવારની રાત પહેલાં નહિ." બજલોકે જવાબ આપ્યો.

"આવતા સોમવારની રાત ! હા. બરાબર છે. એજ દિવસ ફાંસી માટે નકકી થયો છે ને ? વારૂ, કોની લાશ લાવશે ?"

"રામ્સેની ! એના જેવી ખુબસુરત લાશ ક્યાં મળવાની હતી ?"

"અને તે ન મળી તો ?"

"તો બીજો બંદોબસ્ત કરી આપીશ. સોમવારે આ કામ અમે જરૂર પાર પાડીશુ મારી સાથે મારો દોસ્ત ડીક ત્રમ્પર આવશે. મધરાતે અમે તબેલાને રસ્તે આવીશું."

"અચ્છા ! બોલો, એ કામ માટે શુ લેશો ?"

"ચાળીશ ગીની !"

"નહિ. ત્રીશ આપીશ."

"તમારૂંય રહ્યું ને મારૂંય રહ્યું. પાંત્રીસ ગીની આપજો !"

"જાઓ, કબૂલ ! સોમવારે રાતે બાર વાગે હું તૈયાર રહીશ."

માઇલ્સ બજલોક આ ભયંકર સાટું કરી ડોકટરના મકાનમાંથી બ્હાર નીકળી વેસ્ટ મીન્સ્ટર તરફ ચાલ્યો. ત્યાંનું કબ્રસ્તાન પસાર કરીને બાજુની સાંકડી ગલીમાં ઘુસ્યો. કડકડતી ઠંડી પડતી હતી છતાં પણ પોતાની ખોલીના બારણા આગળ ઉભી રહી કેટલીક અર્ધનગ્ન સ્ત્રીઓ મોટે મોટે અવાજે બીભત્સ વાતો કરી રહી હતી. ઝાંખી રોશનીમાં તેમના મ્હોં અત્યંત બીહામણા જણાતા હતા. શરાબની શયતાની રમત આ ગલીમાં પૂર જોરથી ખેલાઇ રહી હતી. કેટલાક મકાનમાં દારૂડીઆઓ કેફમાં મસ્તાન થઇ મોટા મોટા બરાડા પાડી કંઇ ગાતા હતા. કોઇ જગ્યાએ કોઈ સ્ત્રી પોતાના યારનો માર ખાતી ચીસ પાડી રહી હતી. કોઇ કર્કશા પોતાના ગરીબ પતિને દમદાટી દઇ રહી હતી. વેસ્યાભવનોમાં વેસ્યાઓ ટોળેટોળાં મળી કોઇ સામાન્ય વાત પરથી એક બીજી સાથે લડી મરતી હતી અને કોઇ કોઇ રસ્તે જતા રાહદારીની નિર્લજ્જ છેડતી કરતી હતી. આવા પાપી લતામાં શ્રીમતોની મજુરી કરી અરધે પેટે જીવતા ગરીબ લોકો પણ લાચારીથી વસતા હતા.

માઇલ્સ "જોલી-પ્રાઇઝ-ફાઇટસ" નામના એક પીઠામાં ઘુસી ગયો અને દારૂવાળાને સલામ કરી અંદરની ઓરડીમાં ગયો. ત્યાં

તેનો મિત્ર ડીક ત્રમ્પર એકલો બેઠો હતો. તે બહુજ લાંબો અને કદાવર જુવાન હતો. તેના વાળ તદ્દન લાલ હતા. મ્હો મોટું અને ગોળ હતું.

"કેમ? નક્કી ને?" ડીકે પૂછ્યું.

"હા. પાંત્રીસ ગીનીમાં નક્કી" માઇલ્સે કહ્યું.

"હું કહેતો હતો ને! ચાળીસ માગશે તો પાત્રીસ આપશે." ડીક હસ્યો.

"જો વેરન ક્યાં છે?"

"તે આજે સાડા બાર વાગે સ્કવેરમા મળશે."

"મેન્સમેન આવ્યો એટલે બેડો પાર! હથીઆર તો તૈયાર છે ને?"

"હા. આ પાકીટમાં બધુ છે."

"બસ ત્યારે! હમણા તો જરા શરાબ ઉડાવીએ."

"અચ્છા!" ડીકે જવાબ આપ્યો. શરાબની બોટલ આવી અને બન્ને મવાલીઓ ધીમે ધીમે દારૂ પીવા લાગ્યા.

પ્રકરણ ૬૩ મું.

પ્રિન્સને મળેલી સોનાની ચટ્ટી.

અર્લ ડેસબરો ડોકટરને મળ્યા પછી તદન નિરાશ થયો. પોતાના રાજમહેલ જેવા મકાનના ભવ્ય દિવાનખાનામાં જઇ બારણાં બંધ કરી તે ભયાનક ચિંતામાં લીન થઇ ગયો. તેને આખું મકાન સ્મશાન જેવું લાગ્યુ. વૈભવ વિલાસ જોતાંજ તેના શરીરની નસેનસમાં જાણે આગ લાગતી હોય તેમ તેને અકથનીય વેદના થવા લાગી. તેના તેજસ્વી વદન પરનું નુર તદન ઉડી ગયું હતું. તેની આંખો રડુરડુ થઇ રહી હતી. હવે એ બિચારા માટે કોઇ ઉપાયજ ન્હોતો. તે પોતાની પત્ની એલીનરને અત્યંત ચાહતો હતો. તેના પ્રેમની સીમાજ ન્હોતી. તેની હવે ખાત્રી થઇ ગઇ કે કોઇપણ રીતે તે પોતાની વ્હાલી પત્નીને સંતુષ્ટ કરી શકે એમ નથી ! પ્રબળ પ્રેમના આવેશમાં એલીનરને તેણે લગ્ન બંધનથી જકડી લીધી હતી. એલીનરની યૌવન વસંત પુર બ્હારમાં ખીલી હતી. તેની રગેરગે મદનનો રસ ઉછળી રહયો હતો તેના બિંબાધર પ્રિયતમના ચુંબન માટે વલખાં મારતા હતાં. એ ખીલેલું પુષ્પ ભ્રમર વિના અજબ મર્મવ્યથાના તાપમાં બળી મરતું હતું. એલીનરની વ્યથા દુર્દમનીય હતી. વૈભવ વિલાસ, યથેચ્છ ખાનપાન સર્વ તેને માટે તૈયાર હતું પણ–પ્રિયતમ ન્હોતો ! અર્લ તેની વેદના સમજી શકતો અને તેથી એ બિચારાની દશા ઔર કરૂણાજનક થઇ ગઇ હતી. તે લાચારીથી મરવા તૈયાર થયો. જો તે આપઘાત કરી એલીનરનો રસ્તો મોકળો કરે તોજ એ યુવાન અમીરજાદી સુખી થાય એવી સ્થિતિ હતી. અર્લના જીગરમાં અસહ્ય વેદના થતી હતી. તે કોઇ કોઇવાર કપાળ કૂટતો અને વારંવાર લાંબા નિસાસા નાખી જેમ તેમ શાંત થવાને વલખાં મારતો હતો પણ આવો માણસ શાંત કેમ થઇ શકે ?

"આપઘાત કરૂં ? હા, એ સિવાય બીજો રસ્તોજ શો છે ?...બીજો રસ્તો ? ઓ ખુદા ! મારી પત્ની મારી નજર સામે વ્યભિચારી બને હું તે જોઇ રહું એ બીજો રસ્તો ! પ્રભુ મને માફ

કરજે! મારી જીંદગી નકામી છે. મને ફક્ત મોતજ આરામ આપી શકશે. મારા શરીરને કબરમાંજ શાંતિ મળશે." તે બબડયો અને થોડીવાર વિચાર કર્યા પછી તે ડેસ્ક પાસે જઇ એલીનર પર પત્ર લખવા લાગ્યો.

વ્હાલી એલીનર,

મને માફ કરજે પણ મારી લાચારી તું જાણે છે. એ કલંક દુર કરવાનો ઉપાય જગતમાં છેજ નહિ તને સુખી કરવા માટેજ હું આ જગતનો ત્યાગ કરી જાઉં છું."

આ પત્ર લખતાં તેના મ્હોપર આનંદની છટા આવી. એક પીસ્તોલનો ધડાકો, અને સઘળા દુઃખનો અંત! અહા! દુઃખીઓને મોત પણ પ્યારૂં લાગે છે! અર્લના હોઠપર હાસ્યની રેખા આવી. ચીઠ્ઠી લખી તેણે કવરમાં નાખી અને તે પછી પીસ્તોલ કઢી તેમાં ગોળી ભરી. તરતજ તે પોતાનું કપાળ ફોડી નાખત પણ છેલ્લી પળે તેનો હાથ અચકયો, તેને મોતનો ડર ન્હોતો પણ પોતાના ખાનદાનની આબરૂનો ભય હતોઃ "હું બે ઘડીના પાગલ પણામાં આપઘાત કરી બેઠો છું એમ કોઇ માનવાનું નથી. હુ મરી જઇશ તો મારે ને એલીનરને માથે કલંક ચોંટશે કોરોનરની તપાસમા બધો ભેદ ખુલ્લો થઇ જશે. કદાચ ડો. થર્સ્ટન મારા આપઘાતનું કારણ જાહેર કરી દેશે! જો એમ થશે તો મારી લાશને ધર્મ પ્રમાણે દફનાવી શકાશે નહિ—ધર્મગુરૂ મારી કબર પર બંદગી કરશે નહિ અને મારી એલીનર તરફ આખું જગત આંગળી તાકશે." આવા વિચાર આવતાં તેને આપઘાત કરવામાં મુર્ખાઇ જણાઇ તેણે પીસ્તોલ ટેબલ પર નાખી અને પેલી ચીઠી સગડીમાં બાળી દીધી. તેની બેચેનીનો પાર રહયો નહિ. "શું કરૂં? બસ, એજ ઉપાય છે! એલીનરને સુખી કરવા માટે મારે મારા જીગરને પત્થર જેવું જડ અને લાગણીહીન બનાવવું પડશે." હોલમાં આંટા મારતાં મારતાં તે કોઇ નિર્ણય પર આવ્યો. તરત તેણે કપડા પહેર્યા અને નોકરને ગાડી લાવવાનો હુકમ કર્યો. થોડીવારમાં ગાડી હાજર થઇ

અને અર્લ ઓફ ડેસબરો તેમાં બેસી કાર્લટન મેન્શન—પ્રિન્સના મહેલ તરફ ઉપડી ગયો.

ગાડી કાર્લટન મેન્શનમાં પહોંચી ત્યારે બપોરના ત્રણ વાગ્યા હતા. પ્રિન્સ પોતાના દિવાનખાનામાં એકલોજ બેઠો હતો. અર્લના આગમનની નોકરે વરદી આપતાં તેણે અર્લને અંદર આવવા દેવાનો હુકમ કર્યો પણ અર્લનું નામ સાંભળતાં તે જરા ડરી ગયો હતો. પ્રિન્સ જાણતો હતો કે આજે તેની દલ્લાલ્ર મિસીસ બ્રેસ કાઉન્ટેસ પાસે જઇ તેના દીલમાં પ્રિન્સ માટે મોહ પેદા કરવાની બાજી ખેલનાર હતી. કદાચ બ્રેસે કંઇ અનાડી વાત કરીને એલીનરને ગુસ્સે કરી હોય અને અર્લ એ અપમાનનો બદલો માગવો હોય એવી શંકા પ્રિન્સના દીલમાં પેદા થઇ હતી. અર્લ આવ્યો. તેનું હસતું મ્હોંજોઇ પ્રિન્સની શંકા નષ્ટ થઇ ગઇ. તેણે અર્લનો માનપૂર્વક સત્કાર કર્યો અને રિવાજ પ્રમાણે બન્નેએ એક બીજાની ખબર પૂછી.

"નામદાર! સેવક આપને કંઇ અરજ કરવા માગે છે. મને આશા છે કે આપ તેથી માઠું લગાડશો નહિ. હુકમ હોય તો નિવેદન કરૂં?"

"ખુશીથી બોલો મારા દોસ્ત! તમે તો હંમેશાં રાજ્ય અને ન્યાયને પડખે રહેનારા છો." પ્રિન્સ હસીને બોલ્યો.

"નામદાર!–" અર્લે શરૂ કર્યું "પ્રધાન મંડળે આપની કરજદારીની વાત આખા દેશમાં જાહેર થવા દીધી છે તેથી મને અત્યંત દુ:ખ થયુ છે. આપ કોઇ કારણસર પૈસાની તંગી ભોગવો છો એ વાત મને ઘણા જણે કહી છે. થોડા દિવસ પર આમની સભામાં આપનું કરજ ચૂકવી દેવાની દરખાસ્ત આવી હતી પણ તે મંજુર થતા થોડોક વખત જવાનો સંભાવ છે. આ સમયે બેંકમા મારે ખાતે વીસ હજાર પાઉંડ જમા છે અને જો આપ તે કૃપા કરી સ્વીકારશો—"

"ઓહ! મારા જાનોજીગર મિત્ર!" અર્લના બન્ને હાથો પકડી પ્રિન્સ ખુશખુશ થઇ વચ્ચે બોલી ઉઠયો: "તમારી ઉદારતા અને

શિષ્ટાચાર જોઇ હું ઘણોજ પ્રસન્ન થયો છું. હું ખુશીથી તમારી અરજ મંજુર કરૂં છુ.

"તો કૃપા કરી સાંજે મારે ઘેર પધારી આ દીન સેવકના મહેમાન થશો ?"

"મિત્ર ! તમારૂ આમંત્રણ હું સ્વીકારૂ છું. જો તમારી અને કાઉન્ટેસની મરજી હશે તો હું આજે તમારી સાથેજ ભોજન લઇશ."

"કાઉન્ટેસ આપ નામદારનુ સ્વાગત કરવામાં પરમ સદ્‌ભાગ્ય સમજશે." અર્લે જવાબ આપ્યો.

"ભલે ભલે ! હું રાતે આઠ વાગે આવીશ" પ્રિન્સની નજર સામે રૂપિયા અને એલીનર તરવા લાગ્યા !

અર્લ પ્રિન્સની રજા લઇ સીધો બેંકમાં જઇ સાડાચાર વાગે પોતાને ઘેર ગયો. દરવાજામાં પગ મુકતાંજ તેને ખબર મળી કે એલીનર દિવાનખાનામાં એકલી બેઠી છે. તે સીધો પોતાની પત્ની પાસે ગયો અને સ્નેહભર્યા મૃદુ સ્વરે બોલ્યો: "એલીનર ! આજે જરા કામસર હું પ્રિન્સને મળવા ગયો હતો."

એલીનર ચોંકી. મહા મહેનતે તે પોતાની લાગણી છૂપાવી ચૂપ રહી.

પ્રકરણ ૬૪ મું.

રંગમાં ભંગ.

અર્લને મ્હોડે પ્રિન્સનું નામ સાંભળી એલીનર ચમકી ગઇ. એજ પળે અર્લનો રૂમાલ પડી ગયો અને તેણે વાંકા વળી તે ઉપાડી લીધો એલીનર સમજી કે તેની મનોવ્યથા અર્લ સમજી શક્યો નથી. તે તરતજ શાંત મુદ્રા ધારણ કરી હસી.

"પ્રિન્સ આજે આપણે ત્યાં ભોજન લેશે. મારી સાથે એમને કંઇક વહેવાર કામ છે તેથી તેઓશ્રીની ખાનગી પધરામણી થશે. એલીનર ! મારી ખાત્રી છે કે તું આપણા રાજવંશી મહેમાનનું યોગ્ય સ્વાગત કરશે."

કાઉન્ટેસને હવે બીલકુલ શક રહ્યો નહિ. જો તેના પતિને જરા પણ સંદેહ ઉપજ્યો હોત તો તે પ્રિન્સને નિમંત્રણ ન કરત. એલીનર પ્રફુલ્લિત થઇ બોલી: "મને સાંજે કંઇજ કામ નથી. રાજકુમારના સ્વાગત માટે હું યોગ્ય બંદોબસ્ત કરીશ, તમે તેની લેશમાત્ર ફીકર કરશો નહિ."

અર્લ તે પછી પોતાના દિવાનખાનામાં ગયો અને એલીનર પુનઃ વ્યાકુળ થઇ ગઇ. તેનું યુવાન હૃદય યોગ્ય સહચર માટે વલખાં મારતું હતું. અસ્થિર મને એકલા બેસી ગમે તેવા વિચાર કરવામાં તેને સાર જણાયો નહિ તેણે ઘંટી વગાડી નોકરને બોલાવ્યો અને ખાનસામાને રાજવંશી ખાણું પકાવવાનો હૂકમ કર્યો. તે પછી તે શયનગૃહમાં ગઇ અને દાસીઓને મહામૂલ્યવાન વસ્ત્રો તથા અલંકારો તૈયાર રાખવાની આજ્ઞા કરી. હજુ બે કલાક બાકી હતા. એલીનરને અચાનક પોતાની સખી ડચેસ ઓફ્ ડેવનશાયરનું સ્મરણ થયું અને તે તરત ગાડીમાં બેસી ડચેસને ત્યાં ગઇ. પ્રિન્સ આજે એલીનરને [illegible] ડચેસ પોતાની કુલ ... ... શ્રેષ્ઠ સ્ત્રીઓ પોતાની સખીને પવિત્ર જોઇ શકતી નથી એલીનર સંસાર સુખથી વંચિત છે એ ભેદ ડચેસ જાણી ગઇ હતી. તેણે એલીનરને પ્રિન્સની ખુબસુરતી અને રમણી-

ઓને પ્રસન્ન કરવાની તેની બાહોશીની તારીફ કરી એ રૂપસુંદરીને ઔર પાગલ બનાવી મેલી. એલીનરની નસેનસ વાસનાથી પ્રજ્વલિત થઇ ગઇ. પ્રિન્સના મિલનના મધુરાં સ્વપ્નાં જોતી તે ઘેર આવી.

રાતે આઠ વાગે રાજકુમાર આવ્યો. અલ અને કાઉન્ટેસે તેનુ ભારી સન્માન કર્યું. એલીનરે શણુગાર સજવામાં કંઇ બાકી રાખી ન્હોતી. તેની સુંદરતા ગજબ વર્ષાવી રહી હતી તેની મોટી રસીલી કાળી આંખો ગમે તેવા સંયમીના હૃદયને ભેદી નાખે એવી મદીલી બની હતી. તેના મનોહર ચળકતા વાળોની લટો મંદમંદ પવનની લહેકીથી ઉડીને તેના ગુલાબી ગાલોને ચુમી લેતી હતી. તેની નાજુક ગરદન, ઉન્નત ઉરજ અને પાતળી કમ્મર પ્રિન્સને પાગલ બનાવવાને સમર્થ હતાં ! તેના કાનમાં હીરાના ઇયરીંગ્સ ઝગારા મારતા હતા. ગળામા મોતીનો હાર શોભીતો હતો અને નાજુક કમળદાંડી જેવા હાથોમાં રત્નજડિત બગડીઓ નાચી રહી હતી. એલીનરને જોતાંજ પ્રિન્સને લાગ્યું કે આ મનુષ્ય લોકની નહિ પણ ઇંદ્ર લોકની કોઇ પરી કોઇ ઋષી મુનીને તપ ભંગ કરવાને અહિ ઉતરી આવી છે !

એલીનરે પોતાની વાસનાપર વિજય મેળવવાને અત્યંત પ્રયત્ન કર્યો હતો. ડેવનશાયરની ડચેસ પ્રિન્સની માશુક થવામાં મગરૂરી માનતી હતી. તેણે રાજકુમારની પ્રશંસા કરી પોતાને ભ્રષ્ટ કરવાનો ઇરાદો રાખ્યો હતો એ વાત પણ આ રૂપગર્વિતા સમજી ગઇ હતી છતા તે પોતાનો મનોવેગ રોકી શકી નહિ. દિવાનખાનામાં પગ મેલતાંજ પ્રિન્સે તેના તરફ અનુરાગભરી નજર ફેંકી અને શેકહેંડ કરતી વેળા તેનો નાજુક હાથ જરા દાબ્યો. એલીનરના તેજસ્વી નેત્રોમાં વાસના ઝમકી ઉઠી અને તેનો હાથ કમ્પી ગયો. પ્રિન્સની નજર તેના અધખુલા ઉરજ પર પડતાં એલીનરની છાતી ધડકવા લાગી. પ્રિન્સ અગાઉ તેને એકાંતમાં મળ્યો હતો અને એલીનર પર તેણે પોતાની જાળ બીછાવી હતી. તે વખતે એલીનરે તેને હતાશ કરી હાકી કાઢ્યો હતો અને પ્રિન્સ તેને "જોઇ

લઇશ" એમ કહી ચાલ્યો ગયો હતો. આ વાત તે પ્રિન્સનું હસિત વદન જોતાંજ ભુલી ગઇ. તેને લાગ્યું કે આ યુવાન ખરેખર પુરૂષ રત્ન છે. ડચેસે જ્વલંત ભાષામાં પ્રિન્સની ખુબસુરતીની કરેલી પ્રશંસા તેને અક્ષરસઃ સાચી લાગી. શરમથી તેના ગાલો લાલ લાલ થઇ ગયા અને તેના તેત્રોમા પ્રેમની કોમળ જ્યોતિનો સચાર થયો. મદમાતી નજરે તેણે એક વાર પ્રિન્સને આંખ મારી અને કામીરાજકુમાર શદેહે સીધો સ્વર્ગમાં ચાલ્યો ગયો. એલીનરના આવેગ, ઉત્તેજના અને હરપળે તેના વદનપરના બદલાના રગનું વર્ણન કરવાની આ કલમમાં તાકાત નથી. એ આખો નાટક પ્રિન્સે તેનો હાથ પકડયો એટલીજ વારમાં ભજવાઇ ગયો. પ્રિન્સને આવકાર આપી ને સોફાપર બેઠી અને પ્રિન્સ તેની અડો અડ બેસી મોહક સ્વરે તેની સાથે વાતચીત કરવા લાગ્યો. એલીનર ઘણીવાર ચૂપજ બેસી રહી. એટલીવાર અર્લે સમયસૂચકતા વાપરીને પ્રિન્સ સાથે વાત કરી થોડીજવારમાં નોકરે આવી ભોજન તૈયાર હોવાની વરદી આપી.

એલીનરનો હાથ બગલમાં ઘાલી પ્રિન્સ ડીનર રૂમ તરફ તેને લઇ ગયો. દાદર ઉતરતાં તે જાણીજોઇને એલીનરનો હાથ દાબી રહ્યો હતો. અકથ્ય સુખ થતું હોય તેમ શરમીલી નજરે તે ડગલાં ભરતી રહી. અંતે ત્રણેજણાં ડીનરરૂમમાં આવ્યા. ટેબલપર ભાત ભાતની વાનીઓ પીરસાઇ હતી. અનેક જાતના સ્વાદિષ્ટ શરાબોની બાટલીઓ હાજર હતી. ઓરડો તેજસ્વી લેમ્પોના પ્રકાશથી ઝળહળી રહ્યો હતો. સોના ચાંદીના વાસણોમાં બત્તીનુ પ્રતિબિંબ પડતાં ઓરડાની શોભા ઓર વધી જતી હતી. દિવાલોપર ચારે બાજુએ મોટા મોટા આયના હતા. તેમાં એલીનરની મોહક મૂર્તિની પ્રતિચ્છાયા પડતી હતી અને પ્રિન્સ આમથી તેમ જોઇ મત્ર મુગ્ધ બની જતો હતો એલીનરની રૂપ છટા જોતાં તે ખાવા પીવાનું ભૂલી સ્તભિત થઇ ગયો. અર્લ આ બધું વ્યથિત હૃદયે જોતો હતો પણ તેના વદનપર અપૂર્વ હાસ્ય ફરકી રહ્યું હતું. પ્રિન્સના હૃદયનો આવેગ અને સતૃષ્ણ નેત્રો જોતાં

એલીનરની દશા વિચિત્ર થતી જતી હતી. કોઇ કોઇ વાર તે પ્રિન્સની એક્ીટસી નજર જોઇ શરમાઇ જતી અને તેની છાતી ધડકવા લાગતી. અર્લ પોતાની પત્નીના આવા ભાવ જોઇને જરાપણ અસંતુષ્ટ થયલો જણાતો નહિ.

ભોજન પૂરું થયા પછી ફળફ્લાદિ આવ્યાં. થોડીવાર પછી કાઉન્ટેસ ત્યાંથી જવાને ઉઠી. આ સમયે કોઇ નોકર હાજર ન્હોતો એટલે બારણા ખોલવાને ખુદ રાજકુમાર ઉભો થયો. પ્રિન્સનું આવુ વર્તન જોઇ કાઉન્ટેસે મસ્તક નમાવ્યું તે તીરછી નજર ફેંકી ચાલી જતી હતી તેવામા પ્રિન્સ ધીમે સ્વરે બોલ્યો: "સુંદરી ! રાત દિવસ હું તમારી મનોહર મૂર્તિની આરાધના કરૂં છું."

કાઉન્ટેસ ગઇ અને પ્રિન્સ પુનઃ ખુરશીપર બેસી અર્લ સાથે મીઠી શરાબ પીવા લાગ્યો.

"દોસ્ત ! તમે અત્યંત ભાગ્યશાળી છો. તમારી પત્ની જેવી સુદર લલનાની આખા ઇગ્લંડમાં જોડી મળવી મુસ્કેલ છે." પ્રિન્સે અર્લ સમક્ષ એલીનરના ગુણગાન કરવા માંડયા.

"હા. મારી એલીનર રૂપ ગુણસંપન્ન છે. અને તે માટે હું મગરૂર છું. હવે જો આપની આજ્ઞા હોય તો પેલું કામ પતાવી દઇએ." અર્લે જવાબ આપ્યો.

"જેવી તમારી મરજી ! મિત્ર ! તમારી આ ઉદારતાથી હું એટલો બધો આભારી થયો છું કે ન પૂછો વાત ! હું રાજગાદીપર આવીશ ત્યારે તમને માર્કિવસની પદવી આપીશ અને અલ્પ સમયમાં ડયુક બનાવી દઇશ.

"હું બદલાની આશા રાખતો નથી."

"તે હું સારી પેઠે જાણુ છુ તમારા જેવા નિઃસ્વાર્થી અમીરોજ ઈગ્લંડના રાજવંશના આધારસ્તંભ છે."

પ્રિન્સ સ્વાર્થનો કૂતરો છે તે અર્લ સારી પેઠે જાણતો હતો. વધુ વાત ન કરતાં તેણે હજાર હજાર પાઉડની વીશ નોટો પ્રીન્સના હાથમા મુકી. પ્રિન્સે જાણે તે અર્લપર ઉપકાર કરતો હોય તેમ

એક રદ્દી કોરા કાગળ પર પેન્સીલથી લખી આપ્યું: "તમારી પાસેથી ૨૦ હજાર પાઉંડ લીધા છે તે દેવા સહી."

કામ ખતમ થયું અને પ્રિન્સ ફરીથી શરાબ પીવા લાગ્યો. બન્ને મિત્રો અનેક જાતના ટોળ ટપ્પાં મારવા લાગ્યા. વચમાં પ્રિન્સ એલીનરની પ્રશંસા કરતો પણ અર્લ તરતજ એ વાત ઉડાવી દેતો.

"મિત્ર! તમારી મહેમાનગીરીથી હુ એટલો બધો પ્રસન્ન થયો છું કે જાણે દિવસો સુધી અહિ પડયો રહું એવું મને મન થાય છે. આવી આરામભરી જગ્યા છોડી આજે અહિંથી ઠંડીમાં રાજમહેલમાં પાછા જવાનું મને ગમતુ નથી." પ્રિન્સે લાગ જોઇને વાત કાઢી.

"આ ગરીબની ઝૂંપડી આપનીજ છે. આજ્ઞા હોય તો હું આપને માટે શયનગૃહ તૈયાર કરાવું.

"હા. દોસ્ત! આજે તો હું અહિંજ સુઇશ."

તરત નોકરને બોલાવી અર્લે પ્રિન્સને માટે સુવાના ઓરડાની ગોઠવણ કરવાની આજ્ઞા કરી. બીજી પળે બીજા નોકરે દિવાનખાનામા કોફી તૈયાર હોવાની ખબર આપી. અર્લ અને પ્રિન્સ દિવાનખાનામાં ગયા ત્યાં એલીનર સોફાપર બેઠી હતી. તેના રંગઢંગ જોતાં પ્રિન્સની ખાત્રી થઇ ગઇ કે આ હરણી આજે શિકારીની જાળમાં ફસાયા વિના રહેવાની નથી. તે મહા મહેનતે શાંત થઇ બેઠી અને બધાએ કોફી પીધી. પુનઃ વાતચીત ચાલી. વાતમા ને વાતમાં પ્રિન્સે કોઇ કવિતાના ચરણ ટાંકયા અને કવિનુ નામ કહ્યું: એલીનરે તેની ભૂલ બતાવી તે કોઇ બીજા કવિની કૃતિ છે એમ જાહેર કર્યું. પ્રિન્સે એ વાત ન માની એટલે અર્લ બન્નેની ખાત્રી કરી આપવાના બ્હાનાથી પુસ્તક લેવાને બ્હાર ગયો.

અર્લ બ્હાર જતાંજ પ્રિન્સે એલીનરના બન્ને હાથ પકડી તેને ચુમી લેવા માંડી. એલીનરે આવેશમાં આવી પ્રિન્સની છાતીપર માથુ

નાખી દીધું. બન્નેના ગાલ એકમેક સાથે દબાયા. એલીનર મૃદુ મધુર સ્વરે બોલીઃ "આખર તમેજ જીતવાના."

"વ્હાલી ! હું જીતવા માગતો નથી પણ, તારો ગુલામ થવા ચાહું છું." તેના ગળામાં હાથ નાખી આલિંગન દેતો પ્રિન્સ બોલ્યો "વ્હાલી ! તારે માટે હું મારો પ્રાણ પણ ન્યોછાવર કરવાને તૈયાર છું."

એલીનર ચુપચુપ પ્રિન્સના ચુંબનોનો રસસ્વાદ ચાખતી પડી રહી તેને તદ્દન વિવશ થયલી જોઇ પ્રિન્સે કાનમાં ફુંક મારીઃ "વ્હાલી ! આજે હું તારા શયનાગારમાં આવું ?"

જવાબમાં એલીનર તેને વળગી પડી. પ્રિન્સ વિજયી આનંદથી મલકાઇ ગયો. બન્ને સ્થિર થઇ બેઠાં તે પછી અર્લ પાછો આવ્યો.

"એલીનર સાચી છે." અર્લે પુસ્તક બતાવી કહ્યું. પ્રિન્સે હસીને પોતાની ભૂલ કબુલી. મધરાત સુધી ગપ્પાં માર્યા પછી એલીનર શયન ગૃહમાં જવાને ઉઠી. પ્રિન્સે તેના તરફ અર્થભરી નજર ફેંકી. એલીનર શરમાઇને ત્યાંથી ચાલી ગઇ.

કાઉન્ટેસ ગયા પછી અચાનક અર્લની તબીયત બગડી ગઇ. તેનો ચહેરો મોત જેવો ફીકકો થઇ ગયો. હાય ! આજે આ નામર્દ પણ પ્રબળ પ્રેમી ઉમરાવ પોતાની પ્રાણપ્યારીને સુખી કરવા માટે બદમાસ પ્રિન્સને તેડી લાવ્યો હતો ! અર્લની મનોવ્યથા કાતિલ થઇ ગઇ. પ્રિન્સ ગભરાયો.

"નહિ. નહિ કંઇ નથી." અર્લે મન મનાવી લીધું. થોડીકવાર વાતચીત કરી બન્ને પોત પોતાના સુવાના ઓરડામાં ગયા. ધીમે ધીમે બધી બતીઓ બુઝાઇ ગઇ. સર્વત્ર અંધકાર વ્યાપી ગયો.

નજીક દેવળના ઘડીઆળમાં એકનો ટકોરો થયો. પ્રિન્સ બિછાનામાંથી ઉઠયો અને બીલાડીની પેઠે જરા પણ અવાજ કર્યા વિના ઓરડામાંથી બ્હાર નીકળ્યો. આજે એલીનર તેની થશે એ ખ્યાલથી તેના આનંદનો પાર રહયો ન્હોતો. તે બ્હાર નીકળ્યો.

અચાનક બતી થતી તેની નજરે પડી. અને કંઇજ અવાજ આવવાથી તે ડરી ગયો. જરાવાર રહી તે એલીનરના શયનગૃહ તરફ ડગલાં ભરવા જતો હતો એવામાં અચાનક સામેથી એક ભયંકર પુરૂષ તેની સામે આવી ઉભો રહયો. પ્રિન્સના હોંસ ખાટા થઇ ગયા. તેનો આનંદ હવામાં ઉડી ગયો. તે જયાં હતો ત્યાંજ જડ પુતળા જેવો ઉભો રહી ગયો. તેની સામે આવનાર માણુસ કોણુ હતો? એ ભયંકર પુરૂપ કોઇજ નહિ પણુ લંડનની ન્યુગેટ જેલમાંથી નાસી છુટેલો પ્રિન્સની માશુક અને દલ્લાલા મિસીસ બ્રેસનો પરણેતર પતિ અને લંડનનો મવાલી દાદો મેગ્સમેન હતો!

તદ્દન નવીજ ઢબનું રોજનું છાપું.

વંદેમાતરમ્.

ભેટનું પુસ્તક.

શયતાનનું ચક્કર.

"વંદેમાતરમ્"નું લવાજમ ભરનારને રા. મધુકરની મશહુર કલમથી લખાયલી ૨૫૦ પાનાની પાકા પુઠાં ને ચારચાર ફાંકડા ચિત્રોવાળી નવલકથા ભેટ આપવામાં આવશે.

છુટક નકલનો એક પૈસો

વાર્ષિક લવાજમ રૂ. ૧૦

જાહેર ખબરના સસ્તામાં સસ્તા ભાવો.

ફેરીઆઓને ભરપૂર કમીશન.

તરત લખો, મેનેજર, વંદેમાતરમ્

૯૮, હોળી ચકલા, કોટ મુંબઇ

પ્રકરણ ૬૫ મું.

લંડનનો દાદો અને પ્રિન્સ ઓફ વેલ્સ

અચાનક મેગ્સમેનને ફુટી નીકળેલો જોઇ પ્રિન્સના હોંસ ખાટા થઇ ગયા. તેનું દીલ અનેક જાતની ચિંતાથી ગભરાઇ ગયું. તે જ્યાં ઉભો હતો ત્યાંજ ચોંટી ગયો અને ભય અને અજાયબીથી લંડનના બદમાસ મવાલીના તરફ ફાટી આંખે જોઇ રહ્યો. ગડબડ કરીને પ્રિન્સ એ બદમાસને પકડાવવાને આતુર ન્હોતો કારણ કે જેલમાંથી નાસી આવેલા આ મવાલીની હથેલીમાં તેની આબરૂ હતી! મેગ્સમેન પ્રિન્સ તરફ જોઇ જાણે તેજ ઇંગ્લંડનો રાજા હોય તેમ હસ્યો અને મશ્કરીયુક્ત સ્વરે બોલ્યો:

"વાહવા! તમને અહિં મળવાની મને આશા ન્હોતી. હા...હા...હા! આવી મઝા મેં કોઇ દિવસ નથી જોઇ!"

"ચુપ રહે-મારી સાથે ચાલ." અતે પ્રિન્સનું મ્હો ખુલ્યું અને તે ડરતો ધીમે સ્વરે બોલ્યો.

પ્રિન્સની પાછળ મેગ્સમેન તેના સુવાના ઓરડામાં ગયો. પ્રિન્સે અંદરથી દરવાજો બંધ કરી દીધો આ વખતે કાઉન્ટેસ પોતાના શયનગૃહમાં ધીમે પગલે ઓરડાના દરવાજા આગળ ઉભી હતી તેનું આખું શરીર કમ્પતું હતું. મ્હો પીળું પડી ગયું હતું. છાતી ધડક ધડક થતી હતી અને શ્વાસ જાણે બંધ થઇ ગયો હતો. તેનું શયનગૃહ કંઇક ખુલ્લું હતું પ્રિન્સે પોતાનો ઓરડો બંધ કર્યો તેનો અવાજ એલીનરે સાંભળ્યો હતો. તેણે મેગ્સમેનને ગુસ્સામાં કંઇ બોલતો પણ સાંભળ્યો હતો અને તે પછી બે જણા કાનમાં કંઇ ધીમી વાત કરતા હોય એવો તેને ભાસ થયો હતો. તેણે હિમ્મતથી બ્હાર મ્હો કાઢી આમ તેમ જોયું પણ કોઇ નજરે ન પડયું ત્યારે તેની અશાંતિ ઓર વધી ગઇ. તેને એવી શંકા

થઇ કે તેનો પતિ પ્રિન્સ સાથેનો તેનો ગુપ્ત સંકેત સમજી જઇ કોઇ જગાએ છુપાયો હતો અને પ્રિન્સ જ્યારે તેના શયનગૃહ તરફ આવતો હતો ત્યારે તેને પકડી અર્લ પોતાની સાથે લઇ ગયો છે! અર્લ કદાચ આ પળે પ્રિન્સને ધમકાવતો પણ હશે! એલીનરે સાંભળ્યુ હતું કે એક ટેબલ પાસે બેસી વચમાં રૂમાલ રાખી બે હરીફ પ્રેમીઓ સમશેર બાજી ખેલે છે! પોતાની પત્નીની આબરૂ લુંટનાર બદમાસને અપમાનિત પતિ ગોળીથી ઠાર કરે છે એવી વાતો પણ એલીનર જાણુતી હતી. તે અર્લનો સ્વભાવ સારી પેઠે જાણુતી હતી. રાજકુમાર સમજીને તે પ્રિન્સને છોડી દે એવી એલીનરને આશા ન્હોતી. અર્લનો ક્રોધ એકવાર જ્વલંત થયા પછી સહેજમાં શાત થતો ન્હોતો તે તે સારી પેઠે જાણુતી હતી. કદાચ અર્લ પ્રિન્સનું ખૂન કરે તો? આ બધા વિચાર કરતાં તેની દેહ થરથર કંપવા લાગી. ચ્હેરો રૂની પુણી જેવો ફીકકો થઇ ગયો. તે ગભરાઇને પ્રિન્સ જે ઓરડામાં સુતો હતો તેના દરવાજા આગળ જઇ ઉભી અને ઓરડામાં શું થાય છે તે જાણુવા માટે આકુળ વ્યાકુળ થઇ રહી. ત્યાં બે પળ ઉભી રહેતાંજ એલીનરની ભયંકર શંકા નષ્ટ થઇ ગઇ અને પ્રિન્સને માટે તેના દીલમાં સખ્ત ધિક્કાર ઉત્પન્ન થયો.

વાંચનાર! એલીનરે શું સાંભળ્યું?

પ્રિન્સ મેગ્સમેનને લઇ ઓરડામાં ગયા પછી મેગ્સમેન જરાપણુ ગભરાયા વિના પ્રિન્સના પલંગને અડીગીને ઉભો રહ્યો. શી વાત કરવી તે પ્રિન્સને સુઝયું નહિ.

"તું અહિં શું કરતો હતો?' અંતે પ્રિન્સે લથડતી જબાને પૂછયું.

"એજ સવાલ હું તમને પણુ પુછવા માગું છું. આ ઘર નથી મારૂં ને નથી તમારૂં! શ્રીમાન અહિ શું કરતા હતા?"

"બદમાસ! તું મને ઓળખે છે?" પ્રિન્સનો મીજાજ ગયો.

"તમને નહિ ઓળખું? વાહ! તમને તો હું બહુ સારી રીતે ઓળખું છું." શાંત અદાથી અટ્ટહાસ્ય કરતો મવાલીનો સરદાર બોલ્યો: "તમે આ રાજ્યના ભાવી વારસ અને અત્યંત રસિક જુવાન છો. કદાચ તમે મને ભુલી ગયા હશો! સાંભળો, મારૂં નામ જોસફ વૉરન છે પણ લોકો મને મેગ્સમેનને નામે ઓળખે છે. મારી પરણેતર સ્ત્રી જે મિસીસ બ્રેસને નામે મશહુર છે અને જેને તમે તમારી માશુક બનાવી તેનાપર કીર્તિ કળશ ઢોળી દીધો છે તે તમારી માશૂકજ નથી પણ તમારી દલ્લાલા પણ છે. સાચી વાતને? તમે એમ ખાંડ ખાતા હશો કે એની ફૅશનેબલ કપડાની દુકાનની અંદરના ભેદ હું જાણતો નહિં હોઉં. પણ તેમાં સુદર મનોહર યુવતીઓ શા માટે રાખવામાં આવે છે તે હું બહુ સારી રીતે જાણું છું. કેમ? મારા તરફ ફાટી આંખે શા માટે જોઇ રહ્યા છો? હું કંઇ જૂઠી વાત તો નથી કરતો હાં! ઠીક યાદ આવ્યું. એકાદ મહિનાપર તમે મારી સ્ત્રી મારફતે પાંચસો ગીની મોકલી આપી હતી તે માટે હું તમારો આભાર માનુ છું—"

"બકબક બધ કર." પ્રિન્સ જેમ તેમ બોલ્યો.

"તમે કંઇ બોલતા નથી એટલે મારે તો બોલવું જોઇએને?" મેગ્સમેન હસ્યો.

"બોલ, તું અહિ શા માટે આવ્યો હતો?"

"પહેલા તમે કહો કે તમે આટલી રાતે ચોરની પેઠે શુ કરવા જતા હતા?—ખયર! તમને એ વાત નથી ગમતી તો જવા દો. તમે વેસ્ટ એન્ડની ખુબસુરત રમણીઓ અને લપટોના રાજા છો તો હુ ચોર અને લુંટારાઓનો રાજા છું. બન્નેના દરજ્જા સમાન છે. સાંભળો, હું અહિ આવ્યો હતો ચોરી કરવા અને તમે આવ્યા હશો કોઇ યુવતીનું સતીત્વ નષ્ટ કરવા! સંભવ છે કે તમે કાઉ-

ન્ટેસના શયનગૃહમાંજ ઘુસવા નીકળ્યા હશો. તમારે માટે કંઇ અશકય નથી." મેગ્સમેને નીડરતાથી પ્રિન્સની નીચતા પ્રગટ કરી,

"બદમાસ ! ચુપ રહે. તું ન્યુગેટ જેલમાંથી નાસી આવેલો કેદી છે. જો હું એક બુમ મારીશ તો નોકરો તને પકડી લેશે અને તારે પાછા જેલની હવા ખાવા જવું પડશે. પ્રિન્સે દમ ભરાવ્યો.

"જી હા લમ્પટરાજ ! તમારી વાત સાચી છે પણ એક બોલપણ બોલીને નોકરોને બોલાવવાની તમારી મજાલ નથી. સમજ્યા ?"

પ્રિન્સથી હવે ન રહેવાયું. તે એમ સમજતો હતો કે તેની પ્રાણપ્યારી એલીનર શયનગૃહમાં તેની ચકોરી પેઠે રાહ જોઇ રહી હશે। એલીનર દરવાજા આગળજ મેગ્સમેન સાથની તેની વાત સાંભળી તેના પર ધિક્કારનો વર્ષાદ વરસાવી રહી હતી તેનો ખ્યાલ પણ તેને ન આવ્યો. ગમે તે યુકિતથી મેગ્સમેનને વિદાય કરી એલીનરના જોબનનો લ્હાવો લુંટવાના તાનમાં તે બોલ્યો; "તને શું જોઇએ છે ? જલદી બોલ."

"જુઓ, નીચે મારા બે સાથીઓ ઉભા છે. જો તમે મહેરબાની કરો તો ચોરી કરવાની જંજાળ કર્યા વિના પાછા જઇએ."

"જા, કાલે પાંચસો ગીની મોકલી આપીશ."

"વાહ વાહ ! તમારી ઉદારતાને ધન્ય છે. જુઓ, મારા સાથીનું નામ ડીક ત્રમ્પર છે. તે કાલે સારા કપડાં પહેરી "કાર્લટન મેન્શન"માં આવશે અને મી० સ્મીથના નામનો કંઇ પત્ર છે કે નહિ તેની તપાસ કરશે. સમજી ગયા ને ?"

"હા. સમજી ગયો. એને કાલે પાંચસો ગીની આપી દઇશ. હવે તું ચાલ્યો જા."

"હું પણ જાઉં છું અને તમે હવે ખુશીથી લેડી ડેસબરોના રંગભવનમાં પધારો."

ધાંધલ થવાના ભયથી પ્રિન્સ કંઇ ન બોલ્યો. મેગ્સમેન ધીમેથી દ્વાર ખોલી છૂ થઇ ગયો એજ પળે બીજું એક બારણું બંધ થવાનો અવાજ વાતાવરણમાં વિલીન થઇ ગયો ! મેગ્સમેન ગયા પછી પ્રિન્સે એક પ્યાલું ઠંડું પાણી પી ચિત્ત સ્થિર કરવાની કોશેષ કરી. શરીરમાં સ્ફૂર્તિ લાવવા માટે તે થોડીવાર સગડી પાસે જઇ બેઠો અને થોડીવાર પછી પુનઃ એલીનરના જોબનનો બ્હાર લૂટવા તૈયાર થયો, ધીમેથી બારણું ખોલી તે એલીનરના શયનગૃહના દ્વાર પાસે જઇ પહોંચ્યો. હાથથી સહેજ બારણું ઠેલતાં તે બંધ જણાયું. ધીમે ધીમે તેણે દ્વાર પર ટકોરા માર્યા પણ કંઇ જવાબ ન મળ્યો. બારણાની ફાટ આગળ કાન ધરી તે થોડી વાર ઉભો રહ્યો તો સર્વત્ર નિરવતા છવાયલી જણાઇ. તેણે પુનઃ દરવાજાપર ટકોરા માર્યા. આ વખતે કોઇના પગલાંનો મંદ મંદ અવાજ સંભળાયો. હા એજ દ્વાર ખોલવા આવે છે એમ માની પ્રિન્સની નસોમાં ગરમ લોહી વહેવા લાગ્યું. એલીનરની અપૂર્વ રૂપ પ્રભા જોઇ તે ઉન્મત બની ગયો હતો. બીજીજ પળે એ રૂપગર્વિતા તેની બાથમાં આવી પડશે એ ખ્યાલથી તેની ઉન્મત્તતાનો પાર રહયો નહિ.

"કોણ છે ?" એલીનરનો મધુર સ્વર સંભળાયો.

"હું છું સુંદરી! તારા પ્રેમનો ગુલામ !" પ્રિન્સે જવાબ આપ્યો.

"તમે તમારા ઓરડામાં જઇ સુઇ જાઓ." કઠોર સ્વરે ધિક્કારની લાગણી સાથે આટલું બોલી એલીનર પલંગ પર જઇ પડી. પ્રિન્સ બ્હાવરો બની ગયો તેની અક્કલ બ્હેર મારી ગઇ. મનમાં ને મનમાં એલીનરને ગાળો દેતો તે પોતાના ઓરડામાં ચાલ્યો ગયો.

સ્હવારે ઉઠતાં વાર પ્રિન્સે ગાડી લાવવાનો હુકમ કર્યો. અર્લે

અત્યંત વિનયપૂર્વક તેને નાસ્તો લઇને જવાનું કહ્યું પણ પ્રિન્સે કંઇ ન માન્યું એલીનરે તેને લોખંડના ચણા ચવાડયા હતા તેથી તેના ગુસ્સાનો પાર રહયો ન્હોતો. ગુસ્સાથી દાંત કચકચાવતો તે કાળું કરી ગયો. પ્રિન્સ ગયા પછી અર્લના વદન પર અપુર્વ આનંદની જ્યોતિ છવાઇ રહી અને દિવાનખાનામાં એક આરામ ખુરશી પર બેસી તે હર્ષાશ્રુ વહાવવા લાગ્યો.

(આ અદ્દભુત વારતાના પહેલા ત્રણ ભાગ તૈયાર છે. સચિત્ર દરેક ભાગની કિમ્મત ૧૪ આના ટ. ખ. જુદું. વિલાસ ઓફીસ, હોળી ચકલા કોટમાંથી તરત મંગાવી લો.)



પ્રકરણ ૬૬ મું.

લાશ જીવતી થઈ !

સોમવારના પ્રાતઃકાળનો સમય હતો. ચારે તરફ ધુમ્મસ દેખાતું હતું. હવા અત્યંત ઠંડી હતી. છતાં ઓલ્ડએલી અને તેની આસપાસના રસ્તા પર લોકોના ટોળાં ભેગાં મળ્યાં હતાં. ન્યુગેટ જેલની સામે ફાંસીનો માચડો તૈયાર થયો હતો. દેવળમાં વાગતા ઘંટનો વિષાદ પૂર્ણ અવાજ વાતાવરણને ઔર શોકમય બનાવતો હતો ન્યુગેટ જેલની ભયંકર દિવાલો જાણે માણસોના ટોળાંને જોઇ ધિક્કાર વરસાવતી હોયની એવી લાગતી હતી. શરીર ઠરી જાય એવો ઠંડો પવન ફુંકાતો હતો છતાં બે કમનસીબ બદમાસોને દેવાતી ફાંસીનો તમાસો જોવાને લોકોનાં ધાડાં ભેગા થયા હતા. પ્રેક્ષકો માંહોમાંહે ઠઠ્ઠા મશ્કરી કરતા ગમે તેવી અશ્લીલ વાતો કરી રહ્યા હતા. અચાનક બધા ચૂપ થઇ ગયા અને ગુપચુપ ફાંસીનો માચડો જોવા લાગ્યા.

ન્યુગેટ જેલના દરવાજામાંથી ફાંસીનું સરઘસ નીકળ્યું. સૌથી પહેલાં હાથમાં મોટું બાઇબલ લઇ પાદરી ચાલતો હતો. તેની પાછળ જેલર અને તે પછી રામ્સે અને માર્ટીન હતા. બન્ને ગુનેહગારો જલ્લાદ સાથે માંચડા પર ચઢયા. સૌથી પાછળ શેરીફ અને બીજા અમલદારો આવ્યા.

બન્ને કેદીઓના મ્હો પીળા પડી ગયા હતા. તેમની નસોમાંનું લોહી ઠંડું પડી ગયું હતું. આંખો જડ પત્થર જેવી થઇ ગઇ હતી. ફાંસીના માંચડાપર ચઢતાં બન્નેની આંખમાંથી આંસુંનું બુંદ પણ ન નીકળ્યું. કોઇનું મ્હો પણ ન ખુલ્યું. ફાંસીના માચડાપર ચઢતાજ જાણે બન્નેનો જીવ નીકળી ગયો હોયની તેમ ઉભય જડ થઇ ગયા હતા. અચાનક વજ્રાહત થવાથી મનુષ્ય જેમ શૂન્યવત થઇ જાય છે તેમ બન્ને મોતને ભેટવા જતા હતા. પૂતળાની પેઠે બન્ને માચડાપર ઉભા રહ્યા. જલ્લાદે બન્નેના ગળામાં રેશમની દોરીનો ફાંસો નાખ્યો ત્યારેજ તેમનામાં કંઇક જીવ આવ્યો અને બન્નેના મ્હોપર અનહદ દુઃખના ચિન્હો તરવરી રહ્યા. તરત એ ભાવ પણ નષ્ટ થઇ ગયો,

બન્નેની આંખો ફાટી ગઇ નસો ખેંચાવા લાગી. હોઠો બીડાઇ ગયા જલ્લાદે સફેદ ટોપીઓ પહેરાવી તેમના મ્હો ઢાંકી દીધા ને પોતે માચડાપરથી નીચે કુદી પડયો. પાદરીએ છેલ્લા ધર્મના મંત્રો ઉચ્ચાર્યા બીજીજ પળે બન્નેના પગ નીચેનું પાટીયું ખેંચી લેવામાં આવ્યું અને ઉભય મૃત્યુની યાતનાથી તડફડવા લાગ્યા. એ દૃશ્ય જોઇ પ્રેક્ષકો કંપી ગયા. પત્થર જેવી છાતીના માણસો પણ થરથરી ગયા. બે ચાર પળમાં તમાસો ખતમ થઇ ગયો. રામસે અને મારટીનના શરીર અચેતન લાશ થઇ પડયા પાદરી, જેલર વિગેરે ચાલ્યા ગયા પછી લોકોમાં હસી મશ્કરી, ગાલગળોચ અને મારામારી થવા લાગી એક છાપાવાળા ફેરીઆએ "રામસે અને મારટીનનો છેલ્લી ઘડીનો એકરાર' કહીને બુમ મારી. ઘણા જણે છાપું ખરીદ્યું પણ બધા જાણતા હતા કે કેદીઓએ મરતી વખતે કંઇ ભાષણ કર્યું ન્હોતું ! કોઇ પણ કમનસીબ માણસને ફાંસીએ લટકતાં ભાષણ કરવાનું સુઝતું નથી પણ છાપાવાળાની વાત ન્યારીજ છે ! એ લોકો પ્રજાને ભમાવવા માટે જળમાં સ્થળ ને સ્થળમાં જળ બતાવવાની કલાના ઉસ્તાદ હોય છે.

નવ વાગે ફાંસો કાઢી બન્ને લાશોને જેલમાં મોકલવામાં આવી જેલના કબ્રસ્તાનમાંજ માર્ટીનની લાશ દાટી દેવામાં આવી પણ રામસેની લાશ તેના કોઇ સગા આવી લઇ ગયા !

મધરાત થઇ. આ વખતે ડોકટર થર્સટન દવાખાનામાં બેઠો બેઠો એક પુસ્તક વાંચતો હતો. બારના ટકોરા થયા. મકાનમાં ગંભીર નિરવતા છવાઇ હતી. બે ત્રણ પળમાં ઘંટડી વાગી. ડોકટર ઉઠયો ને ટેબલ પર ચોપડી મુકી તરત તબેલાવાળા દરવાજા પાસે જઇ પહોંચ્યો. દરવાજો ખુલતાંજ બે બદમાસો કંઇ ભારી વસ્તુ લઇ અંદર આવ્યા. ચંદ્રના પ્રકાશમાં આ બે બદમાસોના ભયંકર મ્હો જોઇ ડોકટરનું વજ્ર હૃદય પણ કંપી ગયું.

"કેમ સાહેબ ! વખતસર આવી ગયાને ?" બજલોકે કહ્યું.

"ચાલો—ચાલો—" કહી ડોકટર બન્નેને ઓપરેશન રૂમમાં



મીસીસ બ્રેસ.



ફક્ત બેજ ટીપાં અને આરામ! આરામ!
માથું દુખતું હોય, શરદી યા અળેળમથી
બેચેન બની ગયા હોતો

હુસેની ઓઇલ

ના બેજ ટીપાં કપાળપર ઘસો ને બસ મીજાજ
ખુશખુશ થઇ જશે.

રૂમેટીઝમ, સંધીવા, કમ્મર અને સાંધાની પીડા યા ગમે તે જાતના વા પર આ તેલ રામબાણ ઇલાજ છે

પવિત્ર બનાવટ.

આ તેલમાં કોઇપણ ધર્મવાળાને વાંધો આવે એવી કોઇપણ **ચીજ** વાપરવામા આવતી નથી. તદન શુધ્ધ પવિત્ર બનાવટનુ આ તેલ વાપરી તમારા દર્દો નાબુદ કરો

વેપારીઓને ખાસ સગવડ મળશે

છુટક બાટલીના ૮ આના.

"હુસેની" ઓઈલ ડીપો,

૭૧, પ્રીન્સેસ સ્ટ્રીટ,

મુંબઇ નં. ૨.

☛ દરેક નાના મોટા શહેરોમાં એજન્ટો જોઇએ છે.

દરેક દવાવાલાઓને ત્યાં મલશે.

લઇ ગયા. ત્યાં જતાંજ પેલા બે મવાલીઓએ હાથમાંનો બોજો નીચે નાખી દીધો. ડોકટરે એક બારણું ખોલી બન્નેને પેલી બીજા એક નાના ઓરડામાં લાવવાનું કહ્યું. આ ઓરડામાં વઢાડ કાપ કરવા માટે એક ટેબલ અને લોહી રાખવા માટે એક પીપ હતું. લાશનું મ્હો ઉચું નીચુ કરવા માટે છતની નીચે એક દોરી લટકતી હતી. એક ટેબલ પર ધારદાર હથીઆર ચમકતા હતા. ઓરડાની બારી પર લોખંડના મજબુત સળીઆ હતા.

બન્ને મવાલીઓ પેલો બોજો આ ઓરડામાં લાવ્યા અને કોથળામાંથી રામસેની લાશ બ્હાર ખેંચી કાઢી. ફાંસીનાજ કપડા રામસેની લાશપર મોજુદ હતા. તેના ગળામા થોડીક રેશમની દોરી રહી ગઇ હતી. મ્હો પીળુ પડયું હતુ પણ ભયાનક થયું ન્હોતું. જાણે નીદ્રામાં પડયો હોય તેમ તેનું વદન સૌમ્ય જણાતું હતું. આંખો બધ હતી અને લલાટપર તેના મુલાયમ વાળો ઉડતા હતા

"કેમ સાહેબ! લાશ કેવી છે?" બજસોકે પૂછ્યું.

"એવી વાત જવા દો. લાશ ટેબલપર મૂકો."

બન્ને બદમાસોએ લાશ ટેબલપર મુકી. તે પછી ડોકટરે દવાખાનાવાળા ઓરડામા જઇ મવાલીઓને ઠરાવેલી રકમ ગણી આપી અને સોનાના સીકકા ખીસામાં નાખી કોઇવાર આવું કામ સોંપવાની ભલામણ કરી મવાલીઓ વિદાય થયા.

મવાલીઓ ગયા પછી ડોકટર ઓપરેશન રૂમમાં ગયો અને એક મીણબત્તી હાથમાં લઇ લાશ જોવા જાય છે તેટલાંજ તે ચમકી ગયો. તેને લાશના મ્હો પર કઇ તેજ જણાયું. તે બ્હીધો. આશ્ચર્યથી લાશ પર ફરી નજર કરતાં તેણે રામસેની બન્ને આંખો ખુલ્લી જોઇ! બીજી પળે તેનુ માથું હાલ્યું. થર્સટન જેમ તેમ હિમ્મત ભેગી કરી ટેબલ પાસે ગયો અને લક્ષપૂર્વક લાશ તપાસવા લાગ્યો. નાડી જોતાંજ તેની ખાત્રી થઇ ગઇ કે રામસે જીવતો છે. તેણે તરત દોરી કાઢી નાખી અને બેભાની તોડવાની દવા તેના નાક અને કપાળ પર લગાડી. ધીમે ધીમે રામસેમાં ચેતના આવવા લાગી.

હવે ડોકટરની ચિંતા વધી. "જો રામસે જીવતો થયો તો તેનું શું કરીશ ? પોલીસ પાસે પકડાવી દઉં તો તેની લાશ મારી પાસે કયાંથી આવી તેની તપાસ થશે ને મને સજા થશે. જો તેને ઘરમાં રાખું તો ફાંસીની સજા પામેલા કેદીને આશરો આપવા માટે કોઇ દહાડો આફત આવી પડશે" આવા વિચાર કરતો ડોકટર અવાક થઇ ઉભો ઉભો રામસેની હીલચાલ જોવા લાગ્યો. રામસે હવે હાથપગ હલાવતો થયો હતો. તેની આંખો ખુલી ગઇ હતી પણ તે કયાં છે તેનું તેને ભાન ન્હોતું. ડોકટર તરફ તે વિચિત્ર નજરે જોઇ રહ્યો હતો. થોડીકવાર તે ચુપચાપ પડી રહ્યો. પછી જાણે તેની સ્મરણ શકિત સતેજ થઇ હોય તેમ ડોકટર તરફ દીન નજરે જોઇ બોલ્યોઃ "તમે ડોકટર છો ?"

"હા. ડરો ના. ફિકર કરવાની કંઇ જરૂર નથી." ડોકટરે જવાબ આપ્યો.

ચર્સટને ધીરજ દેવાથી ખુની રામસેના મ્હોપર જરા હાસ્ય ફરકયું. ડોકટર તેને પોતાના ખભાપર ટેકો આપી દવાખાનામાં લઇ ગયો અને તેને સગડી પાસે આરામ ખુરશીપર બેસાડી થોડીક બ્રાંડી પાઇ તેના શરીરમાં સ્ફૂર્તિ લાવવાની કોશેષ કરી. ડોકટરની સારવારથી થોડીવારમાં રામસેને નવી જીંદગી મળી ગઇ.

"હવે તમારે માટે હું શી ગોઠવણ કરવા માગું છું તે સાંભળો. તમે કોણ છો તથા તમે કેવાં કેવાં કામો કર્યાં છે તે બધું હું જાણું છું પણ હુ કોણ છું, આ મકાન કયા રસ્તાપર આવ્યું છે વિગેરે તમારે જાણવાની જરૂર નથી. તમારે હાલમાં થોડોક વખત અહિં રહેવું પડશે. આવી હાલતમાં તમે દૂર જઇ શકશો નહિ. કાલ રાત સુધી અહિં આરામ લો. એટલીવારમા તમારા શરીરમાં બળ આવી જશે. પછી તમે નીડરપણે જીંદગી ગાળી શકો એવી કંઇક ગોઠવણ કરી આપીશ" ડોકટરે રામસેને હોંસમાં આણ્યા પછી કહ્યું. એ બદમાસે આંખમાં આંસુ લાવી ડૉકટરનો આભાર માન્યો. ડોકટરે રાજીખુશીથી કદિ કોઇના પર ઉપકાર કર્યો ન્હોતો. આજે લાચારીથી પાઇની કમાણી વગર તેને રામસેની સેવા કરવી પડી હતી.

તેને લાગ્યું કે લાશ જીવતી થવાના ચમત્કારની મિસીસને વાત કરી દેવાની જરૂર છે. તેની બૈરી લાશ આવવાની છે તે જાણતી હતી. રામસે જીવતો થવાની વાત તે ન જાણે અને કોઇ નોકર જાણી જાય તો ઘોટાળો થવાનો ભય હતો. જો મીસીસ થર્સટનને ચેતાવી દીધી હોય તો તે કોઈ નોકરને આ ભેદ જાણવા દેશે નહિ એવી ડૉકટરની ખાત્રી હતી. રામસેને દવાખાનામાં સગડી પાસે તાપતો છોડી તે પોતાની પત્નીને આ અજબ ચમત્કારની વાત કરવા ચાલ્યો ગયો.

આ બાજુ રામસે એકલો પડતા તેની ચિંતા વધવા લાગી. કદાચ તેને જુઠો દિલાસો દઇ ડોકટર કોન્સ્ટેબલને બોલાવવા ગયો હશે એવો શક ઉઠતાંજ તે ગભરાઇ ગયો. એકવાર તે ફાંસીએ ચઢયો હતો અને મૃત્યુની ભયંકર યંત્રણા સહન કરી અજબ રીતે જીવી ગયો હતો. હવે ફરીથી પોલીસના હાથમાં સપડાઇ ફરીથી તે ફાંસીના માંચડા પર ચઢવા માગતો ન્હોતો. ડોકટરને તે પોતાનો દુસ્મનજ માની બેઠો અને ગમે તે રીતે નાસી જવા તૈયાર થયો. નિરાશા અને ભયથી તેના નબળા શરીરમાં સાહસિક શકિત આવી. લથડતે ડગલે તે ઉઠયો. ચાર ડગલાં ચાલતા દિવાલનો ટેકો લેવાની તેને ફરજ પડી. બીજા ચાર કદમ આગળ વધી તે ટેબલ પાસે ગયો. ટેબલ પર બ્રાંડીની બાટલી હતી. રામસે તે ગટગટાવી ગયો અને બ્રાંડી પેટમાં જતાં તેનામાં તાકાત આવી. તેની છાતી જોરથી ધડકવા લાગી. પગમાં પાણી આવ્યું. ઓરડામાં નજર કરતાં તેણે ખીંટીપર ઓવરકોટ અને હૅટ ટાંગેલા જોયા. તરત તેણે એ વસ્ત્રો પહેરી લીધા અને તબેલાવાળો દરવાજો પસાર કરી થોડીવારમાં રસ્તાપર જઇ પહોંચ્યો. બ્હારની ઠંડી હવા લાગતાં તે કમ્પી ગયો. પણ તે મોતના હાથમાંથી છટકી જતો હતો તેથી આસપાસ નજર કર્યા વિના ચાલવા લાગ્યો. લંડનના રસ્તાઓની તેને ખબર ન્હોતી. ડોકટરનું મકાન કયા રસ્તાપર આવ્યું છે તે પણ તે જાણતો ન્હોતો. જ્યાં પગ લઇ જાય ત્યાં તે જવા લાગ્યો. રખેને કોઇ પોલીસ પાછળ પડી તેને પકડી લે એ ભયથી તે ડરી રહ્યો હતો જેમ તેમ તે એક સુંદર રસ્તાપર આવ્યો હતો. ત્યાંના સુંદર

મકાનોની બારીઓમાંથી ઝળહળતો પ્રકાશ બ્હાર આવતો હતો. શોખીનોના ગાનતાનના અવાજ સંભળાતા હતા. રામસે થાકી ગયો ઠંડી બેશુમાર પડતી હતી. લાચાર થઇ તે એક મકાનના દરવાજા આગળ બેસી ગયો. હવે તેને તેની મૂર્ખાઇ માટે પસ્તાવો થયો. ફરીથી ડૉકટરને ત્યાં જવાનું મન થયું પણ તેને રસ્તાની ખબરજ ન્હોતી. તેનું શરીર અત્યંત નબળું હતું. કડકડતી ઠંડી અને ચાલવાના શ્રમથી તેના બાર વાગી ગયા અને તે જ્યાં બેઠો હતો ત્યાં બેભાન થઇ ઢળી પડયો.

થોડીક મીનીટ પછી દરવાજા આગળ ચાર ઘોડાની એક ગાડી આવી ઉભી રહી, સઇસો કૂદી પડયા અને ગાડીમાંથી ઉતરી અર્લ ઓફ્ ડેસબરોએ પોતાની પત્ની એલીનરનો હાથ પકડી તેને નીચે ઉતારી. એક સઇસની નજર જમીનપર પડેલા રામસેપર પડી અને તેની દયા આવી.

"હઝૂર! એ મરી ગયો નથી. બેભાન થઇ ગયો છે."

"એને ઘરમાં લઇ લો અને ડૉકટરને બોલાવી લાવો."

સઇસે રામસેને ઉઠાડવા માંડયો. એજ પળે રામસેની આંખો ખુલતી જણાઇ. "હઝુર! ડૉકટરની જરૂર નથી. એને હોંસ આવતી જણાય છે."

"ખુદાનો આભાર! બિચારો દુઃખી માણસ લાગે છે." કાઉન્ટેસ બોલી.

અર્લના હુકમ અનુસાર નોકર રામસેને મહેલમા લઇ ગયો. કાઉન્ટેસ પોતાના રૂમમાં ગયા પછી અર્લ રામસે પાસે ગયો અને તેની સારવાર કરવા માટે નોકરોને હુકમ કરવા લાગ્યો. રામસે શુધ્ધિમાં આવી ગયો હતો. તેણે જોયુ કે તે કોઇ રાજવંશી દિવાનખાનામાં આવી ગયો છે. રખેને તેના ગળાપરનો રસીનો ડાઘ કોઇએ જોયો હોય એ વિચારથી તે ગભરાઇ ઉઠયો પણ સારે નસિબે નોકરોએ તેના ઓવરકોટના બટન ખોલ્યા ન્હોતા રામસેના

જીવમાં જીવ આવ્યો. તેણે આંખો ઉંચી કરી દીન નજરે અર્લ તરફ જોયું અને લથડતી જબાને તેનો આભાર માન્યો.

"મેં એક ખ્રીસ્તીની ફરજ બજાવ્યા શિવાય વિશેષ કંઇ કર્યું નથી."

"સાહેબ! બધા માણસો આપના જેવા દયાળુ હોતા નથી. હું સંસાર ચક્રમાં ચગદાઇ ગયલો એક કમનસિબ માણસ છું..."

"તમે તમારી હકીકત કાલે કહેજો. હાલમાં આરામ લો મારો નોકર તમારા કપડાં કાઢી આપશે..." અર્લે લાગણીથી કહ્યું.

"જી નહિ. હવે મારી તબીયત સારી છે.' રામસે બોલ્યો.

"ઠીક. આરામ કરો. સલામ!" કહી અર્લ નોકરોને લઇ ચાલ્યો ગયો અને રામસે અજબ સંજોગમાં અર્લ ઓફ ડેસબરોના મહેલનો નિવાસી બન્યો.

રામસેએ અર્લના મહેલમાં આવ્યા પછી નવી જીંદગી શી રીતે શરૂ કરી?



પ્રકરણ ૬૭ મું.

અર્લનો મહેમાન.

બીજે દિને સ્હવારે રામસે બહુ મોડો ઉઠયો. ઉઠતાં વાર તે આશ્ચર્યચકિત થઇ આમ તેમ જોવા લાગ્યો. તેને ગઇ રાતના બનાવની બીલકુલ સ્મૃતિ રહી ન હતી તે અત્યંત સુંદર પલંગપર મુલાયમ બીછાનાપર પડયો હતો. મચ્છરદાની હઠાવી જોતાં તેને જણાયું કે એ ઓરડો સુશોભિત અને સુસજ્જિત હતો. અચાનક તેની સ્મરણ શક્તિ સતેજ થઇ તેને બધી વાત એક પછી એક યાદ આવી અને તે ચમકી ગયો તે ચોંકયો ગળે હાથ લગાડતાં તેને જણાયું કે રાતે ખમીશનો કૉલર ઉંચે ચઢાવીને તે સૂતો હતો તેવોજ કાયમ હતો તેને કોઇ જોઇ ન જાય તે માટે તેણે બારણાં બંધ કર્યા હતાં તે હજુ સુધી બંધજ હતા. હવે તેના જીવમાં જીવ આવ્યો. અર્લે અત્યંત કાળજીથી તેની સારવાર કરાવી હતી. હવે તેને કંઇક પરિચય આપવો પડશે એમ ધારી રામસે વિચાર કરવા લાગ્યો તેના જેવા ધુર્ત અને કપટી માણસને જૂઠી કહાણી ઘડી કાઢતાં વાર કેટલી ?

ઘડીઆળમાં અગીઆર વાગ્યા હતા. અંદરથી બારણાં ખોલી નાખી તે પાછો પલંગપર પડયો હજુ તે અશક્ત હતો અને ગમે તે બ્હાને આજની રાત સુધી આ ઘરમા રહેવા માગતો હતો તે બહુ બીમાર હોવાનો ઢોંગ કરવા માગતો ન્હોતો કેમકે જો અર્લ ડોકટરને બોલાવે અને કોઇ અનુભવી ડોકટરની તેના ગળાપર નજર પડી જાય તો તેના બાર વાગી જવાનો ભય હતો.

થોડીવાર પછી કોઇએ બારણાપર ટકોરા માર્યા.

"અંદર આવો." રામસે બોલ્યો.

અર્લનો નોકર ઓરડામાં દાખલ થયો અને સલામ કરી બોલ્યો: "મારા માલીક પૂછાવે છે કે આપની તબીયત કેમ છે ?"

"એમનો આભાર માની કહેજો કે મારી તબીયત ઘણી સારી

છે પણ હજુ જરા અશક્તિ છે. જો એમની આજ્ઞા હોય તો આજનો દિવસ આરામ લઉં."

નોકર ચાલ્યો ગયો. થોડીવાર પછી બીજો નોકર ચાંદીના વાસણોમાં નાસ્તો લઇ આવ્યો. રામસે નાસ્તો કરી રહ્યો તે પછી અર્લ જાતે તેની પાસે આવ્યો અને શેકહેન્ડ કરી પલંગ પાસે એક ખુરશીપર બેસી બોલ્યો: "જ્યાં સુધી તમે તદ્દન સારા ન થાઓ ત્યાં સુધી આ મકાનને તમારૂંજ ગણજો જો કોઇને તમારે કંઇ ખબર કહેવડાવવી હોય તો મારા નોકરને કહેજો તે તમારો હૂકમ તરત બજાવશે.

"નામદાર ! મારે આપને કંઇક કહેવું છે."

"જો તમને દર્દ ન થતું હોય તો બોલો."

"કાલે રાતે તમે મારાપર જે અસીમ દયા બતાવી હતી તે માટે હું તમારો અત્યંત આભારી છું. હું કોણ છું તથા મારી આવી શોચનીય દશા શી રીતે થઇ તે તમને કહેવાની મારી ફરજ છે. મારૂં નામ ગસ્ટેવ વેકફીલ્ડ ! મારા પિતા વેસ્ટ-ઇંડીઆના ખેડૂત હતા અને જેમેકામાં વસતા હતા. ખેતીમાં તેમણે સારી દોલત મેળવી હતી હું તેમનો એકનો એક પુત્ર છું અત્યંત લાડ કોડમાં મને ઉછેરવામાં આવ્યો હતો. પણ અંતે પિતાજી કરજદાર થઇ ગયા અને દશ મહિનાપર મને છોડી પેલી દુનિયામાં ચાલ્યા ગય ." રામસેની આંખમાંથી આંસું ટપકવા લાગ્યા. જાણે તે ખરીજ હકીકત કહેતો હોયની એવી અદાથી તે વાત કરતો હતો. તેની અભિનય કલાને પ્રતાપે અર્લે તેનો શબ્દે શબ્દ સાચો માન્યો.

"પિતાનું કરજ ચૂકવતાં મારી પાસે કાણી કોડી પણ ન રહી" રામસેએ પોતાની કહાણી આગળ ચલાવતાં કહ્યું: "ભીખારી થવા છતાં પિતાના નામપરથી કરજનું કલંક નષ્ટ કરવાથી મને આનંદ થયો અને ઇંગ્લંડમાં કોઇ નોકરી કરવાના ઇરાદાથી સારા સારા ગૃહસ્થોના સર્ટીફીકેટો લઇ કાલે સ્હવારે લંડન આવી પુગ્યો મેં કદિ લંડન જોયું ન્હોતું તેથી હું શહેર જોવાના હેતુથી એક ઓરડો ભાડે લઇ તેમાં મારો પોર્ટમેન્ટો મૂકી બહાર નીકળી ગયો. આખો

દિવસ શહેરમાં ફરવાથી હું થાકી ગયો હતો તેથી ભાડાની રૂમપર જતાંજ હું ઉંઘી ગયો થોડીવાર પછી કંઇ ગડબડાટ થયો અને શોર બકોરથી મારી ઉંઘ ઉડી ગઇ કોઇનું રૂદન સાંભળી મેં કલ્પના કરી કે નીચે કોઇ સ્ત્રીપર કંઇ જુલમ થાય છે તેથી તેને બચાવવાને હું તરત કપડાં પહેરી નીચે ઉતર્યો. નીચે આવતાંજ મને જણાયું કે કેટલાંક સ્ત્રી પુરૂષો શરાબ પીને ધાંધલ કરી રહ્યાં હતાં. તે જોતાંજ મારી ખાત્રી થઇ ગઇ કે મે ખરાબ મકાનમાં જગ્યા લીધી છે. એક અઠવાડિયાનું ભાડુ મે. પ્રથમથી ચુકવી દીધું હતું. છતાં ત્યાંના નિર્લજ્જ દેખાવો જોઇ મને તિરસ્કાર છુટયો તરત હું પોર્ટમેન્ટો લઇ બીજા કોઇ મકાનમા રૂમ શોધવા ગયો પણ કોઇ મકાન ખુલ્લું ન જણાયું. આમથી તેમ ફરી થાકી જવાથી લાચાર થઇ હું એક જગ્યાએ બેસી ગયો એવામાં ત્યાં બે જણા આવ્યા. ચંદ્રના પ્રકાશમાં તેમનો દેખાવ જોતાં તેઓ સારા માણસ લાગ્યા. મેં તેમને મારી કથા કહી અને તેમણે મને હોટલમાં બંદોબસ્ત કરી આપવાની હા પાડી હું તેમની બદ દયાનત ન સમજયો. લંડનથી અજાણ હોવાથી હું જરાપણ શકા લાવ્યા વિના તેમની સાથે ગયો. થોડે દુર જતાં એક જણે મને થાકી ગયલો જોઇ મારાપર રહેમ કરી મારા હાથમાંથી પોર્ટમેન્ટો લઇ લીધો. થોડીવારમાં અમે એક બાગમાં જઇ પહોંચ્યા. પોર્ટમેન્ટોવાળો માણસ જરા આગળ આગળ ચાલતો હતો અને તેનો સાથી મારી સાથે હતો. અંતે મારી સાથે ચાલતો માણસ અચાનક મારાપર તૂટી પડયો અને મને માર મારી, મારી પોકેટબુક તથા પૈસા લઇ મને જમીનપર પટકયો. હું ઉભો થઈ તેની સામે થવા જતો હતો તેવામાં તેણે જોરથી મને લાત મારી ને હું બેહોશ થઇ ગયો તે પછી તમે કૃપા કરી મને જીવતદાન આપ્યું. બાકીની હકીકત આપ જાણો છો."

"મી० વેકફીલ્ડ ! આ શહેરમાં આવા બનાવો રોજ બને છે. બદમાસોનો દોર આજકાલ ઘણો વધી ગયો છે." અર્લે રામમેની કર્મકથા સાંભળી દુ:ખી થઇ કહ્યું.

"પણ ફરિયાદ કરવાથી પોલીસ એ બદમાસોને શોધી કાઢશે અને મને મારી વસ્તુ પાછી મળશે."

"નહિ. એ આશા છોડી દો."

"હાય! ત્યારે મારૂં શું થશે? મારા પૈસા, સર્ટીફીકેટ બધું ગયું—"

"શાંત થાઓ ચિંતા ન કરો તમને કોઇ જાતની તકલીફ પડશે નહિ. તમારા દેખાવપરથીજ મારી ખાત્રી થઇ ગઇ હતી કે તમે કોઇ ખાનદાન ગૃહસ્થ છો પિતાનું કરજ ચૂકવતાં તમે ભીખારી થઇ ગયા—ખરાબ મકાન છોડવા જતાં બદમાસોના ભોગ થઇ પડયા ખરેખર, ધર્મીને ત્યાં ધાડ પડે તે આનું નામ! કંઇ ફીકર નહિ. તમે ખુશીથી આ ઘરને તમારૂં સમજી લો."

રામસે કુશળ નટ હતો. તેણે આભારના આંસુ પાડી અર્લનું દીલ જીતી લીધું.

"મી. વેકફીલ્ડ! તમારે જરાપણ સંકોચ રાખવાની જરૂર નથી. થોડા દિવસ પછી હું તમને ઠેકાણે પાડી દઇશ. પૈસા બૈસાની જરા ચિંતા ન કરશો. હું તમને જેટલા જોઇશે તેટલા પૈસા આપીશ." ઉદાર અમીર બોલ્યો.

"નામદાર! આવી ઉદારતા દેવતાઓમાંજ હોય છે હું તમને બહુ દિવસ તકલીફ આપવા માગતો નથી. મારો સ્વભાવ એકાંત પ્રિય છે. ઇંગ્લંડની રહેણી કરણીની મને ખબર નથી તેથી અહિં રહેતાં મારી મશ્કરી થશે અને મારે નીચું જોવું પડશે." રામસે હવે પૂરી ચાલાકીથી બાજી ખેલવા લાગ્યો.

"આજે સાંજે અમે પતિ પત્ની એકલાંજ ડીનર લેવાના છીએ એટલે તમને જો વાંધો ન હોય તો અમારી સાથે ખાણું લેજો. તમારે માટે યોગ્ય બંદોબસ્ત ન થાય ત્યાં સુધી હું તમને જવા દેવાનો નથી. આટલું કહી અર્લ કાઉન્ટેસને આ કમનસિબ માણસની કહાણી કહેવા ચાલ્યો ગયો.

એક કલાક પછી અર્લનો મુખ્ય નોકર રામસેના ઓરડામાં કેટલાંક કપડાં મુકી ગયો. રામસે પલંગપરથી ઉઠયો. ફાંસી દેવાતી વખતે તેણે ઉમદા વસ્ત્રો પહેર્યાં હતાં એટલે હાથ મ્હો ધોઇ એકાદ વસ્ત્ર બદલતાં તે આબરૂદાર ગૃહસ્થ બની ગયો તેના ગાલ જરા પીળા

પડી ગયા હતા પણ તેથી તેની ખુબસુરતી ઔર વધી ગઇ હતી. તે કપડાં પહેરી તૈયાર થયો કે તરત અર્લ તેને લેવા આવ્યો અને તેને દિવાનખાનામાં લઇ જઇ કાઉન્ટેસ સાથે તેની પીછાન કરાવી. એલીનરે અર્લને મ્હોડે સાંભળેલી રામસેની કહાણી સાચી માની લીધી હતી. તેણે તેની સાથે જરાપણ સંકોચ વિના વાત કરવા માંડી. રામસે ઈંગ્લંડના શિષ્ટાચાર જાણતો નથી એમ જાણીને એલીનર તેને સંકોચ ન થાય તે માટે તેનું દીલ બહેલાવવા વધુ છુટથી વર્તવાં લાગી. ધીમે ધીમે રામશે બનાવટી સંકોચ છોડી દઇ જાણે અર્લનો મિત્રજ હોયની તેમ વાત કરવા લાગ્યો.

રામશેએ પોતાને જેમેકાનો રહીશ જણાવ્યો હતો કેમકે તે એ ટાપુથી પરિચિત હતો. ત્યાં તેના કેટલાક સગાવ્હાલા રહેતા હતા તેમના પત્રોથી ત્યાંના ખેડુતોના આચાર વિચારની તેને ખબર મળતી હતી તે એમની પુણ્યતાથી જેમેકાની વાતો કરવા લાગ્યો કે જાણે ખરેખર તે જેમેકા જોઇ આવ્યો હોયની! તેની ભાષા મોહક હતી. અવાજ મીઠો હતો. તેના વદન પર ઉદાસી છવાઇ હતી પણ તે તેને લાભકારક હતી. અર્લ અને કાઉન્ટેસ ઉભય તેના પર પ્રસન્ન થઇ ગયાં હતાં. રામશે અત્યંત ખુબસુરત હતો તે વાંચનાર જાણે છે. એલીનર વાત કરતી કરતી તેની અપૂર્વ સુંદરતાનોજ વિચાર કરતી હતી. બે કલાકની વાતચીત પછી એલીનર મનમાં ગણુગણી " આવો મોહક યુવાન જવલ્લેજ નજરે પડે છે." ડીનર રૂમમાં જતી વખતે રામસેનો હાથ પકડી એલીનર અત્યંત પ્રસન્ન થઇ ગઇ તે આ બદમાસપર મોહિત થઇ ગઇ હતી ત્રણે જણે સાથે ડીનર લીધું ડીનર લઇ એલીનર ચાલી ગઇ પછી અર્લ અને રામસે ગપ્પાં મારવા લાગ્યા. નબળાઇને લીધે રામસેએ બહુ થોડો દારૂ પીધો અર્લને બહુ દારૂ પીવાની ટેવજ ન્હોતી તેથી બન્ને થોડીવારમાં દિવાનખાનામાં ગયા એલીનર અગાઉથીજ ત્યાં જઇ બેઠી હતી. ત્રણે જણે અહિ કાફી પીધી અને થોડીકવાર વાતચીત ચાલી, અગીઆર વાગે રામસે ઉભો થયો અને અર્લ તથા કાઉન્ટેસને " ગુડનાઈટ " કરી પોતાના સૂવાના ઓરડામાં ચાલ્યો ગયો.

પ્રકરણ ૬૮ મું.

ઓકટેવીઆનુ સ્વપ્નું.

રામસે નામ બદલીને અર્લને મહેમાન થયો તેને બીજે દિને સાંજે સાતેક વાગ્યાને સુમારે મિસીસ ગ્રેસ પોતાના સુંદર ઓરડામાં એકલી બેઠી હતી એવામાં પ્રિન્સ ઓફ વેલ્સ દાખલ થયો. અને ઓવરકોટ કાઢી ખુરશી પર બેસી બોલ્યોઃ “ફ્રેની! વ્હાલી! ત્રણ ચાર દિવસથી તને મળવા માટે દીલ તડફડી રહયુ હતું પણ વખત મળતો ન્હોતો. હમણા ઓકટેવીઆ અહિં આવનાર છે. એ આવે ત્યાં સુધી તારી સાથે દીલ બહેલાવવા આવ્યો છું.”

“તમે લંડન આવ્યો છો એવી તેને ખબર આપી છે?”

“હા હા! આજે એને મળવાનું મન થઇ ગયું એટલે સ્હવારે તેને લખી મોકલ્યું હતું કે હું ગઇ રાતેજ લંડન આવ્યો છું.”

પ્રિન્સની ધુર્તતા ગ્રેસ સારી પેટે જાણતી હતી છતાં તે નિર્દોષ ઓકટેવીયાને જે રીતે દગો દેતો હતો તે સાંભળી તેના મ્હોપર સહેજ ગ્લાનિ છવાઇ.

“વ્હાલા! આ પ્રેમલીલાનું પરિણામ શું આવશે તેનો તમે કદિ વિચાર કર્યો છે?” ગ્રેસે ગંભીર સ્વરે પૂછ્યું “પ્રિન્સ! સાચી વાતમાં માઠું ન લગાડશો. તમે જેટલી યુવતીઓને પ્રેમજાળમાં ફસાવી છે તે બધીને હુ ઓળખું છું. એ બધી રમણીઓ જુદી જાતની હતી પણ ઓકટેવીયા ઔરજ છે! એને તજી દેતાં તમને ભારી થઇ પડશે. એ તમને ચાહે છે. તમારાપર એને સમ્પૂર્ણ વિશ્વાસ છે. એ ખાત્રીથી માને છે કે તમારૂં નામ મી૦ હારલી છે, તમે કોઇ ગામડાના રહીશ છો અને લંડનમાં આવો છો ત્યારે કોઇ હોટલમાં ઉતરો છો. પણ આવી બનાવટ કયાં સુધી ચાલશે? તમે કોણ છો એ બીના તમે કયાં સુધી છૂપાવી શકશો? કોઇ દિન અચાનક સઘળો ભેદ ફુટી જશે ત્યારે મામલો ગંભીર થઇ જશે અને એ પ્રેમઘેલી છોકરી આવેશમાં આવી તમારી બાજી ધુળમાં મેળવી દેશે.”

"વ્હાલી ! તારી વાત સાચી છે. કોઇ કોઇવાર એવા વિચારોથી મારૂં દીલ પણ ખાટું થઇ જાય છે. પ્રેમના પ્રથમ આવેશમાં પ્રથમ મને કંઇ સુઝતું ન્હોતું પણ હવે મને લાગે છે કે મારી સામે આફત ઝઝુમી રહી છે. હું એને સાચી વાત કરી શકતો નથી અને જુઠો દભ ચલાવવામાં સલામતી જોતો નથી શું કરવું ?" પ્રિન્સ જરા ફીકરમાં પડયો.

"જો તમારી ગુપ્ત પ્રેમ લીલાનું કંઇ પરિણામ આવ્યું તો ? જો ઓકટેવીયા ગર્ભવતી થઇ ગઇ તો ?" બ્રેસે ભયંકર સમસ્યા રજુ કરી.

"તો ? તો ?" પ્રિન્સનો અવાજ ફાટી ગયોઃ "જવાદે એવી વાત ! પડશે તેવા દેવાશે હમણાં લેડી ડેસબરોની કંઇ વાત કર ! એ મદમાતી રમણી મારૂં મગજ ભમાવી રહી છે."

"ત્યાં કંઇ ઘોટાળો થયલો હોવો જોઇએ. કાઉન્ટેસે મારો સઘળો હિસાબ ચુકતે કરી કોઇપણ જાતનાં નવા વસ્ત્રો તેને બતાવવા મના કરી છે."

"અફસોસ ! તે રાતે તારા પતિ સાથની વાતચીત—"

"શું ? મારા પતિ સાથની"—બ્રેસ ચોંકી.

"સાંભળ—" કહી પ્રિન્સે અર્લ ઓફ ડેસબરોના મકાનમાં બદમાસ મેગ્સમેન તેને કેવી રીતે મળ્યો હતો તે વાતચીત અને બદમાસની નડતરને લીધેજ તેને કાઉન્ટેસ મળી ન્હોતી તે પણ કબુલી દીધું.

"એ બદમાસ તારો પતિ છે એ બીનાથી મને ભારી મુઝવણ થાય છે. જો કોઇ બીજો હોત તો તેને કયારનો ફાંસીએ ચઢાવી દેતો હોત ! શું કરૂં બ્રેસ ? એ નીચ પાજીએ મારી સાથે એવી ધૃષ્ટતાથી વાત કરી હતી કે ન પૂછ વાત ! મને લાગે છે કે કાઉન્ટેસે સઘળી વાત છૂપાઇને સાંભળી લીધી હશે અને તે પરથી તે મારા અને તારા પ્રેમની વાત પણ જાણી ગઇ હશે !"

"ત્યારે તમે તદ્દન હાથ ધોઇ બેઠા છો ?"

"એમ તે કંઇ બને ? એલીનરના મધુર અધરપરનો અમીરસ પીધા પછી હુ એટલો મુગ્ધ થઇ ગયો છુ કે જ્યાં સુધી હુ તેનું અભિમાન તોડીશ નહિ ત્યાં સુધી મને ચેન પડવાનુ નથી. હેની ! એનું સ્મરણ થતાં હુ પાગલ થઇ જાઉં છું. એનો સ્વભાવ તેજસ્વી છે, એની વાસના પ્રબલ છે અને તેથી એને રાજીખુશીથી નહિ તો બળાત્કારથી પણ મારી બનાવવાનો મે નિશ્ચય કર્યો છે." ઇંગ્લંડનો નિર્લજ્જ રાજકુમાર બોલ્યો.

"કદાચ એ વિષે મારી સલાહ લેવાનેજ તમે અહિં આવ્યા હશો."

"હા. વ્હાલી ! બોલ, એને જમાવવાની કંઇ યુકિત સુઝે છે ? "

"નહિ. પણ—"

"બળાત્કાર યા ચાલાકીથી કંઇ થઇ શકશે ? "

"એ સભવિત છે."

"ગમે તેમ કર વ્હાલી ! હું તને સદર પરવાનો આપી દઉં છુ. એલીનરનુ શિયળ લુંટાયા વિના એનું અભિમાન તુટવાનુ નથી."

"ઠીક છે એક બે દિવસમાં વિચાર કરીને હું તમને કઇક માર્ગ બતાવીશ." બ્રેસે જવાબ આપ્યો.

બન્નેની વાતચીત પુરી થયા પછી હેરીએટ ઓરડામા દાખલ થઇ અને તેણે મિસ કલેરડનના આગમનની ખબર આપી. તરતજ પ્રિન્સ ઉઠયો અને ઓકટેવીયા જે રૂમમાં તેની રાહ જોતી હતી ત્યાં જઇ પહોચ્યો.

પ્રિન્સને જોતાંજ પ્રેમોન્મત્ત ઓકટેવીઆ તેને ગળે વળગી પડી. તેનાં નેત્રોમાંથી આનંદના આંસુ ટપકવા લાગી. પ્રિન્સે તેને વાસનાના પ્રબલ અગ્નિથી ધીખતા ચુંબનોથી અકળાવી નાખી પણ ઓકટેવીયા ભાનજ ભૂલી ગઇ હતી. તે આ બદમાસને પોતાનો સાચો પ્રેમી માનતી હતી. તેણે પ્રિન્સને પ્રતિચુંબનો લઇ આનંદ સાગરમા

ધકેલી દીધો અને થોડીવાર પછી પોતાના પ્રિયતમની હડપચી પકડી તેનું મ્હોં ઉંચુ કરી ઓકટેવીયા સ્નેહમત્ત નજરે તેનું સુંદર વદન જોઇ રહી. તેનાં નેત્રામાં પ્રગાઢ અનુરાગ હતો. પ્રિન્સ યૌવન અને સૌન્દર્યની આ બેનમુન પૂતળીને થોડીક પળ સ્થિર દૃષ્ટિ એ જોઇ રહ્યો અને તે પછી તેણે પોતાને હાથે ઓકટેવીઆની હેટ ઉતારી ઓવરકોટ કાઢી તેને એક સોફાપર બેસાડી અને પોતાનો હાથ તેની કમ્મરપર નાખી તે તેની પાસે બેસી ગયો.

"વ્હાલી! તને મળ્યા પછી જાણે યુગો વહી ગયા હોય એમ લાગે છે!

"મને પણ એમજ લાગે છે પ્રિયતમ! તમારા વિરહમાં હું જળ વિનાની માછલી પેઠે તડફતી હતી." મુલાયમ સ્વરે ઓકટેવીયાએ સસ્મિત જવાબ આપ્યો.

"ઓકવીયા! આજે તું કેટલી સુંદર જણાય છે?"

"તે તમેય કયાં કમી છો? તમારા જેવો સુદર યુવાન મેં દુનિયામાં જોયોજ નથી. વ્હાલા! આપણી જૂદાઇમાં જાણે વરસો વીતી ગયા હોય એમ લાગે છે પણ મારા દીલને દિલાસો દેવા માટે મને એક પ્યારી વસ્તુ મળી ગઇ હતી..." ભોળી યુવતી બોલી.

"શું?"

"તમારી છબી?"

"હા. તમારીજ છબી! કેટલાક દિવસ પર હું એક ચિત્રકારની દુકાને ગઇ હતી ત્યા મે પ્રિન્સ ઓફ વેલ્સની છબી જોઇ—"

"સત્યાનાશ!" પ્રિન્સ મનમાં ગણગણ્યો:

"હું પ્રિન્સની છબી ટીકીટીકીને જોવા લાગી એ છબી આબાદ તમારા જેવીજ છે. પોલીન પણ એમજ કહેવા લાગી. મેં એ છબી ખરીદી લીધી અને ત્યારથી એ છબી જોઇ જુદાઇની ગમગીની હું ભુલી જતી હતી. તમારા જેવુંજ વિશાળ લલાટ, આવાજ સુંદર વાળ, આજ મ્હોં—"

"વ્હાલી ! રાજકુમાર સાથે મારી તુલના કરી તું મારી પદવી વધારી દે છે. ઓકટેવીઆને ચુમી લઇ તે ધુર્ત પ્રેમી બોલ્યો.

"નહિ. નહિ. હું સાચું કહું છું. એવું અદ્‌ભુત મળતાપણું મેં કદિ જોયું નથી શું એ આશ્ચર્યની બીના નથી ?" પ્રિન્સના ગળામાં હાથ નાખી અનુરાગ ભરી નજરે તેના તરફ જોતી યુવતી બોલી.

"વ્હાલી ! આ દુનિયામાં એવા મળતા ચહેરા ઘણીવાર નજરે પડે છે. થોડા દિવસ પર તેં સર રીચર્ડ સ્ટેમ્ફર્ડના કેસની હકીકત છાપાઓમાં વાંચીજ હશે. અને તે પરથી તેં જાણ્યું હશે કે સર રીચર્ડનો ચહેરો પણ પ્રિન્સને આબાદ મળતો છે."

"હા. મેં કદિ સર રિચર્ડને જોયા નથી. તેનો ચહેરો પ્રિન્સ સાથે ગમે તેટલો મળતો આવતો હોય તેની મને દરકાર નથી. તમારો ચહેરો તો આબાદ રાજકુમાર જેવોજ છે વ્હાલા ! જરા પણ ફેર નથી. વ્હાલા ! હવે તમે મારા પિતાજી પાસે આવી મારા હાથની માગણી કરી જાઓને ? આવી ગુપ્ત પ્રેમલીલાની જો તેમને ખબર પડશે તો હું દુનિયામાં શું મ્હોડુ લઇ ફરીશ ?" ઓકટેવીઆ વિનીત સ્વરે બોલી.

"થોડા દિવસ ધીરજ ધર વ્હાલી ! બે ચાર અઠવાડીઆ થોભી જા."

"બેચાર અઠવાડીઆ ? એટલો વિલંબ શા માટે ?"

"જો વ્હાલી ! અમારા કુટુંબમાં કેટલીક તકરાર ચાલે છે એ જંજાળનો અંત ન આવે ત્યાં સુધી હું તારા પિતાજી પાસે આવી શકું એમ નથી. તું ગભરા ના હવે એક મહિનાથી વધુ વિલંબ થવાનો નથી." પ્રિન્સે ભોળી માશુકને બનાવી લીધી.

"વ્હાલા ! હું તમારા પર સમ્પૂર્ણ વિશ્વાસ રાખું છું. તમારી કુટુંબી તકરાર પતાવ્યા પછી મારા હાથની માગણી કરજો, પણ પિતાજીને મળવામાં શી હરકત છે ?"

પ્રિન્સ વિચારમાં પડયો. તેને લાગ્યું કે વારંવાર લગ્નની વાત ઉડાવવાથી ઓકટેવીઆના મનમાં સંદેહ પેદા થયો હશે. છબીની હકીકત સાંભળી તે હેબતાઇજ ગયો હતો. કદાચ છબી પરથી તે તેને ખરેખર ઓળખી લેશે તો બધી બાજી ધુળમાં મળી જશે અને કદાચ તેને રાજગાદી પરથી પણ હાથ ધોઇ નાખવા પડશે એ વિચારથી પ્રિન્સના હાંજા ગગડવા લાગવા લાગ્યા.

"વ્હાલા! બોલતા કેમ નથી?" અધીરી યુવતી બોલવા લાગી: "શું મારી વાતથી નારાજ થઇ ગયા? નહિ. નહિ. મારા જ્યોર્જ કદિ પણ મારા પર ગુસ્સે થાય એવા નથી. જ્યોર્જ ! વિચાર કરો. તમે મારા પ્રબળ પ્રેમની જેવી સાબીતી માગી તેવી મેં આપી છે. હું તમારા બોલને કાયદો માની વર્તી છુ. હવે તમે મારી વાત ન માનો? નહિ, વ્હાલા! તમારાથી એમ બનવાનુંજ નથી. મારા પિતા સાથે પીછાન કરી લેવામા શી હરકત છે? વ્હાલા! કોઇને કોઇ દિન તો તમારે તમારી પ્રતિજ્ઞા પૂરી કરવીજ પડશે ને?"

"એમાં તને કંઇ શક છે? વ્હાલી! આ વાત હમણાં જવા દે. થોડા દિવસ પછી તને ફરિયાદ કરવાનું લેશમાત્ર કારણ રહેશે નહિ. માશુકના હ્રદયમાં આશકને માટે અંધ વિશ્વાસ, સમ્પૂર્ણ યકીન અને અટલ શ્રધ્ધા હોવાં જોઇએ; નહિ તો પ્રેમની ધારા અખંડ રહી શકતી નથી." પાપીએ પ્રેમની ફીલસુફી રજુ કરી. ઓકટેવીઆની આંખોમાં આંસુ ભરાઇ આવ્યાં.

"તમને મારા પ્રેમપર સંદેહ છે? મારા પ્રેમની અચળતા વિષે શકા કરવી નિતાંત નિષ્ઠુરતા છે. જ્યોર્જ ! તમે મારા પ્રભુ છો—મારા હ્રદય દેવતા છો. જો તમે મારી સાથે દગો કરશો તો હું પાગલ થઇ જઇશ યા આપઘાત કરી મરી જઈશ. તમારા પ્રેમ વિના હું જીવી શકવાની નથી. તમારા પ્રેમ સ્મરણથીજ હું જીવી રહી છુ જે દિને હું પેલી છબી ખરીદી લાવી તે રાતે મેં એક ભયંકર સ્વપ્ન જોયું હતું—" બિચારીનો સ્વર કરૂણ થઇ ગયો. "જ્યોર્જ ! તે રાતે પોલીન

સૂઇ ગયા પછી કલાકો સુધી એ છબીને ટીકતી હું બેસી રહી હતી. તમારી મૂર્તિ મારા જીગરમાં અંકિત થઇ ગઇ છે. મને લાગ્યું કે એ છબી મને જોઇ મંદ મંદ હાસ્ય કરી રહી છે. મોડી રાતે હું સૂઇ ગઇ. મને સ્વપ્ન આવ્યું. જાણે આપણે બે કોઇ સુંદર બગીચામાં પુષ્પલતા વચ્ચે બેઠા છીએ. વસંત ખીલી છે આકાશ નિર્મળ છે. કુંજોમાં ફુલોનો પરાગ બહેકી રહ્યો છે. પક્ષીઓ મધુર ગુંજારવ કરી રહ્યાં છે. અહા ! કેવો આનંદ ! કેવું સ્વર્ગિય સુખ ! તે પછી કોઇ મોટી અમીરજાદીઓ મહા મૂલ્યવાન વસ્ત્રાલંકારો પહેરી આપણી પાસે આવી. તેમને જોતાંજ તમે એકદમ તેમની પાસે દોડી ગયા અને એવી રીતે વાત કરવા લાગ્યા કે જાણે તમે મને ઓળખતા પણ ન હો ! એ પ્રસંગે કોઇએ તમને પ્રિન્સ ઓફ વેલ્સ કહ્યા. તે સાંભળતાંજ હું મૂર્છિત થઇ ગઇ. હું જ્યારે ભાનમાં આવી ત્યારે મને જણાયું કે હું ઘોર અંધકારમાં પડી છું. કંઇ સુઝ્યું નહિ. ઝાડી ઝંખાર અને કાંટાની વાડોમાથી હું રસ્તો શોધવા લાગી. ઠંડીથી મારા કપડાં ભીજાઇ ગયા. એવામાં થોડે દૂર રોશની જણાઇ. હુ તે તરફ ગઇ. નજીક જતાં મને માલૂમ પડયું કે તે રોશની કોઇ દેવળની હતી. હુ ભાનભૂલી દેવળમાં ચાલી ગઇ. દેવળમાં લગ્નવેદીની આસપાસ શ્રીમંત સ્ત્રી પુરૂષોની મેદની મળી હતી અને વચમાં એક તેજસ્વી પુરૂષ ઉભો હતો. વ્હાલા ! એ તેજસ્વી પુરૂષ તમેજ હતા. તમારી બાજુમા એક રમણી તમારો હાથ પકડી ઉભી હતી અને ધર્મગુરૂ લગ્નના મંત્રો ભણતો હતો, એ જોતાજ મે ભયંકર ચીસ પાડી અને મારી નીદ્રા તુટી ગઇ. સ્વપ્નમાંની મારી ચીસ સાંભળી પોલીન જાગી ઉઠી. મેં તેને ભયનુ કંઇ કારણ નથી એમ કહી સુવાડી દીધી પણ સ્વપ્નનો ઇતિહાસ ન કહ્યો ! વ્હાલા ! એ રાત મેં કેવી બેચેનીમાં ગાળી છે તે મારૂં દીલ જાણે છે ! એ રાતથી આ ભયંકર સ્વપ્નનુ સ્મરણ થતાં હું કમ્પી જાઉં છું" વાત પૂરી કરતાં ઓકટેવીઆ ગળગળી થઇ ગઇ અને પ્રિન્સની છાતીમાં માથું છૂપાવી જાણે હમણાં રડી પડશે એવી થઇ ગઇ !

"વ્હાલી !–" કંઇ બોલવું જોઇએ એમ ધારી પ્રિન્સ તેના માથા પર વ્હાલથી હાથ પંપાળતો બોલ્યો: "સ્વપ્નાં તે કદિ સાચાં હોતાં હશે ? તું મારો ખ્યાલ કરતી કરતી સૂઇ ગઇ હતી એટલે સ્વપ્નાંમાં તને

હું દેખાયો હોઉં તે સંભવિત છે પણ સ્વપ્નાંમાં જે બનાવ બનવાની વાત તું કરે છે તે વાતજ તારા મનમાંથી કાઢી નાખ."

"તે તો હું ય જાણું છું પણ કોઇ કોઇવાર એ સ્વપ્નાંનો વિચાર કરતાં મને અનેક જાતની ચિંતા થાય છે."

"શી ?"

"વ્હાલા ! ખોટું ન લગાડશો. કોઇ કોઇવાર મને એવી ફીકર થાય છે કે તમે મને ખોટો પરિચય આપ્યો છે. તમે ખરેજ પ્રિન્સ ઓફ વેલ્સ છો. જો એમજ હોય, જો તમે ઇંગ્લંડના પાટવી કુંવરજ હો તો મારી શી દશા થાય? જો એમ હોય તો હું પાગલ થઇ જઇશ યા જાન પટકી નાખીશ કોઇવાર એવોય વિચાર આવે છે કે નહિ. જો તમે પ્રિન્સ હશો તો હું દિવાની થઇ જઇશ. નહિ–આપઘાત પણ કરીશ નહિ. જો પ્રિન્સ મારી સાથે લગ્ન કરવાની ના પાડશે તો હું મહારાજા પાસે જઇશ. તેમને પગે લાગી વીનવીશ, મારો હક્ક માગીશ. અને મારા સતીત્વને કલંકિત કરનારને સજા કરવાની અરજ કરીશ. વ્હાલા ! આવા વિચાર કર્યા પછી પુનઃ તમારા નિર્મલ પ્રેમનું મને ભાન થાય છે ત્યારે મને શરમ આવે છે ને મારી જાત પર ધિક્કાર આવે છે. મારા જ્યોર્જ એવા દગાબાજ નથી એવું ભાન થતાંજ હું તમારા પ્રેમમાં મસ્ત થઇ જાઉં છું અને તમને મળવાને અધીરી બની જાઉં છું. વ્હાલા ! મને માફ કરો. હુ તમારા પ્રેમમાં પાગલ થઇ ગઇ છું તેથીજ મને જાતજાતની શંકા કુશંકા થયા કરે છે."

"વ્હાલી ! ખોટી શંકા ન કર. હું પ્રિન્સ ઓફ વેલ્સ નથી પણ જ્યોર્જ હાર્લીંજ છું તે વિષે જરા પણ શક ન લાવ. થોડા દિવસ ધીરજ ધર. તે પછી તને સઘળી ખબર પડી જશે." પ્રિન્સ ગભરાઇને બોલ્યો.

"વ્હાલા ! ગુસ્સે ન થશો હો ! હું તો ગાંડી છું. તમે કહેશો ત્યાં સુધી હું તમારા પ્રેમ માટે થોભીશ. વ્હાલા ! મને માફ કરો–માફ કરો–" કહી ભોળી પ્રેમાળ યુવતી રોવા લાગી.

"વ્હાલી ! ઓકટેવીઆ ! રડ ના. તુંજ મારી આંખોની કીકી છે–" કહી પ્રિન્સે તેનાં આંસુ ચૂમી લીધાં.

ચોથો ભાગ સમાપ્ત.

પેશાબના ભયંકર દર્દોની છેલ્લામાં છેલ્લી અજાયબ શોધ.

ગોનોકીલર

(રજીસ્ટર્ડ)

પ્રમેહનો ચમત્કારીક ઇલાજ.

વઇદો અને ડોકટરોની દવાઓ અને ઇન્જકશનો લઇને કંટાળી ગએલા હો !

ચાહે તેટલા વરસનો જુનો યા નવો પ્રમેહ, ચાહે તેટલા પ્રમાણુમાં ભયકર કેમ ન હો ! પેશાબ મારગે રસી (પરૂ)નું વહેવું તેમાં થતી બળતરા, પેશાબ થોડો તથા અટકીને આવવો, ગુપ્ત ભાગની અંદર આવેલો સોજો, તથા થએલો જખમ અને સ્રીઓના ભયંકર પ્રદર અને પેશાબના રોગો વગેરે, પેશાબને લગતા સ્રી પુરૂષોનાં જડ કરી બેઠેલાં તમામ દરદોનો જડથી નાશ કરે છે અને સડેલી ધાતુને સુધારીને સ્વચ્છ અને ઘટ કરે છે.

૫૦ ગોળીની બાટલીની કીંમત રૂ. ૩-૦-૦ વી. પી. જુદુ.

એકલા બનાવનાર, | એજન્ટ,

ડા૦ ડી. એન. જસાણી | **એ. એમ. ઠક્કર દવાવાળા**

૧૪૦, ગુલાલવાડી, મુંબઇ નં. ૪. | રીદા બીલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ,

ગુજરાતી પ્રજાનું માનીતું

વિલાસ

(અઠવાડિક પત્ર)

તેમાં શું જોશો ?

તમારોજ અવાજ

સ્વરાજ્યની પ્રચંડ હાકલ

મિસ્ટરીઝ ઓફ ધી કોર્ટ ઓફ લંડન

અને

વિલાયતી કોકશાસ્ત્ર.

વશીકરણ વિદ્યા જાણી રમણીઓને સંતુષ્ટ કરવાની કામણગારી કલા શીખવા માટે આ કોકશાસ્ત્ર વાંચવા માટે વિલાસનાજ ગ્રાહક થઇ જાઓ.

તે ઉપરાંત ગ્રાહકોને ભેટનું પુસ્તક,

"ખૂની કે જાદુગર ?"

આપવામાં આવશે.

તે સિવાય દીવાળી અંક સ્પેશીયલ અંકનો પણ લાભ મળે છે.

વાર્ષિક લવાજમ રૂ. ૩

વી. પી. થી. રૂ. ૩–૪

વિલાસ ઓફીસ.

૯૮, હોળીચકલા, કોટ, મુંબઇ.

બુઢાપામાં બરૂં જીંદગીનું સુખ ભોગવવું હોય અને જુવાનીની ખરેખરી મજા લેવી હોય તો નીચેની પીલ્સ વાપરો. અને પુરતી ખાતરી કરો.

રાજા મહારાજા તરફથી મેળવેલા સોનાના ચાંદ તથા કિંમતી સર્ટીફીકેટ.

એક કલાકમાં.

ઈલેકટ્રીક પાવર પીલ્સના ચમત્કાર જોવા હોય તો નીચે વાંચો:

વધુ વીગત માટે રૂ. ૧ મોકલી કેટલોગ મંગાવો.

હરસ. મસા. ભગંદર. કંઠમાળ. સારણગાંઠ. (Hernia) [illegible] તથા અતીસારનો રામબાણ ઉપાય છે આયુર્વેદ [illegible] અજમાવશનાં રૂ. ૧૫૦

કીંગ ઓફ ટોનીક પીલ્સ —ખમની શક્તી મેળવવી હોય, કુદરતનો પુરજોસ પાવર જોવા હોય તો [illegible] ટોનીક પીલ્સ વાપરો. કીં. એક ગોળીના રૂ ૫

નાઈટ પીલ્સ—એક કલાકમાં અદભુત [illegible] તથા પુરજોસ પાવર પેદા કરે છે [illegible]. એક ગોળીના રૂ ૭

મહારાજા નાઈટ પીલ્સ—અડધા કલાકમાં ચમત્કાર બતાવે છે કીંમત એક ગોળીના રૂ. ૧૫ ને બેના રૂ ૧૦.

શક્તિ સંજીવન તેલ—નબળી પડી ગયેલી નસોને તેજ કરી પદર મીનીટમાં અજબ ચમત્કાર બતાવે છે. એકદમ શક્તીનો પુરજોસ પાવર લાવે છે કીં. એક તોલાના રૂ ૮૭૫ નં. ૨ રૂ. ૩૨૫

પેશાબને લગતાં ચેપી રોગોની—[illegible] દવા—ફક્ત [illegible] કલાકમાં ફાયદો બતાવે છે. એક અઠવાડીયાની અજમાયશના રૂ. ૧૭૫

આંખોમાં—[illegible], પડતી [illegible] તથા [illegible] તથા [illegible] નાખવાથી દુર થાય છે. કીંમત એક શીશીના રૂ. ૧૫

દુથ પાવડર—ફક્ત એક મીનીટમાં દાંત સફેદ ચળકતા બનાવે છે. હાલી પડે અને [illegible] બંધ કરી દાંતને મજબુત કરે છે કીંમત મોટી બાટલીના રૂ. ૩, નાની બાટલીના રૂ ૨.

લેડી નાઈટ પીલ્સ—આ ગોળીનો ચમત્કાર અજબ છે એકવાર વાપરવાથી ખાત્રી થશે. એક ગોળીના રૂ. ૮

લેડી ટોનીક પીલ્સ—ગુપ્ત દરદોને નાબુદ કરી અજબ શક્તી આપે છે. કીંમત એક ગોળીના રૂ ૪ અઠવાડીયાના રૂ. ૩૦

તારનું સરનામું—"DUBAL'—*Bombay*

દુબલ ફાર્મસી.

ગીરગામ, ટ્રામ ટરમીનસ,—મુંબઈ નં. ૪.

હુસેની બામ (રજીસ્ટર્ડ.)

માથું દુખતુ હોય, સરદી સલેખમ સખત કલકલાટ કરતાં હોય, રૂમેટીઝમ થયું હોય, હાથ પગના સાંધાઓ ઝલાઇ કે અકડાઇ ગયા હોય, કમર કે સાંધાઓમાં સખત પીડા થતી હોય તેમજ સધીવા કે એવા કોઇ બાજા વાથી પીડા થતી હોય ત્યારે આ જરૂર ઉપયોગ કરો કારણ કે દરેક જાતનો વા નાબુદ કરવાનો તે અદ્દભુત ગુણ ધરાવે છે. બાટલીની કીંમત–૦–૫–૦

"હુસેની" ઓઇલ ડીપો.

૬૧, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નં૦ ૨.

દરેક નાના મોટા શહેરોમાં એજંટો જોઇએ છે.

દરેક દવાવાલાઓને ત્યાં મળશે.

પરણેલા સુખ જોડાંને

તમો દીકરાના કે દીકરીના માબાપ થશો તે જાણવુંજ હોય તો

મહાન વિજ્ઞાન શાસ્ત્રીઓએ શોધી કાઢેલ યંત્ર મારફતે જાણી શકો ઘણુંજ સહેલુ છે.

એક ખરીદ કરી ખાત્રી કરી જુઓ.

ગેરંટી-સતોષ ન થાય તો પુરેપુરા પૈસા પાછા આપીશુ.

કીંમત નગ ૧ ની રૂા. ૨ા પોસ્ટ ફ્રી.

મહમદઅલી ઇસમાઇલજી,

૩૯૦, ભીંડી બજાર મુબઇ, ૯.